પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## || ૫૧ ||




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# ગુરુ ગ્રંથ બહુમાન પર્વ

### હસ્તાક્ષરનું અક્ષયપાત્ર - થીમ સૉંગ

હસ્તાક્ષર ફરમાવ્યા ગુરુવર! હસ્તાક્ષર ફરમાવ્યા,
હસ્તાક્ષર નહીં, હસતા અક્ષર તમે સદા રેલાવ્યા...

અંગૂઠા ને આંગળી વચ્ચે કલમ તમોએ ઝાલી;
તમે ગુરુવર રોજ લખ્યું ને દુનિયાને અજવાળી,
હસ્તાક્ષરનું અક્ષયપાત્ર... જાણે લાગે અભિનવ શાસ્ત્ર;
તમારા અક્ષરથી જીવોનાં જન્માક્ષર બદલાયા...

અક્ષરના આ મરોડમાંથી આગમ અંગ મરોડે;
શબ્દે શબ્દે નિશ્ચય ને વ્યવહાર ધરમને જોડે,
સદાકાળ છલકાતી કરુણા, વહેતા અધ્યાતમનાં ઝરણાં;
પ્રભુ - ગુરુ ને ગ્રંથનાં વચનો, સ્વર્ણાક્ષર કહેવાયા...

મંત્રતુલ્ય ભદ્રંકર વાણી સહજ મુલાયમ ભાષા;
શિવમસ્તુ - કલ્યાણ થજોની એક જ અભિલાષા,
દીનદયાળુ પરમ કૃપાળુ... પંન્યાસજીનું નામ નિરાળું;
પૂરવ ભવનાં પુણ્ય ઉદયથી પરમાક્ષર સમજાયા...

ધ્વનિ : શ્રી આલાપ દેસાઈ
રજૂઆત : ૧૪.૦૨.૨૦૨૧ દિને
'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન
ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, આરાધના ધામ.

રચનાકાર : પં.ઉદયરત્નવિજયજી ગણિ
પોષ સુદ ૧૦, સં.૨૦૭૭
રાત્રે : ૧ કલાકે, રામ પાવનભૂમિ

આ QR Code ઉપર કલીક કરતાં જ આપને
મોબાઈલમાં આ 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૫૧॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ VOLUME - 51

Year 2021
350 Copies / 224 Pages
For Private Circulation only.

☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai | Vadodara

☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



## અધ્યાત્મના આકાશમાં શુકનવંત એકાવનનો અનોખો ઉપહાર!

આ શ્રેણીનો ગ્રંથ ૫૦ પૂર્ણ થયો, ત્યારે શ્રી આરાધના ધામ તીર્થે પૂજ્યશ્રીઓની નિશ્રામાં 'ગુરૂ-ગ્રંથ બહુમાન પર્વ' યોજેલ, જેમાં પૂજ્યશ્રીનાં અમાપ-અનહદ ઉપકારોને ભીની આંખે યાદ કરાયાં, જેનો મુખ્ય સૂર એ રહ્યો કે આ ગ્રંથશ્રેણી ભવિષ્યમાં પણ અધ્યાત્મયોગનાં પ્રવેશક પુણ્યાત્માઓ માટે મહત્વની માર્ગદર્શિણી બની રહેશે.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોની યાત્રા અવિરતપણે ચાલી રહી છે, જૂઓ ૫૧ ભાગ તો તૈયાર થઈ પણ ગયા! જેમ જેમ અધ્યાત્મ અને તત્ત્વજિજ્ઞાસુ આત્માઓને આ ગ્રંથોના પ્રકાશન વિષયક ખબર પડે છે, તેમ તેમ આ અક્ષયપાત્રો મંગાવાય, દેશ-વિદેશમાં મોકલાય અને પત્ર/ફોન દ્વારા તેમના અંતરના ભાવો વ્યક્ત થતાં આવે... તે જોતાં એમ જ થાય કે પૂજ્ય સાહેબે શું અદ્દ્ભૂત આત્મચિંતન કર્યું છે... અપૂર્વ અનુપ્રેક્ષાઓ કરી છે કે જેથી આવા અનુપમ ભાવોને જીવનમાં સ્પર્શાવીને આપણા જેવા અનેકોનાં જીવનમાં વાસ્તવિકપણે ગુણસ્પર્શના કરાવવા ઉપકૃત બની રહ્યાં છે.

હમણાં અમારા શિષ્ય સમુદાય મધ્યે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન ચાલતું હતું, તેમાં સ્થિત માર્મિક ચિંતનમાંથી મોક્ષમાર્ગે ધપવાના ધોરીમાર્ગે સાથે જ વિહરીએઃ

'કૃતજ્ઞતા વિનાનો પરોપકાર એ અહંકાર-પરોપકાર વિનાની કૃતજ્ઞતા એ માયાચાર છે. પરોપકારને નિરહંકાર બનાવવા કૃતજ્ઞતાભાવની જરૂર છે. પાપોનાં મૂળરૂપ સ્વાર્થ અને પર-અપકારવૃત્તિ ભવ્યત્વભાવનો વિકાસ અટકાવે છે. મુક્તિગમનયોગ્યતા પરોપકાર-પરાયણતાથી જ વિકસિત થાય છે. સ્વાર્થવૃત્તિમાંથી પર-અપકારપરાયણતા જન્મી તે જીવના નિર્મળ સ્વભાવને પ્રગટાવતાં અટકાવે છે, જેને પ્રાપ્ત કરવા પરોપકારપરાયણ થવા કૃતજ્ઞતાગુણને વિકસાવવો જ જોઈએ. બીજાથી થયેલાં ઉપકારોનું જ્ઞાન થયા વિના થતી પરોપકારની ક્રિયા તો અહંકાર ને સ્વાર્થને જ પોષે છે. તેનાથી તો સ્વના વિસર્જનને બદલે ઉલ્ટું સ્વનું દ્રઢીકરણ જ થાય છે. ઉદારતા તથા નમ્રતા વડે સહજમલનો હ્રાસ થાય છે. તે બંને ગુણોનું સેવન એક સાથે નવકાર મહામંત્રના માત્ર પ્રથમ પદના જ આરાધનથી શક્ય બને છે, તેથી જ 'નમો' પદ કૃતજ્ઞતાનું સેવન છે અને 'અરિહંતાણં' પદ ઉદારતાનું પ્રતિક છે.'

આપણી આત્મજાગૃતિ માટે આ ખજાનો અસીમ ઉપકારક બની રહ્યો છે, તેના ગુજરાતીનાં ૬૦ ભાગથી પણ કવચિત્ અધિક સાહિત્ય બનશે, જ્યારે અંગ્રેજી તથા સંસ્કૃતમાં પણ પ્રાયઃ ત્રણ/ચાર ભાગ તૈયાર થશે, એવું પ્રતિત થઈ રહ્યું છે. ગુજરાતી સાથે ૧૦મા ભાગ તરીકે અંગ્રેજીનો પણ જૂદો ભાગ પ્રગટ થયો છે, તે આજની યુવાન પેઢીને અનેક રીતે આકર્ષી રહ્યો છે તથા હવે બીજા નવા અંગ્રેજીના ભાગો ક્યારે પ્રકાશિત થશે, તેની પણ પૃચ્છા આવી રહી છે, જેનાથી ભાવિમાં શાસનરક્ષાનો ભાર વહન કરનાર પેઢી પણ અધ્યાત્મમાં રસ લઈ રહી છે, તેનું ગૌરવ અનુભવાય છે.

આ ગૌરવરૂપ ગ્રંથો પ્રગટ કરવામાં અથથી ઈતિ આર્થિક જવાબદારી લઈને પરમ ગુરુભકત સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા** અત્યંત મહત્વની ગુરુભક્તિ આદરી રહ્યાં છે, તો રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** ૩૦થી વધુ સહયોગીઓને સાથે રાખીને પ્રતિ માસ સુચારુ રૂપે એક ભાગ પ્રકાશિત કરી આ ભગીરથ કાર્યને પાર પાડી રહ્યા છે, તેનો અત્યંત હર્ષ છે.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

# સમીપે કલ્પતરુ છતાં દરિદ્ર નથી રહેવું હવે...



વરસાદનાં ટીપાંને જો છબીમાં મઢાવી શકાય, તો જ 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' માટે શ્રી આરાધના ધામ તીર્થમાં હાજર રહી શકયો, તેનો મારો આનંદ વર્ણવી શકાય!

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' શ્રેણીનો પચાસમો ગ્રંથ જ્યારે મેં પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિના હસ્તકમળમાં અર્પણ કર્યો, તે પૂર્વે તે ગ્રંથને શિર ઉપર ધરીને નાચવા માંડું, તેટલો ઉલ્લાસ હૃદયે જન્મ્યો હતો. અગણિત કલ્પો અને યુગો પસાર થયાં, તેમાં તેઓના જીવિતવ્યનાં ૮ દાયકાનાં મહામૂલા સમયનાં સાક્ષી બનવા આ ગ્રંથો દ્વારા આપણે ભાગ્યશાળી બન્યાં છીએ, તે પણ તેમની જ કૃપા લેખીએ.


'જે ક્યાં જવું છે તે જાણે છે, તેને રસ્તો આપવા તો આખી દુનિયા આઘી ખસી જાય છે!' તેમ કહેતાં આજાનબાહુ-અજાતશત્રુ-ક્ષેમકંરા-ભદ્રંકરા એવા મારા ગુરુ મહારાજના વિચાર-વાણી-વર્તનમાં સદા વહેતી એકરૂપતા આજે ય રસ્તો બતાવે છે!

તેઓ જ કહે છે કેઃ 'ગુર્વાદિકનો યોગ પામી જે પ્રમાદ કરે, તે તળાવે તરસ્યો, ભર્યા ઘરમાં ભૂખ્યો અને સમીપે કલ્પતરુ છતાં દરિદ્ર સમજવો.' માટે હવે તો કલ્યાણપંથે મોક્ષ મેળવવા આપણી જ વારે વાર છે! આ કાર્ય કરવા મળ્યું છે, તેની કૃતકૃત્યતા સંગે કર્મથી લેપાયેલા તથા જડ આવરણથી યુકત પણ સ્વરૂપે શુદ્ધ એવા મારા આત્માની ઓળખ કરાવ્યા બદલ ગુરુ મહારાજના ચરણારવિંદમાં કોટીશઃ નમન.

મુંબઈ/વડોદરા

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





અમૃતદીધિતિબિમ્બસમાનનાં, ત્રિજગતીજનનિર્મિતમાનનામ્ ।
નવરસામૃતવીચિ સરસ્વતીં, પ્રમુદિતઃ પ્રણમામિ સરસ્વતીમ્ ॥

## ૐકારના દસ નામ તથા તેના રહસ્યાર્થ

(૧) વર્તુલ = સૂક્ષ્મરૂપે બિંદુ આકાર, વર્તુલાકાર, ગોળાકાર છે. વર્તુલો વડે નિર્મિત થયું છે, માટે તેનું નામ 'વર્તુલ' છે.

(૨) તાર = ઉપાસકોને ભવસમુદ્રથી તારે છે અથવા તેનું ઉચ્ચારણ ઉચ્ચસ્વરે થયું છે, માટે 'તાર' એટલે અતિ ઉચ્ચસ્વર.

(૩) વામ = પ્રિય, શિવ, શુભ, વામભાગ.

(૪) હંસ = જગાત્મા, મનુષ્યની નસ - નાડીઓમાં ધબકે છે અને તેના આધારે જ જીવન ટકી રહ્યું છે, માટે હંસ.

(૫) પ્રણવ = પ્રકર્ષથી સ્તુતિવાચક, મંત્રાદિ, શબ્દ.

(૬) બિંદુશક્તિ = શિવની મૂળભૂત શક્તિ.

(૭) ત્રિદૈવત = બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો વાસ.

(૮) પંચદેવ = અ = બ્રહ્મા, ઉ વિષ્ણુ, મ = મહેશ, કળા = નાદશક્તિ અને બિન્દુ = પરબ્રહ્મ.

(૯) બ્રહ્મ = વર્ણમાળાનો વિસ્તાર.

(૧૦) વિનેતૃ = વિશેષે કરીને મોક્ષ પ્રતિ લઈ જનાર. ૧૦૮ - ૧૦૦૮ અથવા અનંત ગુણવાળો માટે અનંત નામોને ધારણ કરનાર ૐકાર છે.

ક્લીં ઐં હ્રીં અર્હં હ્રીં હ્રીં અર્હં હ્રીં ઐં ક્લીં

## 'પ્રણવ' એ શીર્ષ ઉત્તમાંગ

સૃષ્ટિનો સર્વ વ્યવહાર શાસ્ત્રાધારે ચાલે છે. એ શાસ્ત્રોની સ્થૂલ ઉત્પત્તિ વૈખરી વાણીથી થાય છે. વૈખરી મધ્યમાથી, મધ્યમા પશ્યંતિથી અને પશ્યંતિ પરાથી ઉત્પન્ન થયેલ છે. એ ચારે વાણી તેમ જ મનુષ્યની તથા સૃષ્ટિની ૪ અવસ્થાઓનું 'પ્રણવ' એ સાંકેતિક ચિહ્ન છે, માટે જ તે સૃષ્ટિનાં શીર્ષ ઉત્તમાંગ ગણાય છે. આત્મતત્ત્વ એ મંત્ર છે, માનવદેહ એ યંત્ર અને સ્વરૂપ પ્રાગટ્યની સર્વોચ્ચ પ્રક્રિયારૂપ ધ્યાન એ તંત્ર છે. Books are not the road maps but sign board અર્થાત્ પુસ્તકો એ યોગમાર્ગનો નકશો નહિ, પરન્તુ યોગમાર્ગના નામનું પાટીયું છે.

Self reflection = અનુપ્રેક્ષા.

પ્રવચન = સૂત્ર - શબ્દ. અર્થ = શબ્દાર્થ - અર્થ.

પરમાર્થ = પ્રત્યય. પ્રત્યય = ઉપયોગ.

પ્રથમ શબ્દાકાર ઉપયોગ - Literal.

પછી અર્થાકાર ઉપયોગ - objective.

છેલ્લે ઉપયોગાકાર ઉપયોગ - Subjective.

Creative sound = અનાહત નાદ.

શબ્દનું જે પ્રકારનું સંયોજન હોય,
તે પ્રકારની આકૃતિ ઉત્પન્ન થાય છે અને
આકૃતિ મુજબ ભાષાની પણ અભિવ્યક્તિ થાય છે.
પ્રણવ એ ધ્વન્યાત્મક તત્ત્વ છે. આદ્ય અવસ્થામાં
પ્રણવનો ધ્વનિ યોગીપુરુષો તથા ભક્તજનોને સંભળાય છે.
મુખ્યત્વે તે ચિત્તવૃત્તિઓ વડે જ સંભળાય છે.
ધ્વન્યાત્મક પ્રણવમાંથી વર્ણાત્મક પ્રણવની ઉત્પત્તિ
થયેલી છે, તેથી તેને પણ પ્રણવ સંજ્ઞા પ્રાપ્ત થયેલ છે.

तेन स्याद्वादमालम्ब्य सर्व - दर्शन - तुल्यतां ।
मोक्षोद्देशाऽविशेषेण यो जानाति स शास्त्रवित् ॥१॥
तत्तन्त्रोक्तमखिलं अपुनर्बन्धकादि च ।
अवस्था भेदतो न्याय्यम् परमानन्द - कारणम् ॥२॥

અર્થઃ (બિંદુ આદિ ૯ વસ્તુને ઓમ્ સાથે જોડેલ હોય,
તો 'નાદ' કહેવાય છે) તે કારણથી મોક્ષના ઉદ્દેશ વડે
અભેદભાવે સર્વ દર્શનને તુલ્ય માનનારા એવા
સ્યાદ્વાદનું આલંબન લઈને જે જાણે છે,
તે શાસ્ત્રને જાણનાર જ્ઞાની છે. તેથી શાસ્ત્રોમાં કહેલું
સર્વ અપુનર્બંધકાદિનું સ્વરૂપ અલગ અલગ અવસ્થાના
ભેદથી પરમાનંદનું કારણ છે, એ વાત સંગત થાય છે.

## જે વિદ્યાથી અવિદ્યાનો નાશ થાય, તે વિદ્યા.

| | | |
|---|---|---|
| અ | = અધ્યાત્મ | આધ્યાત્મિક |
| ઉ | = ઉન્નતિ | ઉન્નતિ વડે |
| મ | = મુક્તિ | મોક્ષની પ્રાપ્તિ. |
| અ | = અવિરત | અવિરત |
| ઉ | = ઉપાસના | ઉપાસનામાં |
| મ | = મન | મનને જોડવું. |

तज्जपस्तदर्थ भावनम् । તે મનોજાપ = તે અર્થનું ભાવન, ઓંકાર નિર્દિષ્ટ આત્મતત્ત્વનું નિદિધ્યાસન. સારા કામમાં જે વિઘ્ન આવે છે, તે ધૈર્યની કસોટી કરવા આવે છે.

## ૐકાર શું અર્થ છે?

हितं जगावहं भद्रं कल्याणं मंगलं शिवं ।
तुष्टि - पुष्टिकरं सिद्धिप्रदं निर्वृत्तिकारणम् ॥१॥
निर्वाणाऽभयदं स्वस्तिशुभधृतिरतिप्रदम् ।
मति - बुद्धिप्रदं लक्ष्मीवर्धनं सम्पदां पदम् ॥२॥
त्रैलोक्याक्षरमेनं ये संस्मरन्तीह योगिनः ।
नश्यत्येवश्यमेतेषामिहाऽमुत्रभवं भयम् ॥३॥
चतुर्विंशतितीर्थेशैर्जैनशक्त्या विभूषितः ।
परमेष्ठिमयश्चैष सिद्धचक्रमयो ह्ययम् ॥४॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## મંત્ર ક્યારે બને ?

ધર્મ-અધર્મ મનોસ્થિતિ પર આધાર રાખે છે
તથા મનઃસ્થિતિ સુધારવાનું સાધન મંત્ર છે.
જે પદ ઉચ્ચાર વારંવાર મનન કરવામાં આવે, તે પદ
જે અર્થને કહે છે, તેનું જ્ઞાન અને શ્રદ્ધાન કરાવે છે.
જ્ઞાનનું સાધન મનન-નિદિધ્યાસન છે,
તે ઉદ્દેશથી એક પદ ઉચ્ચાર કરવામાં આવે,
ત્યારે મંત્ર બને છે.
એ મંત્ર પરમાત્મવાચક યા પરમેષ્ઠિવાચક હોય છે,
તેથી અંતરાત્મભાવ દ્વારા તે પરમાત્મભાવનું
સમ્યગ્જ્ઞાન અને સમ્યક્શ્રદ્ધા ઉત્પન્ન કરે છે.
એ રીતે મનઃસ્થિતિ ઉજ્જ્વળ બનવાથી
વચન અને કાય દ્વારા અસત્ પ્રવૃત્તિ રોકાય છે અને
સત્પ્રવૃત્તિ થાય છે, તેનું નામ 'ધર્મ' છે.

## મંત્રજાપ માટે સર્વશ્રેષ્ઠ દિવસો કયા ?

સૂર્ય-ચંદ્ર અને સૂર્યાદિ ગ્રહણના સ્પર્શથી ગ્રહણની
મુક્તિ પર્યંતનો સમય તથા આસો માસના કૃષ્ણપક્ષની
અષ્ટમી-ચતુર્દશીના દિવસો મંત્રજાપ માટે સર્વશ્રેષ્ઠ છે.
મનમુહૂર્ત અથવા ઉત્સાહમુહૂર્ત પણ શ્રેષ્ઠ ગણાય છે.

## મંત્રસિદ્ધિ માટે શું કરવું ?

ભક્ત ઓછામાં ઓછા ત્રણથી ચાર કલાક રોજેરોજ જાપ માટે કાઢવા જોઈએ, દશાંશ હોમ પણ કહ્યો છે. મંત્રના અક્ષરો જ્યોતિર્મય દેખાય અને ચિત્તવૃત્તિનો તેમાં લય થાય, ત્યારે મંત્રસિદ્ધિ નજીક ગણાય છે.

નામ વડે નાદ - નિર્વાણ - ઇચ્છામાત્રનું વિસર્જન - નિર્વિકલ્પતા - વીતરાગતા તથા આકૃતિ વડે રૂપ - જ્યોતિ - સ્વસંવેદનતા, અલખ - અગોચરરૂપતા, સર્વજ્ઞતા સધાય છે. નામ અને રૂપનો લય થાય, ત્યારે મંત્રસિદ્ધિ થાય છે. નામ જ્યારે નાદમાં અને રૂપ જ્યારે જ્યોતિમાં વિલીન થાય છે, તે વખતે અહં અને મમનું વિસર્જન થાય છે અને તેના સ્થાને દયા અને ક્ષમાનો ગુણ પ્રકટે છે.

ધર્મ મંગળ છે. તે શ્રુતરૂપ તથા ચારિત્રરૂપ બે પ્રકારે છે. શ્રુતધર્મ નામ-નાદરૂપ છે, ચારિત્રધર્મ રૂપ-જ્યોતિસ્વરૂપ છે. આત્મૌપમ્યભાવ શ્રુતધર્મથી જાગે છે તથા તે દયારૂપ છે, ઔદાર્ય ચારિત્રધર્મથી જાગે છે અને તે ક્ષમારૂપ છે.

સસિ ધવલા અરિહંતા રત્તા સિદ્ધાય સૂરિણો કણયા ।
મરગયાભા ઉવજ્ઝાયા સામા સાહૂ સુહં દિંતુ ॥૧॥
- શ્રી માનતુંગસૂરિ-નવકાર સાર થવણં-ગા-૭

(પરિશિષ્ટ-૨)

ॐ એ પરમાત્માનું મહામંગળકારી નામ છે.
ઓંકાર પંચવર્ણમય છે, તેથી પંચપરમેષ્ઠિમય છે. અરિહંત
શ્વેત વર્ણે અને સાધુ શ્યામ વર્ણે ધ્યાન કરાય છે.
શ્વેત વર્ણ સર્વવર્ણમય છે - દા.ત. જળ.
શ્યામ વર્ણ સર્વ વર્ણનો અભાવરૂપ છે - દા.ત. આકાશ.
લાલ, પીળો તથા વાદળી (નીલ) -
ત્રણે મૂળ રંગ શ્વેતમાં એકત્ર છે અને
શ્યામમાં એ ત્રણે વર્ણોનો અભાવ છે.
પંચવર્ણમય ઓંકારના જાપથી બુદ્ધિ સત્ તરફ દોરાય,
તો સદ્વિચાર અને સત્કર્મોની પરંપરા જાગે.
'ધિયો યો નઃ પ્રચોદયાત્ ।' અર્થાત્
હે પ્રભો! મને સત્ની પ્રેરણા કરો, જેથી મારી બુદ્ધિ
સદ્વિચાર અને સત્કર્મોમાં પ્રવર્તે અને હું
અજ્ઞાનદશામાંથી મુક્ત થઈ જ્ઞાનદશામાં આવું, મૃત્યુની
પરંપરામાંથી મુક્ત થઈ અમૃતાવસ્થાનો અનુભવ કરું.

केचिद् वदन्ति धनहीननरो जघन्यः,
केचिद् वदन्ति गुणहीननरो जघन्यः ।
व्यासोऽवदन्निखिलवेदपुराणवेत्ता
नारायण स्मरणहीन नरो जघन्यः ॥१॥ (परिशिष्ट-३)

## બ્રહ્મનાં સાંકેતિક લક્ષણો

ઓંકાર એ નકાર નહિ પણ હકાર છે.
પરબ્રહ્મ એ દેખાડવાની વાત નથી પણ
આપણી ભીતર જ જોવાની વાત છે.
નામ અને રૂપ - એ બ્રહ્મનાં સાંકેતિક લક્ષણો છે.
વિક્ષેપ = ચપળતા, ચંચળતા - વ્યામોહ - મલિનતા, મૂઢતા.
સાચાં સુખ શાંતિમાં છે પણ ક્ષુબ્ધતામાં નહિ.
એકલી ભક્તિ કે એકલા ભગવાન કલ્યાણ કરતાં નથી.
ગુરુજી - ઉપકારોના ભાવે ઉપજતી
બહુમાનપૂર્વકની ભક્તિ જ કલ્યાણકારિણી છે.
જ્ઞાનથી જાણી શકાય છે અને પ્રેમથી પામી શકાય છે.
દાનથી સંતોષ પોષાય છે, દયાથી ક્ષમાવૃત્તિ પોષાય છે.

## દયા અને ક્ષમા

દયા એ અંતરનો નાદ છે,
ક્ષમા એ આત્માની અપૂર્વ જ્યોતિ છે.
દયાની ઉત્પત્તિ કરુણાધર્મથી છે, કેમકે
કરુણાધર્મ આત્મૌપમ્યભાવ જગાડે છે.
ક્ષમાની ઉત્પત્તિ આર્જવધર્મથી છે, કેમકે
આર્જવધર્મ ઔદાર્યને વિકસાવે છે.

## રત્નત્રયરૂપ માયાબીજ હ્રીઁકાર


માયાબીજં લક્ષ્યં પરમેષ્ઠિજિનાલિરત્નરૂપં યઃ ।
ધ્યાયત્યન્તર્વીરં, હૃદિ સ શ્રી ગૌતમઃ સુધર્માદ્યઃ ॥૧॥

મંત્ર રાજ રહસ્યમાં કહ્યું છે કે: - મંત્રચિંતામણિ પૃ-૨૧૩

અર્થ : જે પંચ પરમેષ્ઠિ, ૨૪ જિનેશ્વરો અને જ્ઞાનાદિ રત્નત્રયરૂપ માયાબીજ હ્રીઁકારને લક્ષ્ય બનાવીને હૃદયમાં તેનું ધ્યાન ધરે છે, તે શ્રી મહાવીર પરમાત્માનું હૃદયમાં ધ્યાન કરનાર શ્રી ગૌતમ અને સુધર્મા ગણધર જેવો થાય છે.

### હ્રીઁકાર શું આપે છે?

તત્ત્વત્રયી, રત્નત્રયી, પંચભૂત, ૪ લોકપાલ, ૧૦ દિક્પાલ, ૯ ગ્રહથી સુરક્ષિત, સર્વ સિદ્ધિઓને આપનાર હ્રીઁકાર છે.




હ્રીઁકાર બીજમાં પંદરીયો યંત્ર

ડું = ધ્યાતા, ઉં = ધ્યાન, તે = ધ્યેય.

'માતૃકા' અર્થ...

માતિ = ઉત્પત્તિ, તરતિ = વિસ્તાર, કાયતિ = નાદ.

'વર્ણમાતૃકા' આત્માની પરમ જ્યોતિ, પરમ જ્ઞાનશક્તિ,
કુંડલિની છે, તેનું ઉન્મીલન - જાગરણ કરનાર
વૈખરી - મધ્યમાદિ વાણી છે.

એમાં સ્વરો ચંદ્રમંડલવાચી, વ્યંજનો સૂર્યમંડલવાચી તથા
ઉષ્માક્ષરો અગ્નિમંડલવાચી છે. - કુવલયમાળા

'બિન્દ્વાદીનાં નવાનાં તુ સમષ્ટિર્નાદ ઉચ્યતે ।'
અર્થાત્: બિંદુ આદિ ૯ વસ્તુને એકી સાથે કહેવા હોય,
તો 'નાદ' કહેવાય છે.

જ્યાં સુધી મંત્રનું અભેદચિન્તન ન થાય,
ત્યાં સુધી મંત્રાર્થ પ્રાપ્ત થતો નથી અને પરિણામે મંત્ર-
ચૈતન્ય પ્રગટતું નથી. પદસ્થધ્યાન મંત્ર અને મનની
એકતા કરાવનારું છે, અભેદચિન્તનના માર્ગે લઈ જનારું છે.

પૂજા પહેલાં શરીરસ્નાનની જેમ
ધ્યાન પહેલાં ચિત્તસ્નાનની જરૂર છે.

ધ્યાન ન લાગવું તે પણ એક દૃષ્ટિએ લાભદાયી છે, એથી
ચિત્તશુદ્ધિ કરવા માટે પ્રેરણા મળે છે, પ્રયત્ન થાય છે.

પરમાત્મા બહાર નથી, ધ્યાન માટે બહારની વસ્તુઓ
આલંબન બને છે. વાસ્તવિક પરમાત્મા અંદર છે,
હૃદયમાં છે. તેના ઉપર બુદ્ધિનું - હૃદયનું આવરણ છે.

અંદર જ્યોતિ છે પણ ઉપર આવરણ છે.
ફાનસની અંદર જ્યોત છે, ઉપર કાચનું આવરણ છે.
કાચ મેલો હશે તો જ્યોતિ સાફ દેખાશે નહિ.
પરમાત્માની જ્યોતિ અંદર છે, તે દેખાતી નથી, કેમકે
બુદ્ધિ ઉપર મેલ છે, તે સાફ કરો તો પરમાત્મા દેખાશે.
આ છે ધ્યાનની મુખ્ય પ્રક્રિયા.
મંત્રમાં બિંદુ તે આકાશ છે,
ચંદ્રરેખા તે વાયુ છે અને શિરોરેખા તે અગ્નિ છે.
અક્ષરાકારને જળ અને આધારસ્થાનને પૃથ્વી કહે છે.
મંત્રજ્ઞાન આ રીતે પંચ મહાભૂતોથી ઘટિત છે.
દેવતા એ મંત્રનું સ્વરૂપ છે.
દેવતાનો સત્વગુણ સર્જન કરે છે,
રજોગુણ રક્ષણ કરે છે અને તમોગુણ પ્રલયકારી છે.
કવિ દંડી કહે છે કે:
इदमन्धं तमः कृत्स्नं जायेत भुवनत्रयम् ।
यदि शब्दाह्वयं ज्योतिरासंसारान्न दीप्यते ॥ અર્થાત્:
જો 'શબ્દ' નામની જ્યોતિ આખા સંસારમાં
પ્રગટતી ન હોય, તો આ ત્રણે ય ભુવન
સંપૂર્ણ અંધકારમય થાય.

Basic coordinates
- ઈક્ષણ = ભાતિ
- કામ = પ્રિયમ્
- સંકલ્પ = કલનમ્ - આનંદ
- તપસ્ = અર્ધમાત્રા - બિન્દુ - નાદ.

નાદ = { self - focussing / unlimited expansion.

Code Book
- અક્ષમાલા = મંત્ર, કમંડલુ = યંત્ર.
- હંસ = swan = તંત્ર.
- અક્ષ = Axis = નાભિ - ભાલ.

## અર્હં મંત્રની અર્થભાવના

વસુધૈવ કુટુંબકમ્ । આખી પૃથ્વી કુટુંબ છે.

મિત્તી મે સવ્વભૂએસુ । મારે સર્વ જીવો પ્રત્યે મૈત્રી છે.

શિવમસ્તુ સર્વ જગતઃ ।

જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ.

## અર્હં મંત્રના જાપ - સ્વાધ્યાયથી પ્રકટે ૭ ગુણ

आयहिअपरिण्णा[૧] भावसंवरो[૨] णवणवो य संवेगो[૩]
णिक्कंपया[૪] तवो[૫] णिज्जरा[૬] य परदेसियत्तं[૭] च ।

આત્મહિતપરિજ્ઞા, ભાવસંવર, નવનવા સંવેગ, નિષ્પ્રકંપતા, તપ, નિર્જરા અને પરોપકારકુશળતા.

ॐ = ઉપયોગ, અર્હં = ઉપગ્રહ.

'ॐ અર્હં' મંત્ર ઉપયોગ - ઉપગ્રહ ઉભય લક્ષણયુક્ત છે. 'જિનસ્વરૂપ તે નિજસ્વરૂપ' અને 'નિજસ્વરૂપ તે જિનસ્વરૂપ' છે, એમ નિશ્ચયનયથી બંનેનો અભેદ છે.

જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે સહી ભૃંગી જોવે રે. ... (૧)

વ્યવહારથી ભેદ ચિત્તશુદ્ધિમાં ઉપકારક છે, એથી સેવ્ય-સેવકભાવ કેળવાઈ દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના થાય છે. નિશ્ચયથી અભેદ એ સમાપત્તિમાં હેતુભૂત થાય છે. ઉભયનયે થતો નમસ્કાર પોતપોતાના સ્થાને બળવત્તર છે. બંને નયોનું ઘણું નમસ્કારમાં જીવન પાપધ્વંસનો અને ઉત્કૃષ્ટ મંગળનો હેતુ બને છે. 'ॐ અર્હં નમઃ।' મંત્ર શુદ્ધ સ્વરૂપનો શાંત સ્વીકાર તથા તેમાં પ્રબળ નિમિત્ત પ્રધાન પરમેષ્ઠિનો પરમ ઉપકાર - ઉભયને બતાવે છે, પાંચે પરમેષ્ઠિમાં અભેદ સમાપત્તિ અને તે દ્વારા થયેલ કે થનાર સિદ્ધિને સૂચવે છે. સર્વ ઉપકારી તત્ત્વોનો અત્યંત સંક્ષેપમાં સંગ્રહ થઈ જાય છે. પરમાત્મા એક જ છે, તે ઉપયોગરૂપ પણ છે અને ઉપગ્રહરૂપ પણ છે. ઉભય સ્વરૂપનો સ્વીકાર એ પ્રકૃતિનો બોધક છે.

અહંમાંથી અર્હંમાં જવું એટલે અલ્પમાંથી મહાન બનવું.

અહં એ કોલસો છે તો અર્હં એ હીરો છે.
અહં અભિમાન છે તો અર્હં નિરભિમાન છે.
અહં વાસના છે તો અર્હં વાત્સલ્ય છે.
અહં કષાયપુષ્ટિ છે તો અર્હં કષાયમુક્તિ છે.
અહં રાગ-દ્વેષ છે તો અર્હં અરાગ-દ્વેષ છે.
અહં સ્વાર્થભાવ છે તો અર્હં પરાર્થભાવ છે.
અહં ગુણવૃંદનો છેદ છે તો અર્હં ગુણવૃંદની પુષ્ટિ છે.
અહં ભયભીતતા છે તો અર્હં નિર્ભયતા છે.
અહં વિનિપાત છે તો અર્હં સર્વોદય છે.
અહં બરબાદી છે તો અર્હં આબાદી છે.
અહં એ વાસનાનું ઘર છે તો અર્હં ભાવનાનું ઘર છે.
અહં એ કારાગાર - કેદ છે તો અર્હં મુક્તિ - સ્વાતંત્ર્ય છે.
ૐ એ અહંનો વિરોધી મંત્ર, હ્રીં એ મમનો વિરોધી મંત્ર.
અર્હં એ અહંનો પ્રતિપક્ષ મંત્ર, નમઃ એ મમનો પ્રતિપક્ષ મંત્ર.
ૐ હ્રીં અર્હં નમઃ । 'નાઽહં ન મમ' મોહનો પ્રતિપક્ષ મંત્ર.
ૐ એ ધર્મરાજાનો મંત્ર, 'અહં મમ' મોહરાજાનો મંત્ર છે.
ૐ = નાઽહં, હ્રીં = ન મમ, અર્હં = અહંનો નાશક મંત્ર.
અર્હં એ આત્માનો મંત્ર છે, અહં એ પુદ્ગલનો મંત્ર છે.

વર્ણ = Power formula.

V = Closed store - unworked out,
my ગુહા of power seed.

A = Place - સ્થાનાન્તરિતકરવું ।

R = Fire - Releasing factor, seed grows.

N = Summit of ઉડ્ડાનનું process.

A = વિશિષ્ટ આવિષ્કૃત, accomplished result.

વર્ણ - વાણ as an element,
it possesses basic characteristics
colaborative factors.

Va = વારિ - ગુહા - Stored energy.

r = અગ્નિ - આરા - Aras.

na = પૂર્ણતા - Nemi - accomplished.

Arna + v - Sea complete.
Moving energy alone.

સ્પંદ - સ્પંદન, તે છંદ વિના સર્જન છે.

Creative harmony.

ઋતમ્, Law, Rule, Norm.

Everything has core of law.

આને 'આત્મારોહ' કહે છે.

આપ = ascent to the consciousness of reality of જ્યોતિ, અમૃતમ્, સમાહૃતિ.

Coming back to what is your own.

Causal Waters = ચૈતન્ય પરમાત્મા.

અનંતનાગ - કુંડલિની શક્તિ.

નારાયણ - પદ્મનાભ = નાભિમાંથી કમળ.

પ્રજાપતિ - પદ્મયોનિ = કમળમાંથી ઉત્પત્તિ.

હંસવાહન - હંસ = બ્રહ્મ અને વાક્ - બે પાંખો.

પ્રજાપતિ - જળ, અક્ષમાળા, કમંડળ, ૪ પાંખડીરૂપી ૪ મુખ.

ભાસ - ભાન = knowledge, wisdom.

પ્રણવ, બ્રહ્મ, છંદ, રસ, વાક્, માતૃકા - વર્ણ, પલ્લવ.

4 phases of ચતુર્મુખ બ્રહ્મા

પાદ = extent, માત્રા = measure,

કલા = phase, કાષ્ઠા = limit.

4 types of vak - વાક્

પ્રત્યેક વાણીની ચાર બાજુ છે:

વસ્તુ - દ્રવ્ય, શક્તિ - ભાવ,

છંદસ્ - નામ - નાદ - norm, આકૃતિ - સ્થાપના.

બીજ constitues the core of a thing
or શક્તિ operates according with ઈશ્વર-
ને દ્વારા function is initiated in definite
ways or lines. Evolve a definite form
and pattern of excistence.

Each man & thing have their બીજમંત્ર।
seed - power ॐ અર્હં નમઃ।
ધ્વનિ સપ્તક = sound octave.

Each letter is the primary root
or ધાતુ of a definite meaning.
સ્વાભાવિક શબ્દ, પરશબ્દ - શબ્દ તન્માત્રા.

Combination of letters signfy
definite things and their functions.
Root vibration - complex is પરશબ્દ,
root cause of અપરશબ્દ.
Because of the root vibration,
audible sound arises.
અપરશબ્દ is a manifest - complex.
પરા વિના પશ્યંતી આદિનું અસ્તિત્વ નથી.

Beyond પરશબ્દ is the region of complete quietude = શાંતાવસ્થા.

અપર શબ્દ : સ્વાભાવિક - અસ્વાભાવિક.

Natural & artificial - સાંકેતિક.

અપર શબ્દ - સ્થૂલ વૈખરી.

સૂક્ષ્મ મધ્યમા - પશ્યંતી - પરા = શબ્દ તન્માત્રા.

અપરા શબ્દ has shakti — સાંકેતિક અભિધાશક્તિ, ધાતુપ્રત્યય - નિરુક્ત } પરા શબ્દ is power. સ્વાભાવિક શક્તિ - સ્ફુરણા

પ્રજાપતિ - બ્રહ્મા - શબ્દતન્માત્રાના, pure sound elements. સ્વયંભૂ - વાયુ+અગ્નિના રૂપ નારાયણ. કમંડળ = Water bowl - ગંગાજળનું પાત્ર. શબ્દને સાંભળવાની શક્તિ vedic current of sound.

મધુ - કૈટભ - આસુરી - આવરણો.

નારાયણના કાનનો મેલ - રજો - તમોમલ.

Implification = Significance.

છંદસ્ = Harmonious સ્પંદ.

Homeline = સુસંગત છંદોમય. છંદોમય = શુભાસ્વ.

સ્વરછંદ = unharmonious = અશુભાસ્વ.

મધુ - કૈટભ - ઇડા - પિંગલા નાડીમાં પવનનું વહન -
કાદિવિદ્યા for પ્રેયસ્ and
હાદિવિદ્યા for શ્રેયસ્ - નિ:શ્રેયસ્.
નામ - રૂપાત્મકં જગત્ | જગત બાહ્યની જેમ જ
અભ્યંતર પણ હોય છે, તે નાદ જ્યોતિરૂપ છે.
હ્રીં લેખા પ્રત્યેકની ભિન્ન છે.
'હૃલ્લેખા' ભિન્ન હોવાથી નામ - રૂપમાં ભેદ પડે છે.
હ્રીં પરમેશ્વર અથવા મહેશ્વર છે.
શક્તિકૂટ Basic pattern હૃલ્લેખા નાભિસ્થાને છે.
શક્તિકૂટ - શક્તિગૂઢ = magnet.
શક્તિવ્યૂહ એ એનું manifestation છે.
શક્તિવ્યૂહ = magnetic field.
Natural sound = મંત્ર, N. form = યંત્ર.
Basic pattern લિપિ - હૃલ્લેખા ત્રણ પ્રકારે:
આકૃતિ crystal, ક્રિયારૂપ અને શક્તિરૂપ.
સૃષ્ટિધારા = Current of creation.
physical, vital, mental, supra - mental (વિજ્ઞાનમય) and bliss (આનંદમય).
Each has natural pattern = યંત્ર.

યંત્ર can be Visualised by meditation.

Each thing has - અર્ધનારીનટેશ્વર.

Male power centre - નાભિ.

Female non - dual entity = શાંતાકારા અદ્વૈત Bereft of all disturbances.

core centre - શાન્તિબિન્દુ.

system of forces, cluster of forces with centre - nuclear charge.

આંતરયંત્ર is out of physical grasp.

Basic causal pattern ઇલેક્ટ્રોનો core.

નાદ = વ્યાવૃત્તિ, Limiting.

ઝ = ઋજુવૃત્તિ, Seperating from seedpower.

રિ = પ્રત્યાવૃત્તિ, Returning to original.

ઈં = પરિવૃત્તિ, સંપ્રસારણ, spiral movements.

ગા = પરાવૃત્તિ, ઊર્ધ્વ ગતિ, ascendental Progress.

ઊi = સમાવૃત્તિ, સામરસ્ય, સમાસ, unification.

સ ન આ વ ગ ત ર ઈ = going beyond the mortal or impermanent to immortal or permanent being.

અ અ = અનુભૂતિ
ર ઉ = ઉપલબ્ધભૂતિ
હ મ = મહોદય, પ્રકૃતિ
} પ્રત્યાભૂતિ

મ નાદબિન્દુ = પરાભૂતિ દ્વારા - તુર્ય અવસ્થા.
શાંત કે શાંતાતીત એટલે સમાભૂતિ દ્વારા - તુર્યાતીત.

સમ = મધુમતી - મધુર પરિજ્ઞાન.
આ = ગાયત્રી - ઉત્કર પરિજ્ઞાન.
ભૂતિ = હંસવતી - કર્મ પરિજ્ઞાન બીજખંડયુક્ત.
પરાભૂતિ = નાદ - બિન્દુ, સમાભૂતિ = સમ + આ + ભૂતિ.
સમાભૂતિ = શાંત - શાંતાતીત, તુર્ય - તુર્યાતીત.

સમ = મધુમતી ઋક્ - ભક્તિ } સમ
આ = ગાયત્રી ઋક્ - જ્ઞાન } સામ
ભૂતિ = હંસવતી ઋક્ - કર્મ } સાત્મ

સ = સત્ય = Truth = સમ પરિજ્ઞાન.
મ = મધુ = Love = મધુર પરિજ્ઞાન.
આ = આનંદ - bliss = સાત્મ પરિજ્ઞાન.
વ = એકત્વ, essential unity.
ઋ = ઋત Law, ત = તરવું Release (સંતોષ)
ત = તૃપ્તિ - Satisfaction.

ૐ = (પ્રત્યાહૃતિ ધારા)
- अ = अनुवृत्ति - seed power
- उ = ઉદ્દેશ - ઉન્મેષ, ઉપશમવૃત્તિ
- म = ભિન્ન છંદ, મહેશ, મુક્તિ,

બિન્દુશક્તિ, સાક્ષી - Desired goal.

નાદ, બિન્દુ { પરાવૃત્તિ ધારા

નાદ - શાંત, શાંતાતીત { સમાવૃત્તિ ધારા — unruffled - beyond.

'ૐકાર એવ ઇદં સર્વં ।'

All things are grounded in ૐકાર.

નમો = સૌકડો, अरिहंताणं = બારાખડી.

'નમો' વડે સત્યાસત્ય વૈરાગ્ય આવે,

'अरि' વડે અનાસક્તિ - 'हंताणं' વડે સર્વસ્પર્શી ગુરુ.

'मंत्रमूलं गुरोर्वाक्यं ।' 'गुरुस्तारमूर्तिः ।'

'પંચમાત્ર પ્રણવ' પ્રણવનું શક્તિમંત સ્વરૂપ = ગુરુ.

અર્ધમાત્ર = અનુસ્વાર - Resonance.

°

By taking shelter in Sree Guru or ૐkar, five Koshas are cleansed and purity of Self - સ્વારસ્ય - આત્મપદ પ્રાપ્ત થાય.

નાદની ઉત્પત્તિ નાભિથી છે.

નાદનિર્વાહ ઇચ્છામાત્રનું વિસર્જન કરાવે છે, નિર્વિકલ્પતા, નિરીહતા અને વીતરાગતા જગાડે છે. જ્યોતિની ઉત્પત્તિ આકૃતિથી છે. આકૃતિ જ્ઞાનને, સ્વસંવેદનતાને અને સર્વજ્ઞતાને ઉત્પન્ન કરે છે. નામોપાસના વીતરાગતા - આકૃતિઉપાસના સર્વજ્ઞતા આપે. વીતરાગતાથી દ્રવ્ય તથા સર્વજ્ઞતાથી ભાવ વિશુદ્ધ બને છે. સર્વજ્ઞતા પ્રકાશ આપે, વીતરાગતા નિર્મળતા આપે છે.

નામ - આકૃતિ - દ્રવ્ય - ભાવ વડે અહીં જગતને પવિત્ર કરતા પાંચે પરમેષ્ઠિઓ અહીં કાળમાં - ચૌદે લોકમાં વિજયવંતા વર્તે છે, જયપ્રદા = જય - વિજય આપે છે, મંગલકારિણઃ = મંગળ - કલ્યાણ કરે છે, સૌખ્યપ્રદા = સુખ - સંપત્તિ અને આનંદ આપે છે.

જપ વડે થતી કોષોની શુદ્ધિ

આહાર - અન્નમય કોષ, આચાર - પ્રાણમય કોષ, વિચાર - મનોમય કોષ, પ્રચાર - વિજ્ઞાનમય કોષ, will સંચાર - આનંદમય કોષ, Bliss - radiation.

મૂર્તબ્રહ્મ = આદિત્ય - અગ્નિ - ભાતિ.

અમૂર્તબ્રહ્મ = અદિતિ - અદ્વૈત oneness.

<u>Restraining factors in japa</u>

<u>To be won through 4 ways:</u>

(૧) <u>પ્રતિરોધ</u> = Due to time - Temporal setting. To be won through અભ્યાસદ્વારા.

(૨) <u>અવરોધ</u> = Due to space - Confinement To be won through વૈરાગ્યદ્વારા - Detachment.

(૩) <u>નિરોધ</u> = Due to દ્રવ્ય - Subdual - objects or apparatus To be won through અનાસક્તિ ભાવ - non-attachment.

(૪) <u>વિરોધ</u> = Due to મન - Opposition Interference - આત્મશક્તિદ્વારા

Beyond all contacts - Transcendence (Divine grace works here)

(૨૫) <u>સ્વરૂપ</u>-વસ્તુરૂપ-Things in itself - સાક્ષાત્કારાલાંઈ.

<u>સારૂપ્ય</u> - Resemblance - Similarity.

<u>સ્વરૂપ</u> - સ્વભાવનું સાદૃશ્ય - Self - sameness.

<u>પ્રતિરૂપ</u> - પ્રતિબિંબ ભેદ - Exactness - image.

<u>એકરૂપ</u> - oneness - identity - result of which discordance removes.

| | | |
|---|---|---|
| આહૃતિ | નમો | अरिहंताणं |
| | નમો | |
| અનુહૃતિ | अ | अरि (સિદ્ધાણં) हंताणं |
| પ્રત્યાહૃતિ | रि | सि (आयरियाणं) द्धाणं |
| પરિહૃતિ | हं | आय (ઉવજ્ઝાયાણં) रियाणं |
| પરાહૃતિ | ता | ઉવજ્ઝાયાણં |
| સમાહૃતિ | णं | લોએ સવ્વસાહૂણં |

એસો પંચ નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો |
મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલં ॥૧॥

०

ધરિત્રી = ક્લીં

It is a manifest condition of the principles of creation -
Trinity of સોમ, સૂર્ય, અગ્નિ symbolising
સોમ = નાદ, સૂર્ય = બિંદુ, અગ્નિ = કલા.
अग्रज = અવ્યાકૃત, અવ્યક્ત, અવિદ્યા -
principle of reservation or principle of creation remains hidden in the beginning -
The first manifestation is ક્લીં.

ऊर्वी, अति विस्तीर्णा। मह्यां ऊर्वी प्रथस्व। <u>અર્થ:</u>
પૃથ્વી અતિ વિસ્તારવાળી છે. પૃથ્વી પાણીમાં ડૂબેલી છે.
सूक्ष्म - निगोद - इदमग्रे आसीत्। <u>कठोपनिषत्</u> મુજબ:
यच्छेत् वाङ्मनसि प्राज्ञ: तद्यच्छेत् ज्ञानमात्मनि।
ज्ञानमात्मनि महति नियच्छेद् तद्यच्छेत् शान्तमात्मनि।
<u>અર્થ:</u> ડાહ્યો મનુષ્ય વચન અને મનમાં જે જ્ઞાન
પ્રાપ્ત કરે છે, તે આત્મામાં પ્રાપ્ત કરવું જોઈએ.
જે જ્ઞાન આત્મામાં અને અંતઃકરણમાં વ્યાપક છે,
તે જ આત્મામાં શાંતિ પ્રાપ્ત થાય છે.

<u>मनसि</u> = મધ્યમા વાણી - ઉપયોગરૂપ.
<u>आत्मनि</u> = ઉપયોગાકાર - કાલિક - eternal.
<u>महति</u> = સર્વવ્યાપી - infinite.
<u>शान्तात्मनि</u> = તુર્ય - તુર્યાતીત.

અવ્યક્ત એક નિગોદરૂપ અને બીજું સિદ્ધસ્વરૂપ.
અવ્યક્ત = અમૂર્ત, મધ્યમા = સુષુમ્ણા નાડી.
બ્રહ્મની પ્રથમ અભિવ્યક્તિ - Revealing
- આદિ:રૂપ ઓંકાર - પ્રણવ ઇ.
Basic Expression is आकाश - ब्रह्म.
તેનું function dynamic principle ઇ.

हं = आकाशबीजम् ।

પ્રકાશ = સત્ત્વ - Static - શિવ.

अर्हंकार = ઋત - dynamic - ઉત્પાદ - જીવ.

ॐ अर्हं = complete mantra.

अ = શિવ. ઉ = ઉચ્છૂનદશા, ઉપક્રમવૃત્તિ.

મ = પ્રકૃતિ, પરમેશ, ultimate reality,
ground of everything,
બ્રહ્મ, સાક્ષિજ્ઞાન તત્ત્વ, સચ્ચિદાનંદ, સર્વાધાર.

વિશ્વાધાર = આકાશ

Basis of the created universe.

ધરિત્રી = પૃથ્વી

Basis of all individuality - વ્યક્ત્યાધાર

વાયુ = principle of motion
in space and time continuum.

અગ્નિ = principle of diversification of
energy in distinct form.

જલ = dissolution સિદ્ધાંત. સલિલ = લીલાસરિત.

o

No. 7 denotes perfectness according to
12 numbers (સાતનાગ, સાતભેદ, સાતલોકા).

દ્વૈત = Seperation, વિષમતા = disharmony.

unification = મધુછંદ.

ઋધુછંદ = Progress towards supreme being.

સમતા = perfect balance.

Balance by સમાહૃતિ must be retained up to physical and practical life.

સમાહૃતિ સાધનાની પ્રાર્થના

'હંસ: સોઽહં ।' ઉચ્ચારણ

અસતો, તમસો, મૃત્યોર્મા.

આત્મારોહ of સમાહૃતિ = ascendence from lower to the highest.

વિ + ઓં = વ્યોમન્, વિરાટ્ ।

આવિ: = Expression of prakash of Om.

o

સ્વ: - સોમ = ક્રિયાત્મક રૂપ - ગતિ - નાદ - patency.

ભુવ: - સ્વરૂપ = Store house is બિન્દુ - potency.

ભૂ: - અગ્નિ = કલા - partial.

સવિતા / સાવિત્ર { આવિ: = light. રાત્રિ = Darkness; આવરણ - masking - covering.

આવિઃમાં આ = ગતિ - વાયુ, વિઃ = વિદ્યુત, ર = વહ્નિ ।

વાયુ, વિદ્યુત, વહ્નિ = Trinity of આવિઃ ।

આકાશ = શબ્દબ્રહ્મ, ચિદાકાશ.

ઋત = મહાકાલી, સત્ય = મહાસરસ્વતી,

મહાલક્ષ્મી = સત્ય અને ઋતનો મધુછંદ.

ઋત - Beyond all duality and lends us in the permanent સત્ય.

ૐ = સત્યં; અર્હં = ઋતં ।

'સત્યં ચ ઋતં ચ ૐ અર્હં નમઃ!'ની ઉપાસના કરવી.

નામ = નાદ અને રૂપ = જ્યોતિની ઉપાસના વડે સત્-ચિત્ - આનંદસ્વરૂપ આત્માની ઉપલબ્ધિ થાય છે.

## યોગ સાધવા શું શું જરૂરી ?

નાડી - પવન સંયોગનું પરિજ્ઞાન અને પાંચ સકારનું ઉદ્દીપન - એ બે પ્રક્રિયા રહિત ઘણુંય કરીશે પણ યોગ સાધી શકતો નથી.

| | | |
|---|---|---|
| સ્વરોદય | = | પ્રાણનો ઉદ્ગમ |
| સૂર્ય - ચંદ્ર નાડી | = | વિરતિ - અવિરતિ |
| નાસિકા | = | આસ્તિક્ય |
| પાંચ સકાર | = | પાંચ આચાર. |

બોધશક્તિ = સ્વરૂપપ્રતીતતા - સ્વરૂપ.

સમુચિત શક્તિ = કૃતોપધાયકતા - સત્ વ્યાપારવત્.

વ્યક્તિથી ભિન્ન છે, તે જે

આત્મતત્ત્વમાંથી વ્યક્ત થાય છે, તે આત્મતત્ત્વ એક જ છે.

સત્, સત્તા, સંભૂતિ, ચિત્, આનંદ. ૐ હ્રીં અર્હં નમઃ।

ૐ = નિર્ગુણનિરાકાર, હ્રીં = સગુણસાકાર,

અર્હં = બ્રહ્મવિહાર.

'નામ અને બ્રહ્મ - બે એક જ છે.'

એનો અર્થ નામની જેમ બ્રહ્મ પણ નમનશીલ છે. બ્રહ્મનું નામ ૐકાર છે અને ૐકાર એ બ્રહ્મ છે.

અહીં ઓંકાર એટલે હકારવાચક, નમનશીલ, elastical, અનંત ધર્માત્મક હોવાથી સર્વ બાજુએથી સર્વને સ્વીકારનાર. તેને positive પણ કહી શકાય. નકારનો નિષેધ તે હકાર છે અને હકાર તે નમનશીલ છે, તેથી નામ અને બ્રહ્મ એ પર્યાયવાચક છે.

બ્રહ્મની નામ બાજુ elasticityની ઉપાસના એ મોહનો છેદ કરવા માટે ઉગ્ર છે, તેથી બ્રહ્મની નામ બાજુની ઉપાસના આપણે કરીએ છીએ. પૃથ્વી અને સ્વર્ગ - ઉભયને તે ધારણ કરે છે.

બ્રહ્મ સર્વ સત્તાધારી છે. અહીં સત્તા = Excistence.
સર્વમાં જેનું excistence છે એટલે બ્રહ્મ સર્વવ્યાપી છે.
તે સર્વવ્યાપી બ્રહ્મને જણાવનાર 'નમ' શબ્દ છે.
'નમ' = સર્વ જડપદાર્થ નમનાર, સર્વમાં રહેનાર અને
સર્વથી જુદું એવું બ્રહ્મતત્ત્વ, તે જ 'નમ' તત્ત્વ છે.
નમ વડે બિંદુવશ્યતા સધાય છે.
બિન્દુ એટલે બ્રહ્મ અથવા ચૈતન્ય અથવા ચેતનતત્ત્વ.
સર્વ પ્રકારના પરિવર્તનોના કેન્દ્રમાં ચેતનતત્ત્વ જ છે.
કહ્યું છે કે: 'अचेतनं चेतनाधिष्ठितं कार्यं करोति ।'
સમગ્ર વિશ્વ ચેતનતત્ત્વને આધીન છે અને
અહીં તે જ બિંદુ છે. જેમ બિન્દુની આસપાસ બધું
ફરે છે, તેમ ચેતનની આસપાસ બધું ફરતું રહે છે,
તેથી ચેતનતત્ત્વની ઉપાસના એ પરમ કર્તવ્ય છે.
તે ઉપાસના કરવાનું સાધન 'નમઃ' પદ છે.
નમો વડે ચૈતન્યની ઉપાસના થાય છે, તેથી
મોક્ષસાધક સર્વ પ્રકારના મંત્રોના પ્રારંભ, મધ્ય અને
અંતમાં મોટે ભાગે 'નમઃ' પદ વપરાય છે.
નમઃ એ મંત્રનું પલ્લવ છે, તેમાંથી મનઃશાંતિરૂપ પુષ્પ
અને બ્રહ્મસાક્ષાત્કાર રૂપી ફળ ઉત્પન્ન થાય છે.

નમઃ પલ્લવનું બીજ ઉપાસનાની ભાવના છે અને
ફૂલ એ ઉપાસનાની ઉપલબ્ધિ છે.
અંકુર અને શાખા એ વિવિધ પ્રકારની સ્તુતિ છે.

ૐ અર્હં નમઃ।

ૐ એ બીજ છે, અર્હં એ અંકુર અને શાખા છે તથા
નમઃ એ પલ્લવ - પુષ્પ છે, ફૂલ એ આત્મસાક્ષાત્કાર છે.

ૐ હ્રીં અર્હં નમઃ।

ૐ એ બીજ છે, હ્રીં એ અંકુર છે,
અર્હં એ શાખા છે, નમઃ એ પલ્લવ છે,
મનઃશાંતિ એ પુષ્પ છે, આત્મસાક્ષાત્કાર એ ફૂલ છે.

નમ અને નામની અનુપ્રેક્ષા

પ્રણિપાત એટલે મનનું પ્રકર્ષરૂપે નિઃશેષપણે
પતન થવું કે નાશ પામવું, એ નમ પદાર્થ છે.
નમઃ એ ઉન્મનવૃત્તિ - બિન્દુનો પ્રકર્ષ છે.
ૐ નમઃ સિદ્ધં । નિર્ગુણ - સગુણ - ઉભય ઉપાસના.
નામ = નમનીયતા = નિર્ગુણ, નિર્વાણ = નિર્ગુણ ગુણાધાર.
નામ એ દ્રવ્યાનુયોગનો સાર છે, કેમકે
તેમાં દ્રવ્ય - ગુણ - પર્યાય છે.
નમ એ ફળ છે અને નામ એ ફળમાં પરિણમન છે.

# ઉપાસના એટલે શું ?

'સોઽહં' મંત્રના ગર્ભમાં ઓંકાર છૂપાયેલો છે.
'સઃ = તે, અહં = હું.' તે પરમાત્મા હું જ છું અર્થાત્
જે પરમતત્ત્વ સકલ બ્રહ્માંડમાં - અખિલ વિશ્વમાં
વ્યાપી રહ્યું છે, તે જ પરમતત્ત્વ મારામાં વ્યાપી રહ્યું છે.

અંતરાત્મામાં અર્થાત્ નિષ્કામ કર્મયોગાદિ
શુદ્ધ થયેલા અંતઃકરણમાં સર્વાધિષ્ઠિત, સર્વવ્યાપક,
સચ્ચિદાનંદ પરમાત્માનું ધ્યાન તે 'ઉપાસના' કહેવાય છે.
ઉપાસના દ્વારા ક્રમશઃ ધ્યાતા-ધ્યેયની એકતા સધાય છે.
अभेदभावनयैव उपितव्यम् ।' આ ઔપનિષદ સિદ્ધાંત છે.

અર્થાત્: અભેદ ભાવનાથી જ પ્રયત્ન કરવો.
ધ્યેય - ધ્યાતાની એકતા માટેનો પ્રયાસ એટલે ઉપાસના.

ગાયમાં દૂધ અને દૂધમાં ઘી વ્યાપક છે,
દોહવાની કે મન્થનની ક્રિયાથી જ તે પ્રત્યક્ષ થાય છે.
જીવમાં બ્રહ્મ છે, તે ઉપાસનારૂપી વલોણાથી જ પ્રત્યક્ષ
કરી શકાય છે, જે ફક્ત મનુષ્યજન્મમાં જ શક્ય છે,

કહ્યું છે કે: 'विनोपास्तिं वृथा जन्म ।' અર્થાત્:
ઉપાસના વિના જન્મ ફોગટ છે.

સમસ્ત મંત્રાવલિ મંત્રમય હોઈ ઉપાસ્ય છે.

'સમ્પ્રદાય - વિશ્વાસાભ્યાં મંત્રસિદ્ધિઃ ।' અર્થાત:
આમ્નાય અને શ્રદ્ધા વડે મંત્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

'आम्नायाः खलु दुर्लभाः ।' અર્થાત:
આમ્નાય એટલે કે ગુરુપરંપરા ખરેખર દુર્લભ છે.

ૐ અને અર્હં - મંત્રાવલિનાં બીજ છે.
ૐ, હ્રીં, અર્હં - એ મંત્રવિદ્યાના મેરુ છે.

ત્રણની જોડી : બ્રહ્મા - વિષ્ણુ - મહેશ,
સરસ્વતી - લક્ષ્મી - દુર્ગા કે કાલી,
સત્ત્વ - રજસ - તમસ, પશુભાવ - વીરભાવ - દિવ્યભાવ.

આત્મસ્વરૂપની અભિવ્યક્તિ કરનારાં 3 સાધન
મંત્ર, મુદ્રા અને ધ્યાન.

મંત્ર એ જ્ઞાનશક્તિ છે - મુદ્રા એ ક્રિયાશક્તિ છે.
બાહ્યમુદ્રા કરરચના અને અભ્યંતરમુદ્રા મૂલબંધાદિરૂપ છે.

મૂલબંધાદિરૂપ અભ્યંતરમુદ્રાના ત્રણ પ્રકાર છે:
મનોજા, વાગ્ભવા અને દેહોદ્ભવા.

આંતરિક ભાવોને સાકાર કરવા માટે મુદ્રા એક સાધન છે.
નમસ્કાર શબ્દના ઉચ્ચારણથી જે ભાવ પ્રકટ થાય છે,
તે જ હાથ જોડી માથું નમાવવાની ક્રિયારૂપ
મુદ્રાથી સવિશેષ પ્રકટ થાય છે.

બ્રહ્મનાં બે રૂપ છે: સકલ અને નિષ્કલ.
સકલના અનેક પ્રકાર છે, નિષ્કલ એક જ પ્રકારે છે.
ઈશશક્તિના અનેક પ્રકાર છે: ઉત્પત્તિ-સ્થિતિ-લય
તથા પ્રકૃતિ-પુરુષ વગેરે. 'મંત્ર' શબ્દનો અર્થ છે:
વારંવાર મનન કરવા યોગ્ય વાક્ય કે વાક્યસમૂહ.

<u>મંત્રજાપે થાયે દેવોનાં દર્શન</u>

મંત્ર દ્વારા ઈશ શક્તિઓનું અનુસંધાન થાય છે.
દૃશ્ય વસ્તુઓ આંખો વડે જોઈ શકાય છે,
અદૃશ્ય વસ્તુઓ તેનાં કાર્યો વડે અનુમાન કરી શકાય,
તેનું અસ્તિત્વ જાણી શકાય છે.
દા.ત. પવનદેવોના શરીરની રચના સૂક્ષ્મ હોય છે,
તેથી તે પવન તેનાં કાર્યો વડે જાણી શકાય છે.
આકાશવાણી, કંકુ-કેસરનો છંટકાવ, રંગસંચાર,
પ્રશ્નકથનાદિ વડે તેની સત્તા જાણી-સમજી શકાય છે.
ભક્તિ, તપ, મંત્રજાપે તેમનું આકર્ષણ કરી શકાય છે.
દેવતાઓની ગતિ-શક્તિ અચિન્ત્ય હોય છે.
'ૐ સચ્ચિદેકં બ્રહ્મ ૐ ।'
રોજ કલાક-દોઢ કલાક ધ્યાન કરવાથી
દેવલોક અને દેવોનાં દર્શન થાય છે.

## માળા ફેરવવાથી મળે જ્ઞાનતંતુને શાંતિ.

'कराग्रे वसति लक्ष्मी । करमूले सरस्वती ।'

આ સૂત્રને સત્ય સ્થાપિત કરવા માટે મંગળ માળા ફેરવવાનો સંસ્કાર કર્યો, માળાથી મનની એકાગ્રતા વધે, જીવનના સંતાપ, મનના આઘાત-પ્રત્યાઘાતથી મુક્ત થવાય. મનની સ્વસ્થતા દ્વારા જીવન - શરીર - વ્યવહારના અનેક પ્રસંગોમાં માનવની શક્તિનો વિકાસ થાય. પુરુષાર્થ હાથ વડે થાય છે, એનો પણ આ એક પ્રકાર છે. હાથ - પગના ટેરવામાં વિજળીક શક્તિનો સંચય રહે છે. માળા - હાથના ઘર્ષણથી વિજળીક શક્તિ પેદા થાય છે. મણકા પોતે પોતાનાં જ આંગળાના ટેરવા ઘસે, તો તે ઘર્ષણથી એક સુખદ સ્થિતિનો વિકાસ થાય છે, એનાથી રક્તપરિભ્રમણ વધે છે. એમ કરવાની ક્રિયામાં મનની એકાગ્રતા રાખવી પડતી જ હોવાથી એક પ્રકારની પ્રસન્ન - માનસિક - શાંત સ્થિતિ ઉત્પન્ન થાય છે. રોજ સાંજ - સવાર માળા ફેરવવાથી ઘર્ષણની શક્તિનો અવિરત લાભ મળી રહે છે. પરિણામે આરોગ્ય સાચવવામાં એ માનવને ખબર પણ ન પડે એમ સહાયભૂત થાય છે. ઘર્ષણથી ક્રોધની શાંતિ થઈ સંકલ્પશક્તિનું બળ વધે છે.

આ દૃષ્ટિએ પણ માળા ફેરવવાનો વિચાર જરૂરી છે, તેમ શ્રદ્ધા વડે માળા ફેરવવાનો આચાર જીવનમાં ઉતારવો.

મન હઠે સાથે મળે ત્યારે પશુભાવ,

મન જ્યારે મન સાથે મળે ત્યારે નરભાવ અને માળા ફેરવવાથી મન જ્યારે મંત્રની સહાયથી પોતાના આત્માની સંગાથે મળે, ત્યારે દિવ્યભાવ પ્રકટે છે.

તે દિવ્યભાવ પોતાનામાં પ્રકૃતિની દૃષ્ટિ - વિરક્તિ અને ભાવનાઓમાં ઉત્કટતાની દૃષ્ટિ અને ભક્તિ જગાડે છે.

માળા ફેરવવાથી સંયમ અને તપ પ્રત્યે સ્નેહ જાગે છે.

સંયમ એ પરભાવવિરમણરૂપ છે અને

તપ એ સ્વભાવરમણતા સ્વરૂપ છે.

માળા ફેરવવાથી એ સમજાય છે કે સૌથી મોટું કોણ?

ઉત્તર: જે કોઈની ય પાસેથી કાંઈ પણ ઇચ્છતો નથી તે.

'ભાવાદ્ભાવપ્રસૂતિઃ |' પરમર્ષિઓને થતો ભાવનમસ્કાર માળા દ્વારા જાપ કરનારમાં ભક્તિભાવ પેદા કરે છે.

'પરમાત્મા શુભૈકશ્રીના રૂપ છે, તેથી તેઓનું ધ્યાન કૃતાર્થતાને લાવે છે.' આવો ઉપદેશ મહાપુરુષો કેવળ જ્ઞાનથી જ નહિ પણ જીવનના અનુભવોથી આપે છે, એથી શ્રદ્ધા પણ જાગે છે.

સાડા ત્રણ માત્રાનો ૐકાર શું સૂચવે છે?

ૐકાર માત્રે સચરાચરં જગત્।

આ એકાક્ષરને હૃદયમાં ઉતારતાં અ-ક્ષર થવાય છે.
ૐકારના જાપથી સાધનાની ગતિ આભ્યંતર થતી જાય છે
તથા મહાનાદમાં અહંનો લય થઈ જાય છે.

સાડા ત્રણ માત્રાના ૐકારમાંથી ત્રણ માત્રા
ત્રણ સૃષ્ટિ, ત્રણ વાણી તથા ત્રણ અવસ્થાને અને
અર્ધમાત્રા દિવ્ય અવસ્થાને સૂચવે છે.

સ્થૂલ, સૂક્ષ્મ અને તૈજસ - એ ત્રણ સૃષ્ટિ છે.
વૈખરી, મધ્યમા અને પશ્યંતી - એ ત્રણ વાણી છે.
જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ - એ ત્રણ અવસ્થા છે.

પ્રણવની એ ત્રણ માત્રાઓનો જે રીતે
અર્ધમાત્રામાં લય થાય છે, તે 'લયયોગ' કહેવાય છે.
મંત્રયોગમાં શ્વાસોચ્છ્વાસ સાથે 'હંસ-હંસ'નો જાપ
ચાલતો રહે છે, એટલે પોતે એક નામધારી જીવ
- પ્રાણી છે, એવી અહંવૃત્તિ કાયમ રહે છે.
મંત્રદીક્ષાથી એ શ્વાસ અને 'સોઽહં - સોઽહં' વૃત્તિરૂપે
પરિવર્તિત થઈ સુષુમ્ણામાં પ્રવેશે છે. સોઽહંને 'પવનમંત્ર'
કહે છે, કેમકે તેનો સીધો જ સંબંધ શ્વાસ સાથે છે.

મંત્રાઃ સર્વસબલશાલિનઃ ।

અકારાદિક્ષકારાન્તા માતૃકાવર્ણરૂપિણી ।
તયા સર્વમિદં વ્યાપ્તં ત્રૈલોક્યં સચરાચરમ્ ॥૧॥

નામજપ આંતરિકશક્તિને મહાયોગાદિ ક્રિયાશીલ બનાવે છે, કારણકે અકારથી લઈને ક્ષકાર પર્યંત સર્વ વર્ણો અને અક્ષરોમાં કુંડલિની ચિતિશક્તિ વ્યાપ્ત છે.

નામ પ્રકટ પરમાત્મા છે. નામનો જાપ કરો, ધ્યાન કરો.
નામજપ ધર્મ છે, એટલું જ માત્ર ધ્યાન ધરવું છે.
નામજપ સાધનામાં રુચિ અને ગુરુ પ્રત્યે પ્રેમ વધારે છે.
નામ ચિંતામણિ છે, નામ કામધેનુ છે,
નામ કલ્પતરૂ છે અને નામ કામકુંભથી પણ અધિક છે.

લોકવાણી : ઘટ સાતોં સુખ રચ્યાં વિધાતા.

(૧) પહેલો સુખ નિરોગી કાયા.
(૨) દૂજો સુખ ઘર મેં માયા.
(૩) તીજો સુખ સતવંતી નારી.
(૪) ચોથો સુખ પુત્ર આજ્ઞાકારી.
(૫) પાંચવો સુખ રાજ મેં પાસા.
(૬) છઠ્ઠો સુખ સુસ્થાને વાસા.
(૭) સાતવોં સુખ વિદ્યા ફલદાતા.

## નવકારમંત્ર એ જ નૈસર્ગિક નાદ - ધર્મધ્વનિ

વિશ્વતંત્ર, સ્વભાવસત્તા, લોકસ્થિતિ, ધર્માનુશાસન,
Cosmic Order તથા 'વત્થુ સહાવો ધમ્મો' અનુસાર
નવકારમહામંત્ર એ જ નૈસર્ગિક નાદ યાને ધર્મધ્વનિ છે,
નવકારમંત્રનો આ નાદધ્વનિ
વિશ્વતંત્રના વિધાનનો આધારસ્તંભ છે.
પદાર્થ વિજ્ઞાનનો પ્રાદુર્ભાવ
આ પરમેષ્ઠિ મંત્ર તરફ પૂજ્યભાવ ઉત્પન્ન કરવા માટે છે.
આપણા સમગ્ર વિશ્વનું વિધાન
આ મંત્રનું રહસ્ય સમજાવવા માટે છે.
બધું નૈસર્ગિક નિયંત્રણ
આ નવકારમંત્રને નિરન્તર વ્યાપક બનાવવા માટે છે.
આ નવકાર મંત્રનું ચિન્તન ચિન્તામણિરત્ન તુલ્ય છે,
સત્ય છે, સરળ છે, ઉત્થાન કરનારૂં છે,
વિકાસાત્મક છે, પ્રમોદાત્મક છે, સર્વ શ્રેષ્ઠ ભાવાત્મક છે,
કલ્પતરૂ - કામધેનુ - કામકુંભથી પણ અધિક મહિમાવાળું છે.
સ્વભાવની સાર્વભૌમ સત્તા આ સત્યને સંસ્થાપન
કરવા માટે છે અને સમસ્ત જગતનું નિયંત્રણ આ
નૈસર્ગિક નાદનું ભવીને ભવનામૃતપાન કરાવવા માટે છે.

## નૈસર્ગિક નિયંત્રણ સત્તા

The mission of nature - ૨૬ જૂને

યોગાત્મક નૈસર્ગિક નાદ - દિવ્યધ્વનિની વાત કરે છે.

કલ્પનાત્મક નહિ પણ કલ્યાણાત્મક છે,

ચિન્તનાત્મક નહિ પણ ચિન્તામણિ રત્નાત્મક છે.

નૈસર્ગિક નાદ સંશયાત્મક નહિ પણ સત્યાત્મક છે,

તે શબ્દાત્મક નહિ પણ સાધનાત્મક છે.

નૈસર્ગિક નાદ ઉપમાત્મક નહિ પણ ઉત્થાનાત્મક છે,

તે વિચારાત્મક નહિ પણ વિકાસાત્મક છે.

નૈસર્ગિક નાદ પ્રબોધાત્મક નહિ પણ પ્રબંધાત્મક છે,

તે ભાવનાત્મક નહિ પણ ભાવાત્મક છે.

- Rikhavdasjee, 29/1/72

### સંકટ નિવારણ મંત્ર

'ॐ નમો અરિહંતાણં દેણુ દેણુ મહાદેણુ મહાદેણુ સ્વાહા'

Be still, be quiet.
Turn not to the God of voice, but to the God of God's - the quiet one. And wait. The still small voice has something to say to you in quietness.

## નવકારમંત્રમાં સર્વનો સમાવેશ

જેમ રીતે સમુદ્રમાં સર્વ નદીઓના જળનો સમાવેશ છે,
સૂરજના તેજમાં સર્વ તેજનો સમૂહ છે,
એ રીતે શ્રી નવકારમંત્રમાં સર્વનો સમાવેશ છે.
જેમ કે દ્વાદશાંગ સૂત્ર, ચૌદ પૂર્વ,
બીજાક્ષર, મંત્રાક્ષર તથા પિંડાક્ષર -
એમ સર્વનો પિંડ શ્રી નવકારમંત્ર જ છે.

## નવકારમંત્રના પ્રથમ પદનું ધ્યાન એ કર્તવ્ય કેમ?

અરિહંત એટલે કોણ?
અખિલ લોકાધીશ, સકલ લોકસામ્રાજ્યાધિપતિ,
સ્વભાવ મહાસત્તાધિ સિદ્ધ, મહાસિદ્ધ, પરમસિદ્ધ,
અનંત અનુગ્રહકર્તા અરિહંત છે.
એ માટે પ્રથમ પદનું પદસ્થ, પિંડસ્થાદિ ધ્યાન કર્તવ્ય છે.

## નવકારના પ્રથમ પદ ઉપર ધ્યાન શા માટે?

પ્રથમપદના વાચ્ય એવા અરિહંત પરમાત્માના
દ્રવ્ય, ગુણ, પર્યાયનું ચિન્તન દીર્ઘકાળ સુધી થઈ શકે છે.
મંગલ પરંપરાવર્ધક એવા નવકારના પ્રથમપદ ઉપર
પૂજ્યભાવ - આદરભાવ,
સન્માનભાવ તથા બહુમાનભાવ મહાપુણ્યોદય સર્જે છે.

## 'तन्नाम इत्युपासीत ।' 'નમો' પદનું પરમ રહસ્ય

'નમો' પદ વિનયનું દ્યોતક છે.
વિનય જે નમ્રતાના બળે
આત્મા અરિહંત, સિદ્ધ, સાધુ બની શકે છે.
પાંચે ય પરમેષ્ઠિ ભગવંતોને
પરમેષ્ઠિ પદમાં પ્રતિષ્ઠિત કરનાર 'નમો' પદ જ છે.
'નમો' પદના પરમ રહસ્યને બતાવવા માટે જ અહીં
નવકારમાં 'નમો' પદનો
પાંચ વાર પ્રયોગ થયો છે અને ચૂલિકામાં
છઠ્ઠી વાર પણ તેને જ યાદ કરવામાં આવ્યો છે.
ઉપાસ્યતાનું અવચ્છેદક જે વીતરાગતા અને સર્વજ્ઞતા-
એ 'નમો' પદની ભાવઆરાધનાનું જ પરમ ફળ છે.
પ્રભુનું નામસ્મરણ એ સર્વ વિદ્યા-મંત્રોનું બીજ છે.
વ્રત-નિયમનું દૃઢતાપૂર્વક પાલન કરવું,
એ જ પ્રભુની આજ્ઞાનું સાચું પાલન છે.
આજ્ઞાનો પાલક આજ્ઞાકારકનો કૃપાપાત્ર બને છે તથા
પરિણામે સુખ અને શાંતિનો સાચો ભોક્તા થાય છે.
નવકારના છેલ્લા ચાર પદોમાં
વિનયધર્મનું તાત્ત્વિક ફળ અદ્ભુત રીતે બતાવ્યું છે.

શ્રી નમસ્કાર મહામંત્રની સાત પ્રકારની વ્યાખ્યા

(૧) સ્વરૂપ : અરિહંતે જિનાગમોક્ત તથા પ્રવર પ્રવચનદેવતાથી અધિષ્ઠિત શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ શબ્દ અને અર્થ ઉભયથી શાશ્વત, જ્ઞાનાવરણાદિ કર્મ અને દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમથી ઉપલબ્ધ છે.

તે ૯ પદ, ૬૮ અક્ષર તથા ૮ સંપદાથી યુક્ત છે.

૭ સ્વર - ૬ વ્યંજન - ૧૧ માત્રા - ૨ બિંદુથી સંયુક્ત પ્રથમ પદ છે.

(૨) અભિધેય : પંચ પરમેષ્ઠિને દ્રવ્ય - ભાવથી નમસ્કાર.

(૩) તાત્પર્ય : સદ્ભૂત ગુણોનું કીર્તન તથા વિઘ્નાંગોનું ભંજન, અનંતગમ - પર્યાયાર્થનું પ્રસાધક છે.

(૪) વિધિ : કાલ - વિનયાદિ જ્ઞાનના ૮ આચારોનું સેવન, શ્રદ્ધા - મેધાદિ, ઇચ્છા - પ્રવૃત્ત્યાદિ, પ્રીતિ - ભક્ત્યાદિ તથા મૈત્રી - મુદિતાદિના ઉપયોગપૂર્વક સ્થાન, વર્ણ, અર્થ, આલંબન, અનાલંબનયોગનું સેવન.

(૫) ફલ : વિઘ્નનાશ અને મંગલનું આગમન, આ લોક - પરલોકનાં ફળો, પુણ્યાનુબંધી પુણ્ય, ભક્તિ - મુક્તિ, સ્વર્ગાપવર્ગ, બોધિલાભ, સમાધિ મરણ.

(૬+૭) પ્રણિધાન : સંભેદપ્રણિધાન - અભેદપ્રણિધાન, તાદાત્મ્ય - તદંજનતા, તાત્ત્વિક નમસ્કાર, સમત્વ પરિણતિ.

## તાત્ત્વિક નમસ્કાર

(૧) વાચ્યાર્થ જે પ્રથમ પરમેષ્ઠિ,
તેમની સાથે પોતાના આત્માનો એકીભાવ -
તે અભેદપ્રણિધાન અને તે જ તાત્ત્વિક નમસ્કાર છે.

(૨) કેવળજ્ઞાન રૂપી સૂર્ય વડે સકલ પદાર્થોના સમૂહને પ્રકાશિત કરનારા, જેમનું વિશિષ્ટ માહાત્મ્ય ચોત્રીસ અતિશયો વડે સારી રીતે જાણી શકાય છે એવા, આઠ મહાપ્રાતિહાર્યોથી દિશાઓના મંડલને વિભૂષિત કરતા, ધ્યાનરૂપી અગ્નિથી કર્મમલરૂપી કલંકને ભસ્મસાત્ કરનારા, જ્યોતિઃસ્વરૂપ અને સમગ્ર શ્રુતના રહસ્યભૂત એવા
પ્રથમ પરમેષ્ઠિ શ્રી અરિહંત ભગવંતનો
સ્વકીય આત્માની સાથે અભેદ કરીને
'પોતે દેવ બનીને દેવનું ધ્યાન કરવું' નિયમ મુજબ સર્વ રીતે ધ્યાન કરવું, તે જ અભેદપ્રણિધાન છે.

(3) અભેદબુદ્ધિ જન્મ્યા પછી, પૂર્વે જે 'સોઽહં' પદનો ઉલ્લેખ હતો, તેમાંથી 'તત્' પદ (સઃ)નો ઉલ્લેખ નીકળી જાય, કારણકે અહીં ધ્યાતા, ધ્યાન, ધ્યેયને એકતા પ્રાપ્ત થઈ છે. તે પછી અનિર્વચનીય - ચિન્મય 'પરબ્રહ્મ' નામે જ્યોતિ સ્ફુરે છે, જેથી સર્વ ક્રિયાઓ સફળ થાય છે.

# નવકાર મંત્ર એક પ્રક્રિયા

જાપ કરતા ધ્યાનમાં અને ધ્યાન કરતા
લક્ષમાં લઈ જનાર નવકાર મંત્ર એક પ્રક્રિયા છે.

'નવકારમાં આત્માને જોવો' એટલે
આત્માને, આત્મા વડે, આત્મામાં જોવો.

'અસંખ્ય યોગોમાં નવકાર એક યોગ છે'
એમ નહિ પરંતુ અસંખ્ય યોગમય નવકાર પોતે છે.
નવકાર પરની પ્રીતિ-ભક્તિ ૧૨ ભાવનાઓથી જન્મતાં
વૈરાગ્યને અને ૪ ભાવનાઓથી સચવાઈ રહેતાં સ્નેહને
ટકાવી રાખે છે. નવકાર વગર વૈરાગ્ય-મૈત્ર્યાદિ ભાવો
જીવનમાં ટકાવી રાખવા અશક્ય છે. નવકારના અક્ષરો
અક્ષય એવા આત્માના જ અનાદિ-સંસિદ્ધ વર્ણો છે.

o

Navkar is a diagram of eternal soul.
To be is the greatest power of any kind
of becoming. Navkar is the infallible
constitution of Cosmic government and
Samayik is the chief instrument
of sovereign rule over Cosmic Order.

- Sashikant Mehta, Rajkot

## નમસ્કારના આઠ પ્રકાર

(૧) પણિવયામિ - કાયિક નમસ્કાર
(૨) થોસ્સામિ - વાચિક નમસ્કાર
(૩) નમામિ - માનસિક નમસ્કાર
(૪) કિત્તઇસ્સામિ - સ્મરણા નમસ્કાર
(૫) નમંસામિ - સમર્પણા નમસ્કાર
(૬) સરણુવગઓઽસ્મિ - આત્મનિવેદન નમસ્કાર
(૭) ઉવણામે - વિનય નમસ્કાર
(૮) પણમામિ - આધ્યાત્મિક નમસ્કાર.

નમસ્કાર = અભેદની દૃષ્ટિ, અહંકાર = ભેદની દૃષ્ટિ.
અભેદની દૃષ્ટિને આવરનાર મોહને 'દર્શનમોહ' કહ્યો છે.

આત્માનો દર્શનગુણ કે જે
અભેદસંગ્રાહક દૃષ્ટિ છે - આત્મૌપમ્યની દૃષ્ટિ છે,
તેને રોકનાર, તેમાં મુંઝવણ ઊભી કરનાર,
તે દૃષ્ટિમાં સંશય, વિપર્યય કે અનધ્યવસાય લાવનાર
જે કર્મ, તે દર્શનાવરણીય કર્મ છે. તેનો ક્ષય - ક્ષયોપશમ
કરનાર દર્શનમોહનીય કર્મનો ક્ષય - ક્ષયોપશમ છે.
મૈત્ર્યાદિ ભાવનાઓથી ભેદદૃષ્ટિ ટળે, અભેદદૃષ્ટિ જળવાય,
તેથી તેને સમ્યગ્દર્શન ગુણની ભાવનાઓ કહેલી છે.

મૈત્ર્યાદિ ભાવનાઓ અભેદ તરફ ઢળે છે અને નમસ્કારનો ભાવ પણ અભેદદૃષ્ટિને પોષે છે, તેથી નમસ્કાર પણ સમ્યગ્દર્શન ગુણનો જ એક પ્રકાર છે. ભેદભાવનો નાશ કરી અભેદભાવને પુષ્ટ કરનાર દરેક ભાવના કે ક્રિયા દર્શનગુણની શુદ્ધિ તથા દર્શન-મોહનીય કર્મનો ક્ષય કરનાર છે. સમ્યગ્દર્શન ગુણની બધી જ ક્રિયાઓ અભેદભાવની પુષ્ટિ કરી એકાંત ભેદબુદ્ધિનો નાશ કરે છે. તે નાશના પાયા ઉપર જ ચારિત્રગુણનું પાલન એ મોક્ષનો માર્ગ બને છે તથા સકલ કર્મનો ક્ષય કરાવી પરમપદની પ્રાપ્તિ કરાવે છે.

## આત્મૌપમ્ય - ઔદાસિન્ય શેમાં શેમાં મુખ્ય?

સમ્યગ્દર્શનમાં જીવો પ્રત્યે 'આત્મૌપમ્ય' મુખ્ય છે, સમ્યક્ચારિત્રમાં વિષયો પ્રત્યેનું 'ઔદાસિન્ય' મુખ્ય છે. દયા એ સમકીતનો ગુણ છે, ક્ષમા એ ચારિત્રનો ગુણ છે.

સ્વદોષનિરીક્ષણ, પરગુણઈક્ષણ અને પ્રભુસ્મરણ - એ ત્રણ ઈલાજ વડે રાગ, દ્વેષ, મોહ કાબુમાં આવે છે.

આત્માની આરાધના વડે ઈચ્છાનો વિલય છે. આત્માની આરાધના કરવાનું કાર્ય જ્ઞાનચેતનાનું છે, તેનું બીજું કાર્ય કર્મચેતના ઉપર વિજય મેળવવાનું છે.

V.V. Imp. કર્મ ઉપર શત્રુભાવ અને સર્વ જીવો ઉપર મિત્રભાવ કેળવવાથી કર્મચેતનાનો વિજય થાય છે. કર્મફલચેતના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે સુખમાં વૈરાગ્ય અને દુ:ખમાં તપ - ત્યાગ - તિતિક્ષા કેળવવા. ૩ પ્રકારની ચેતનાનો સદુપયોગ કરવાથી સમ્મ, સામ તથા સમ અવસ્થારૂપ ત્રિવિધ સામાયિકધર્મનું આરાધન થાય છે.

<u>સામ</u> = દ્રષ્ટૃત્વ, દર્શન તથા જીવો સાથે મૈત્રી.

<u>સમ</u> = જ્ઞાતૃત્વ, જ્ઞાન તથા કર્મ સાથે શત્રુતા.

<u>સમ્મ</u> = કર્તૃત્વ - ભોક્તૃત્વ,
પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું તે.

<u>સમતાની પ્રાપ્તિના ત્રણ ઉપાય</u>

જીવોનું જીવત્વ પ્રચ્છન્ન શિવત્વ છે.
તેના સાથે અભેદભાવથી મૈત્રી કેળવવી,
તે સમતાની પ્રાપ્તિનો પરમ અને પ્રથમ ઉપાય છે. કર્મકૃત અવસ્થાઓ જે વિયોગાંત, દુ:ખપ્રદ, વૈભાવિક છે, તેના પ્રત્યે સમભાવ કેળવવો, એ બીજો ઉપાય છે તથા પ્રભુની આજ્ઞા સનાતન છે, તે સર્વ સદ્વસ્તુને આવરી લે છે અને આત્મસ્વરૂપમાં ભળી જાય છે, તેથી તેનું પાલન એ સમતાપ્રાપ્તિનો ત્રીજો ઉપાય છે.

## દ્વાદશાંગીનો સાર નમસ્કાર સહિત આત્મસ્વરૂપ

કર્મથી અને સર્વ સંયોગોથી ભિન્ન તથા જ્ઞાનાનંદથી અભિન્ન આત્મતત્ત્વ તરફ લક્ષને લઈ જવા માટે સ્વરૂપપ્રાપ્ત કરેલાં પંચપરમેષ્ઠિઓ પ્રત્યે આદરભાવપૂર્વક નમસ્કાર કરવો કર્તવ્યરૂપ થઈ પડે છે.

આત્માના સ્વભાવમાં અતીન્દ્રિય સુખ છે. તે વર્તમાન પર્યાયમાં નહિ પણ ત્રિકાળ આત્મદ્રવ્યમાં રહેલું છે અને તેમાંથી જ આવે છે, માટે સુખ જેમાં છે, તે આત્માનું લક્ષ કરવું, તે જ સર્વ શાસ્ત્રોનો સાર છે.

અહીં લક્ષ કર્યું, તેનો જ જન્મ સફળ છે. દ્રવ્ય - ગુણ - પર્યાયથી જે પરમેષ્ઠિને જાણે તથા નમે, તે પોતાના શુદ્ધ આત્માને જાણે છે અને તેનો આદર કરે છે, તેથી તે નિયમા શાંતિ તથા સમાધિને પામે છે અને સ્વસંવેદનથી આત્મવૈભવનો અનુભવ કરે છે.

अहमिक्को खलु सुद्धो दंसण-णाणमइओ सदारूवी ।
णवि अत्थि मज्झ किंचिवि अण्णं परमाणुमित्तंपि ॥१॥

- સમયસાર સહિત:

હું જ એક ખરેખર શુદ્ધ, દર્શન-જ્ઞાનમય, સદા અરૂપી છું. પરમાણુ માત્ર પણ અન્ય કાંઈ પણ મારું નથી.

મનઃસંયમના ત્રણ પ્રકાર : ધારણા, ધ્યાન અને સમાધિ.

ધ્યાન ઇષ્ટાકાર વૃત્તિરૂપ છે.

વૃત્ત્યારૂઢ ચૈતન્યની સ્થિરતા એ ધ્યાનનું લક્ષણ છે.

દયા, દાન અને દમન - એ અનુક્રમે
ક્ષમા, શાંતિ અને સંયમનાં સાધન છે.

અહંનું કેન્દ્ર બુદ્ધિ છે (આત્મશ્રદ્ધા) અને
મમનું કેન્દ્ર મન છે (પરમાત્મવિશ્વાસ).
મનમાં મમ અને બુદ્ધિમાં અહં છે,
એ બંને મનની ભૂમિકા છે, તેથી
આગળ વધી શુદ્ધ આત્માની ભૂમિકામાં આવવું જોઈએ.

બુદ્ધિનું રૂપાંતર શ્રદ્ધામાં થાય અને
મનનું રૂપાંતર વિશ્વાસમાં થાય, ત્યારે શાંતિ મળે.

મનનું દમન ન કરો, માત્ર તેને દોરતાં રહો.
માતા દ્વારા બાળકને દોરતાં રહેવાથી જેમ બાળક સીધું
ચાલે છે, તેમ મનને પણ દોરતાં રહેવાથી સીધું ચાલે છે.

પવિત્રતા, પ્રફુલ્લિતા અને દિવ્યતાના વિચારોથી પોતાનું મન
ભરી લેવામાં આવે, તો પોતાના પામરપણાંના અધ્યાસથી
બચી શકાય અને પોતે પાપી નહિ પણ દિવ્યાત્મા અને
પામર નહિ પણ શક્તિશાળી છે, એવું ભાન મેળવી શકાય.

## અરિહંતના ગુણ

૨૦ - વિંશતિ સ્થાનકની આરાધના, ૪ - સહજાતિશય,
૧૧ - કર્મક્ષયજનિતાતિશય, ૧૯ - દેવકૃતાતિશય.
૩૪ અતિશયમાં ૪ મૂળાતિશય: (૧) અપાયાપગમાતિશય
(૨) પૂજાતિશય (૩) જ્ઞાનાતિશય (૪) વચનાતિશય.
૮ - પ્રાતિહાર્ય, ૫ - કલ્યાણકો, ૩૫ - વાણીના ગુણ.
અરિહંતની ૪ મહાઉપમાઓ: (૧) મહામાહણ
(૨) મહાગોપ (૩) મહાનિર્યામક (૪) મહાસાર્થવાહ.
અરિહંતના ૧૦૮ નામ અથવા ૧૦૦૮ નામ.

## સિદ્ધના ૮ ગુણ

૪ ગુણ = સર્વ શત્રુક્ષય, સર્વ રોગ - વ્યાધિહર,
સર્વાર્થ સંયોગ, સર્વ ઇચ્છાપૂર્તિ. ૪ - અનંત ચતુષ્ટય.
દેવ - મનુષ્યના ત્રિકાળ સુખને અનંતે ગુણીએ, તો ય
શિવસુખનો એક અંશ - અનંતવર્ગથી પણ ન પહોંચે.
(૧) અરિહંત : ચાર ઘાતીકર્મથી રહિત અને
આઠ પ્રાતિહાર્યની પૂજાથી સહિત હોય તે.
(૨) સિદ્ધ : ઘાતી - અઘાતી ઉભય કર્મોથી રહિત હોય તે.
(૩) સાધુ : પાંચ પ્રકારના આસ્રવથી જે રહિત હોય તે.
(૪) ધર્મ : અઢાર પાપસ્થાનકોથી જે જે રહિત હોય તે.

## આચાર્યના ૩૬ ગુણ

૨૪ - પ્રતિરૂપાદિ, ૧૦ - ક્ષાંત્યાદિ,

૧૨ ભાવનાદિ, ચક્રૂ, આલંબન, મૈત્રી, નિતિકપણું.

અરિહંત, સિદ્ધ, સાધુ તથા ધર્મ - એ ચારના શરણાના વિચાર કરવા ધર્મધ્યાન સ્થિર અને ઉજ્જવળ થાય છે.

દ્રવ્યજ્ઞાન = શાસ્ત્રાદિનું પઠન.

ભાવજ્ઞાન = આત્મસ્વરૂપનું જાણવું તે.

ભાવજ્ઞાન એ સમ્યકૃત્વ પામ્યાની નિશાની છે અને તત્ત્વરુચિ એ સમ્યકૃત્વ છે.

તત્ત્વથી આત્મતત્ત્વ અને તેને લગતી સર્વ વસ્તુઓની તીવ્ર જિજ્ઞાસાપૂર્વક થતો બોધ - બોધ સંબોધ પદ.

ગીત અર્થ એટલે સૂત્ર અને અર્થનું જાણપણું.

સંતોષ = સહજ ધન. વૈભવ - વિલાસ = કૃત્રિમ દરિદ્રતા.

Contentment is natural wealth, luxury is an artificial poverty.

ચક્રવર્તી અને ઇંદ્રના સુખ કરતાં પણ શાંત અને સંતોષનું સુખ અધિક છે, સદા અનુભવ કરો.

કમલદલ - સંભેદ પ્રણિધાનથી ઉપશમશ્રેણિ પામો તથા સ્વરૂપધ્યાનથી - અભેદધ્યાનથી ક્ષપકશ્રેણિ પામો.

નામધ્યેય = છદ્મસ્થાવસ્થા, સ્થાપનાધ્યેય = પ્રભુપ્રતિમા,
દ્રવ્યધ્યેય = કૈવલ્ય અવસ્થા, ભાવધ્યેય = સિદ્ધાવસ્થા.

## સૂરિમંત્રની પાંચ પીઠ

'નમો અરિહંતાણં|' એ પરમ મંત્ર છે.

1 2 3 4 5
અ રિ હં તા ણં = અભય, અક્ષય, અખિન્ન, ઉભય, તથ્ય.

પાંચે પરમેષ્ઠિ અભયાદિ પાંચેના ધામરૂપ ભાસે છે.
(1) અરિહંતદેવ અભયના (2) સિદ્ધદેવ અક્ષયના ધામ છે.
(3) આચાર્ય ભગવંત અખિન્ન સમાન ગુણના ધામ છે.
(4) ઉપાધ્યાય ભગવંત સમાનપણાની સાધનાનાં ધામ છે.
(5) સાધુ ભગવંત આચારના તથ્યમાં સાવધાનીવાળા છે.

આરાધકને તે તે ગુણના ધારકો અહીં
આલોક્ય એટલે ચક્ષુ વડે સામે સાક્ષાત્ દેખાતા હોય,
આભાષ્ય એટલે હૃદયપ્રદેશ ભરી મધુરાલાપ કરતાં હોય,
આરૂપ્ય એટલે સર્વ સંગોમાં અનુભવાતા હોય અને
તન્મયતાને પામી જતાં હોય, એવો અનુભવ થાય છે.

પાંચ પીઠ - પાંચ પ્રસ્થાનના પ્રવર્તક આચાર્ય છે.
જે પાંચ આચારથી પવિત્ર હોય,
તે આચાર્ય સૂરિમંત્રની પાંચ પીઠને પામી શકે છે
અર્થાત્ તેના સાથે અભેદ પ્રણિધાનને સાધી શકે છે.

સાધ્ય, સાધન અને સાધક - એ ત્રણેયમાં ભેદ હોય છે,
છતાં પ્રાતિભજ્ઞાનની પરંપરાએ ત્રણેય એકરૂપ ભાસે છે
અર્થાત્ સાધ્ય અને સાધન - એ બન્ને સાધકમાં
અંતર્ભૂત - અંદર રહેલા છે, તેથી અનુભવ થાય છે.

ભેદ વગેરેના કાળમાં થતાં જ્ઞાનની જેમ
જે જ્ઞાન અવિસંવાદી ભાસે છે, ગાઢ અનુરાગ વડે
તે તે ગુણના ધારકો પ્રત્યક્ષ હોય, તેમ ભાસે છે. એવા
સ્ફૂરણા કે અનુભવ થવાથી સર્વ ક્રિયાઓ સફળ થાય છે.

Theyism = થાઈઝમ = તેઓ વાદ.

અર્થાત્ તેઓ અમારે માટે બધું કરે છે.

'एयं तुल्लमन्नेसिं ।'

– श्री आचारांग, अ० १, उद्देशो ७, सूत्र ५७

एतां तुलां अन्वेषयेत् ।

यथा परं तथा आत्मानं इत्येतां तुलां
तुलितस्वपरं सुखदुःखानुभवोऽन्वेषयेत् ।

: અર્થાત્ :

'જેમ મને દુઃખ પ્રિય નથી, તેમ બીજાને પણ પ્રિય નથી'
એવી તુલનાની - સમાનપણાની અન્વેષણા કરે,
તે તુલનાની અન્વેષણા કરતાં હોય છે.

## શ્રી ઉપાધ્યાય ભગવંતો

સર્વ જીવોમાં અને સર્વ ભવોમાં સમાનપણાની બુદ્ધિ દ્વારા
સાધના કરનારા શ્રમણ સંસ્કૃતિના પ્રતિનિધિ
શ્રી ઉપાધ્યાય ભગવંતો પાંચે પરમેષ્ઠિ પાંચે પદમાં છે.
એ પાંચ અવસ્થાના પાંચ પદોની જો અંતર્ભાવના ભવાય,
તો તે ધર્મધ્યાનના પાયારૂપ બને છે.
ધર્મધ્યાનની મુખ્યતાથી કર્મોની સકામ નિર્જરા થાય છે.
જે શુદ્ધ પ્રતીતિકર હોય, તેને ધારણા - ધ્યાન સંભવે.
તેના પ્રભાવે શ્રી જિનનું બિંબ હૃદયમાં પ્રત્યક્ષ અનુભવે છે.
શ્રી નવકાર મંત્રગત 'ધ્યેય એવા પરમ આત્માઓ'નું
ધ્યાન કરવું. એ ધ્યાન દ્વારા ધ્યાતા અને ધ્યેય એકરૂપ
બની જાય અર્થાત્ જો 'તે પરમાત્મા જ હું પોતે છું'
એવા ધ્યાનસ્થ રમણતા આવી જાય, તો ધ્યાતા સ્વયં
સર્વેશ રૂપે નમસ્કરણીય બની જાય છે.

### સાચા સંયમી - તપસ્વી સાધુ

(૧) ઇંદ્રિયોને જીતે તે સંયમી શ્રમણ છે - વિષયવિજેતા.
(૨) મનને જીતે તે તપસ્વી શ્રમણ છે - કષાયવિજેતા.

ગુપ્તેન્દ્રિય મનઃ ધ્યાતા ।

અર્થાત્: ધ્યાતા ઇંદ્રિયો અને મનને વશ કરનારો હોય.

## સાપેક્ષદૃષ્ટિ - દ્રવ્યદૃષ્ટિ - પર્યાયદૃષ્ટિ

'એકમાં અનેકત્વ રહેલું છે'
એમ સમજવું તે અનેકાંતવાદ છે.
અનંત સત્યોમાંથી શાંતિ મળે,
તેવું સત્યનું સમાધાન તે સાપેક્ષતા.
મનમાં જો અશાંતિ પેદા કરતું હોય - તે સત્ય હોય,
તો પણ તેનો સમન્વય શાંતિ મળે તે રીતે કરવો,
તે 'સાપેક્ષદૃષ્ટિ' કહેવાય છે. સાપેક્ષદૃષ્ટિથી સાચી
આશા ઉત્પન્ન કરીને પરમ શાંતિ મેળવી શકાય છે.
ભક્તિથી ભોગવાસનાનું શમન થાય છે,
જ્ઞાનથી ભોગવાસનાનું દમન - નિઃશેષ શમન થાય છે.
ભક્તિ અને જ્ઞાન - એ બે મળીને
મોક્ષનો - આત્માના કલ્યાણનો રાહ બને છે.
પર્યાયની ઉત્પત્તિ દ્રવ્યથી છે.
મોક્ષ એ પર્યાય છે, તેનું અધિષ્ઠાન દ્રવ્ય છે.
દ્રવ્યને પકડી રહેલો સાધક પર્યાયનો માલિક બને છે.
પર્યાયદૃષ્ટિનો એકાંત મિથ્યાત્વ છે.
દ્રવ્યદૃષ્ટિ જેના મૂળમાં છે,
તે પર્યાયદૃષ્ટિ અનેકાંત હોઈને સત્ય છે.

ઉત્તમ પ્રકારનું ધ્યાન એટલે...

મનના સર્વ વિકલ્પો બંધ થઈ જાય અને
સ્વસ્વરૂપમાં તદાકાર થઈ રહેવું તે.
વિશ્વમાં પરમાત્મા એક જ છે,
ધ્યાન કરવા માટે તેમનું આલંબન લેવું જોઈએ.
ધ્યાનનો પરમ હેતુ રાગ-દ્વેષરાહિત્ય સહિત
પરમ માધ્યસ્થ્ય તથા નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ છે.
રાગના હેતુઓમાં રાગ ન કરે,
દ્વેષના હેતુઓમાં દ્વેષ ન કરે પરંતુ મધ્યસ્થ રહે,
તે માટે શુભ સંકલ્પમાં મનને જોડવું જોઈએ.

શુભ સંકલ્પ ધ્યાન વડે સાધ્ય છે. સમગ્ર પ્રકારના ધ્યાનોમાં પરમેષ્ઠિઓનું ધ્યાન મુખ્ય આલંબનરૂપ છે, તેથી પરમેષ્ઠિઓના ધ્યાનપૂર્વક મનને શુભ સંકલ્પમાં જોડવાથી શુદ્ધાત્મ ધ્યાન થઈ શકે છે અને તે દ્વારા પરમપદની પ્રાપ્તિ થઈ શકે છે. જેમ સિદ્ધરસના સ્પર્શથી લોહ સુવર્ણ થઈ જાય છે, તેમ પરમાત્માના ધ્યાનથી આત્મા પરમાનંદને પામે છે. સુતાં પછી જાગનારને જેમ બધી વસ્તુનું ભાન થઈ જાય, તેમ અજ્ઞાન અને મોહની નિદ્રા નાશ પામી જતાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ લાધે છે.

## પિંડસ્થ ધ્યાન એટલે...

પ્રભુની જન્માવસ્થા, રાજ્યાવસ્થા, શ્રમણાવસ્થાનું ધ્યાન,
પદસ્થ ધ્યાન એટલે જિનેશ્વરની કૈવલ્યાવસ્થાનું ધ્યાન,
રૂપસ્થ ધ્યાન તે નિર્વાણ સમયની પ્રતિમાવસ્થાનું તથા
પ્રભુની સિદ્ધાવસ્થાનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે.

ચારે પ્રકારના ધ્યાનથી સાચી પ્રતીતિ થાય છે કે:
ભગવાન સદા મારી સાથે અંતરાત્મામાં બિરાજમાન છે
અને તેઓનું સ્મરણ કરવા માત્રથી મારૂં રક્ષણ થાય છે.

હું ભગવાનનો છું = અનુભૂતિનો સ્વીકાર.

ભગવાન મારા છે = પ્રતીતિનો આદર.

હું અને ભગવાન એક છીએ = પ્રતીતિનો અનુભવ.

પ્રથમ વડે દુષ્કૃતગર્હા, બીજા વડે સુકૃતાનુમોદના અને
તૃતીય વડે શરણાગમન થાય છે.

ફરી ફરી ચિંતવન થયા જ કરે છે કે:

લોચ વખતે થતો આત્માનો અનુભવ એ
ધ્યાનયોગની સ્થિરતાનું ફળ છે.

લોચની ક્રિયા એ બ્રહ્મરંધ્રના સૂક્ષ્મ પ્રદેશોના આલંબન
માટે હોઈ શકે છે, તેથી તેનું મહત્વ ઘણું વધી જાય છે.
ત્યાં બ્રહ્મરંધ્રમાં રહેલા કેશોનું લુંચન થતી વખતે

નિર્વિકલ્પ દશા સહજ બને છે.
તે વખતે અર્હં આદિ પદોનો શબ્દાકાર ઉપયોગ સ્થિર
રહી શકે છે અને તેથી અદ્ભુત શાંતિ અનુભવાય છે.

'આર્હન્ત્ય' એટલે...

ધ્યાન અને યોગ માટેનું પરમગુહ્ય આલંબન.
તે પરમ વિશુદ્ધ નાદ-બ્રહ્મરૂપે સર્વત્ર વિલસી રહ્યું છે.
ઋત = Universal law-eternal Order.
આર્હન્ત્ય એ ઋત છે, ઋતના આધારે પ્રકૃતિ
ધર્મચક્રના આધારે ભગવાન 'ત્રિલોકનાથ' કહેવાય છે.
આર્હન્ત્ય અને ઋત એ પરસ્પર અવિનાભાવ છે.
પ્રકાશ - ધ્વનિના સંયોજનથી બનેલા સ્થૂલ સૃષ્ટિમાં
આર્હન્ત્યનું પંચપરમેષ્ઠિ ભગવંત રૂપે અને પંચમંગલ
નમસ્કાર રૂપે (નામ અને રૂપથી) નિત્ય પ્રાગટ્ય છે.
નમસ્કાર એ એનું નામ અને પરમેષ્ઠિ એનું રૂપ છે.
નામ નાદરૂપે અને રૂપ જ્યોતિરૂપે રૂપાંતરિત થાય છે.
વિશ્વના પારદૃશ્વા મહાપુરુષોએ આ આર્હન્ત્યને યાને
પંચ પરમેષ્ઠિ ભગવંતોને જ વિશ્વના સાર કહ્યા છે.
એ આલંબનને પરમ અમૃતાંજન તરીકે બિરદાવ્યું છે.
આલંબનશ્રેષ્ઠ રૂપ પંચ પરમેષ્ઠિ તે ધ્યેય છે,

ધ્યાન = અંતર ઉતરવાની ક્રિયા અને
ધ્યાતા = અંતરમાં ઉતરનાર.

ઉતરવું પૂર્ણ ન થાય, ત્યાં સુધી ધ્યાતાની સમગ્ર ક્રિયાની એકાગ્રતા માત્ર આલંબનમાં જ હોય, એનું સમગ્ર અસ્તિત્વ આલંબનને જ આલિંગેલું હોય. ધ્યાન, ધ્યાતા, ધ્યેય - આ ત્રણેની એકતા રચાય અને ત્રિવેણી સંગમ થાય, ત્યારે ધ્યાનનું ફળ મળે છે. અમૃતત્વનું, શાશ્વત આનંદની પરમ સીમાનું, નિરંતર ઉલ્લસિત સુખ સંપદાનું - સૌની અનાદિકાલીન ઝંખનાની પરમ તૃપ્તિકર પૂર્ણાહૂતિનું ફળ આ વડે જ થાય છે. તૃપ્તિ, નિશ્ચિંતતા, આનંદાદિની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય, તે રીતે આરાધના વગેરે થવા જોઇએ.

લોકાનુગ્રહકારક પ્રવૃત્તિ મૌનધ્યાન સાથે નિષ્કામભાવે શાસનોન્નતિની જ એક અભિલાષાપૂર્વક થવા જોઇએ. એવી પ્રતીતિ પ્રતિદિન વધતી જ રહેવા જોઇએ કે: વિશ્વમાં અર્હત્ શાસન વિજયવંત છે. આપણે આપણા વડીલ જ અત્યંત પરિતુષ્ટ થઈએ જાણે સર્વજનગ્રાહ્યતાનો લેશ ન લાગતો હોય! વળી વિષયની રજુઆત વિશદ હોવા છતાં સર્વજનગ્રાહ્ય બને, તે રીતે થતી નથી.

## ધર્મધ્યાન અને શુક્લધ્યાન

ધાર્મિક વિષયનું ચિન્તન તે ધર્મધ્યાન,
આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન તે શુક્લધ્યાન.
સર્વત્ર સમબુદ્ધિ પ્રાપ્ત થઈ હોય તે ધ્યાનનો અધિકારી છે
અને ધ્યાનથી જ તેવી સમબુદ્ધિ નિષ્પ્રકંપ બને છે,
તેથી કર્મમુક્ત થવા તે બન્ને અન્યોન્યનાં કારણ છે.
કર્મનો સંબંધ તુંબા - મૃત્તિકા ન્યાયે દ્રવ્યાર્થિકનયથી,
લોહ - અગ્નિ ન્યાયે ઋજુસૂત્રનયથી અને
ક્ષીર - નીર ન્યાયે પર્યાયાર્થિકનયે છે.
ધ્યાનનો હેતુ ધ્યાતાને તર્ક દ્વારા અતર્કમાં,
વિચાર દ્વારા નિર્વિચારમાં અને
શબ્દ દ્વારા શબ્દાતીતમાં લઈ જવાનો હોય છે.
'સમાધિ'નો એક અર્થ જાગૃત નિદ્રા અથવા
ચિત્તવૃત્તિના નિરોધરૂપ કૈવલ્ય અવસ્થા છે.

## અપધ્યાન V/S સ્વધ્યાન

પરમાં મનની પ્રવૃત્તિ કરવી એટલે કે
પરમાં કર્તૃત્વ બુદ્ધિવાળું મન તે અપધ્યાન છે અને
સ્વમાં મનની પ્રવૃત્તિ કરવી અર્થાત
સ્વમાં કર્તૃત્વ બુદ્ધિવાળું મન તે સ્વધ્યાન છે.

## પ્રણિધાન

(૧) વાચકપદ સાથે ધ્યાતાનો સંશ્લિષ્ટ અથવા સંબંધે ભેદ તે સંભેદ પ્રણિધાન. ધ્યાનાવેશમાં તેની પરાકાષ્ઠા રહેલ છે.

(૨) વાચ્યાર્થ શ્રી અરિહંત પરમાત્માના શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ રૂપનું ધ્યાન ધ્યાતામાં ધ્યાનાવેશને જન્માવે છે. ધ્યાનાવેશ એટલે 'સોહં' ભાવ અર્થાત્ ધ્યાતાને પોતામાં રહેલ જે 'પરમાત્મ રૂપ' - તેનું નિઃશંક ભાન કરાવે છે.

(૩) 'સોઽહં' પદના નિરન્તર સ્મરણ વડે સ્વરૂપનું આલંબન લેતો યોગી - જેમાં ગ્રાહ્ય - ગ્રાહકભાવ નહિ, એવા તન્મય ભાવને પામે છે.

(૪) 'સોઽહં' વિકલ્પના અન્ય કોઈપણ ભાવનું સ્મરણ જેને નહિ, સદા તે યોગી તે પદમાં એવા રીતે લીન થાય છે કે જેથી ધ્યાતૃભાવ અને ધ્યાનભાવ નાશ પામે છે અને યોગી ધ્યેયની સાથે પરમ એકતાને અનુભવે છે.

(૫) પ્રણિધાન = પ્રકૃષ્ટ ધ્યાન.

પ્રણિધાન એટલે કર્તવ્યતાનો તીવ્ર બોધ,
એકાગ્રતા, પ્રવૃત્તિ, શ્રદ્ધા, આશય,
ધ્યેયને સિદ્ધ કરવાની તીવ્ર તાલાવેલી,
ધ્યેય પ્રત્યે અટલ શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ ઈત્યાદિ.

## 'સમાધિ' એટલે શું ?

બોધિદાતા જિનવાણી છે, સમાધિદાતા રત્નત્રયસ્વરૂપ ધર્મ છે.
સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર તે સમાધિ છે.
'સમાધિ' એટલે આત્માની શાંતિ,
આત્માનું આત્મસ્વરૂપમાં સ્થિર થવું તે.
'હું સિદ્ધ ભગવાન જેવો શુદ્ધ આત્મા છું'
એવો નિર્ણય થવો, તે સમ્યગ્દર્શન.
સિદ્ધ ભગવાનને જાણતાં પોતાનો શુદ્ધ આત્મા જણાશે
અને સિદ્ધને નમતાં પોતાના શુદ્ધ સ્વરૂપને નમાશે,
તેથી સિદ્ધ ભગવાનને ભાવથી નમસ્કાર કરો.

આર્ય અષ્ટાંગિક માર્ગ: - Rohit mehta

(૧) સમ્યગ્દૃષ્ટિ = Right understanding.
(૨) સમ્યક્ સંકલ્પ = Right thought.
(૩) સમ્યગ્વાચા = Right speech.
(૪) સમ્યગ્કર્માન્ત = Right action.
(૫) સમ્યક્ આજીવિકા = Right livelihood.
(૬) સમ્યક્ વ્યાયામ = Right effort.
(૭) સમ્યક્ સ્મૃતિ = Right mindfulness.
(૮) સમ્યક્ સમાધિ = Right concentration.

## આઠ પ્રકારની સમાધિ અવસ્થા

૧ જીવન્મુક્તતા - ૨ સ્થિતપ્રજ્ઞતા - 3 સહજાવસ્થા - ૪ સહજ સમાધિ - ૫ ધર્મમેઘ સમાધિ - ૬ આર્હન્ત્ય - ૭ તથાતા તથા સામ્યાવસ્થા.

All these states state the same idea:

### Para - psychology Science

(૧) જ્ઞાનેન્દ્રિયોની સહાય વિના કોઈપણ સંદેશાઓ સીધા મગજ સુધી પહોંચે છે.

(૨) મગજ કોઈપણ બાહ્ય આધાર વગર કોઈપણ પદાર્થ ઉપર અસર પહોંચાડી શકે છે (માત્ર ટીકી રહેવાથી ઇલેક્ટ્રીક બલ્બ સળગાવી શકાય છે).

### વિજ્ઞાનના ચાર વિષયો

(૧) Telepathy

માત્ર મગજથી પરસ્પર સંદેશાઓની આપ-લે કરી શકાય.

(૨) Clairvoyance

આંખ વગર જોઈ શકાય - કાન વગર સાંભળી શકાય.

(3) Pre-cognition

ભવિષ્યના બનાવો માટે પૂર્વ ઝાંખી થાય.

(૪) Psycho-kinesis આને મગજના આંદોલનોની બળ કોઈપણ પદાર્થ ઉપર અસર થવા.

માયાથી રહિત ચૈતન્ય તે 'ઈશ્વર' છે અને
માયાના આવરણ સહિત ચૈતન્ય તે 'જીવ' છે.
જીવનમાં ધન કરતાં ધર્મની વધારે જરૂર છે,
શાળા-કોલેજોમાં પૈસા કમાવા માટેનું જ શિક્ષણ અપાય છે,
સાથે ધર્મશિક્ષણ હોય તો ઝઘડાઓનો અંત આવી જાય.

'પૈસાથી જ સુખ મળે છે'
એવી કલ્પના જ્યારથી થઈ છે, ત્યારથી જ પાપ વધ્યું છે.
ધનથી જે ધર્મ થશે, તેથી પરમાત્માની પ્રાપ્તિ નહિ થાય.
નિરંતર પ્રભુસ્મરણ કરવાથી જ પૂર્ણ શાંતિ મળે છે.
પરમાત્મા સંપત્તિ નહિ પણ પ્રેમ માંગે છે.
'જગત મિથ્યા છે અને પરમાત્મા સત્ય છે'
એવું જ્યારે સમજાશે, ત્યારે પછી દુઃખ નહિ રહે.
ક્યારેય સંસાર છોડવાનો નથી,
છોડવા માંગો તો પણ સંપૂર્ણ છૂટી શકવાનો જ નથી,
તેથી મનમાંથી સંસારને કાઢી નાંખો.
પરમાત્માનું નિરન્તર સ્મરણ કરવાથી અજ્ઞાન ટળશે.
અજ્ઞાન ટળશે એટલે એના પરિણામે વાસના ટળશે
અને વાસના જતાં પાપ નહિ થાય.
પાપ જવાથી અંતે પરમાત્માને પામી શકાશે.

## સમાધિમાં આનંદ કેવો હોય ?

જેના ચિત્ત ઉપર લાગેલ મલ સમાધિના જલથી ધોવાઈ ગયેલ છે, એવા ચિત્તવાળાને સમાધિમાં જે આનંદ મળે, તે આનંદ અલૌકિક, કોઈ પણ વાણીથી વર્ણન ન કરી શકાય તેવો છે, તે આત્મસ્વરૂપભૂત સુખ છે, જે કેવળ અંતઃકરણથી ગ્રહણ થઈ શકે છે.

In advanced stages,
meditated and meditator become one,
worship and worshipper become one
and ઉપાસ્ય અને ઉપાસક become one.
For advanced stage, constant and regular practice is much needful.

God is in Heaven and
everything is right with the world.

ભગવાન સ્વર્ગમાં છે, માટે આપણી દુનિયામાં બધું વ્યવસ્થિત ચાલી રહ્યું છે. સ્વર્ગ એટલે વિશુદ્ધ ચેતના. પ્રભુ ગુણપ્રકર્ષવાન હોવાથી મંગલ છે, આદર્શરૂપ છે. અચિન્ત્ય શક્તિમાન હોવાથી ઉત્તમ છે, પ્રેરણાદાયી છે, સર્વદા, પરાર્થરસિક હોવાથી શરણ્ય છે, આલંબનભૂત છે.

'સદ્ગુણ' એટલે સારા ગુણો પ્રાપ્ત કરવા અને
'નિર્ગુણ' એટલે એ ગુણોનો અહંકાર છોડવો.

Be true to your cross, don't care for the flesh, care for the Soul & Self.

અહં બ્રહ્માસ્મિ | 'હું બ્રહ્મ - સર્વસમાન - સર્વસાધારણ છું'
એ પરમ નમ્ર બનવાની positive ભાવના છે.

પરમાત્માનું પરમ શરણું લેવાથી જીવાત્મા નિર્ભય અને
નિશ્ચિંત બને છે, તેમાં તેની નમ્રતા મદદ કરતુ છે.

શરણું લેવા માટે નમ્ર બનજો,
એ જ નિર્ભયતા અને નિશ્ચિંતતા લાવનાર ઉપાય છે.

પરમાત્માની ભક્તિમાં કદી સંતોષ માનશો નહિ.

તે બિરાજમાન ન હોય એવું જગતમાં કોઈ સ્થળ નથી.

જેનું હૃદય વિશાળ છે અને નયન સ્નેહાળ છે,
તે સરળતાથી ભક્તિ કરી શકે છે.

ચૈતન્યસ્વરૂપ પરમાત્માનું અસ્તિત્વ સર્વત્ર એક જ છે.
દરેક જીવોમાં એનું પ્રતિબિંબ પડેલું હોય છે.
અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્યનું નામ 'જીવ' છે.

પાણીથી ભરેલા ઘડાઓમાં સૂર્યનાં પ્રતિબિંબો જુદા -
જુદા ભાસતા હોય છે, પરન્તુ આદિત્ય તો એક જ છે.

## સમાધિ મેળવવાનો રાજમાર્ગ શું ?

દુઃખ વખતે દુષ્કૃતવાન અથવા પોતાના પાપી આત્માનો દ્વેષ - અણગમો થવો અને સુખ વખતે સુખનું મૂળ એવા સુકૃત પર બહુમાન થવું, તે છે સમાધિનો રાજમાર્ગ.

દુઃખ વખતે બીજા પ્રત્યે દ્વેષવાળી મનોવૃત્તિ અને સુખ વખતે સુકૃતનું વિસ્મરણ - તે અસમાધિનાં બીજ છે.

અવિરતિ સમકીતી બહારથી સુખી - અંતરથી દુઃખી છે,
સર્વવિરતિધર સાધુ બહારથી દુઃખી - અંતરથી સુખી છે.

અનિચ્છાએ આવતું દુઃખ એ દુઃખ છે,
ઇચ્છાથી સ્વીકારેલું દુઃખ એ દુઃખ નહિ પણ
વીર્ય છે, પરાક્રમ છે, શૌર્ય છે, સાત્ત્વિક સુખ છે,
મનઃતોષ છે, ચિત્તની સમાધિવાળી સમતોલ અવસ્થા છે.

દુઃખ વખતે દુષ્કૃત્યોનો સંતાપ અને ખેદ -
એ ધર્મધ્યાન હોવાથી સમાધિરૂપ છે.

## સમાધિનાં બીજ એટલે...

દુષ્કૃત્યોનું દુઃખ અને સત્કૃત્યોનું અનુમોદન.

સુખ - દુઃખ વખતે શુભાશુભ કર્મના વિપાકનું ચિન્તન ચિત્તના સંક્લેશ અને ભવરાગનો નાશ કરે છે તથા ચિત્તસમાધિ અને મુક્ત્યનુરાગ ઉત્પન્ન કરે છે.

ધર્મધ્યાન એ મુક્તિનો માર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત
સાધુ-પુરુષો ઉપર બહુમાન ઉત્પન્ન કરે છે.
વળી કર્મોથી પર એવા આત્માનું સહજ શુદ્ધ સ્વરૂપ
પ્રાપ્ત કરવા જરૂરી વીર્યોલ્લાસ પણ ઉત્પન્ન કરે છે.

'જ્ઞાનથી જ મોક્ષ થાય છે' એનું તાત્પર્ય
તલવારથી જય થાય છે, એટલું જ - પણ તેથી શું?
યુદ્ધ અને પરાક્રમ વિના વિજય કેવી રીતે પ્રાપ્ત થઈ શકે?

યોગ વિનાના જ્ઞાનથી મોક્ષ નહિ.

યોગ એ યુદ્ધ અને પરાક્રમના સ્થાને છે. પ્રાણનો
વિજય યોગથી - મનનો વિજય મુખ્યત્વે જ્ઞાનથી સમજવો.

उद्घाटयेत् कपाटं तु यथा कुंजिकया हठात् ।
शरीरेण जिताः सर्वे, शरीरं योगिभिर्जितम् ।

ચાવીથી જેમ તાળું ખૂલી જાય, તેમ કુંડલિનીના
ચાવી મળતાં બ્રહ્મદ્વારનું તાળું અનાયાસે ખૂલી જાય છે.

શરીરનો આધાર પ્રાણ છે,
પ્રાણની સાથે ચિત્ત જોડાયેલું છે.

પ્રાણ વશ થતાં ચિત્તવૃત્તિનિરોધ આપમેળે થાય છે.
પ્રાણનિરોધથી શરૂ કરી મન વશ કરે, તે હઠયોગ.
મનોનિરોધથી શરૂ કરી પ્રાણનિરોધ કરે, તે રાજયોગ.

શરીરનો રાજા મન છે, તેના ઉપર
સીધો પ્રહાર કરતો હોવાથી એ 'રાજયોગ' કહેવાય છે.
મનના મનન વડે મનને જીતવાનો સીધો માર્ગ તે રાજયોગ.
તેને 'અષ્ટાંગયોગ' પણ કહે છે.
વિવેકજ્યોતિ જાગૃત કરી તેનો પ્રારંભ થાય છે.
રાજયોગ દ્વારા નિર્વિકલ્પ સમાધિમાં મંત્રયોગ, હઠયોગ
અને લયયોગ જેવા જ અંતિમ અદ્વૈતાનુભૂતિ થાય છે.
મનુષ્યના ૪ ચંચળ તત્ત્વો : વાણી, શ્વાસ, વીર્ય, મન.
મંત્રથી વાણી, હઠથી શ્વાસ, લયથી બુંદ અને
રાજયોગથી મન વશ થતાં સમત્વયોગમાં
નિશ્ચલ બનેલો યોગી અપાર શાંતિને અનુભવે છે.
ભક્તિમાં પ્રેમ અને યોગમાં પ્રતાપ મુખ્ય રહે છે.
નિરખે નિશાન = નિર્વિકલ્પ ઉપર ધ્યાન.
સોઽહંમાં સુરતા મેળવી દેવાથી અહંનો લય થાય છે.
'આપપણું' સર્વ પાપનું મૂળ છે. તેમાંથી છૂટવાના ઉપાય
તરીકે 'સાહેબ કી બંદગી' અને 'ભૂખ્યાને અન્ન' બે
જેને સંત કવિઓએ બિરદાવ્યાં છે.
સમાધિ = સમાધાન, સ્વસ્થતા, ચિત્તની જાગૃતિ, જાગતું
ચિત્ત, self-awareness, self-alertness.

## <u>આત્મદર્શન - આત્મસમાધિ માટે શેની જરૂર?</u>

કથાવાર્તાઓનો ઢગલો અને દેશ - વિદેશના
અનેક વિચારકો અને દાર્શનિકોના પ્રસંગાનુકૂળ
ઉક્તિઓ ઉપરાંત ઉદ્ધરણો આપવાની કુશળતા માત્રથી
આત્મદર્શન અને આત્મસમાધિ પ્રાપ્ત થતી હોત, તો
તેવી કુશળતા હાંસલ કરનારાઓની દુનિયામાં ખોટ નથી.
આધ્યાત્મિક સ્તર ઉપર આત્મદર્શન પામવા માટે જરૂરી
જે વસ્તુ છે, તે તો યમ - નિયમ - સંયમ - સદાચાર છે.
વિવેક - વિનય - નમ્રતા - લઘુતા - ગાંભીર્ય - ધૈર્ય -
ઔદાર્ય અને સૌજન્ય છે તથા સ્વચ્છચિત્તશુદ્ધિ છે.

મન અનિત્ય છે, ઇંદ્રિયો અનિત્ય છે, કારણકે
માનવશરીર જ અનિત્ય છે. નિત્ય વસ્તુ બધામાં છે
અને તે બધાથી ઘણું પર છે. 'अनन्तं वै मनः ।'

*Mind is connected with ether.*

સિદ્ધિના મૂળમાં પ્રાણોપાસના - ઓંકારની ઉપાસના છે.
આત્માનો આનંદ એ જ સત્ય છે, નિત્ય છે, ધ્રુવ છે.
સત્યની પ્રાપ્તિ મન અને ચિત્તના નિગ્રહને માંગે છે.
<u>બ્રહ્મજ્ઞાન એ કોઈ ગોખવા કે કંઠસ્થ કરવાની ચીજ નથી,</u>
<u>એ તો માનવમાંથી મહામાનવ બનવાની મહાપ્રક્રિયા છે.</u>

# સમ્યગ્દૃષ્ટિનું ફળ - સમાધિ

આ જગત દુઃખથી છલોછલ ભરેલું છે,
તે ઓછું કરવા માટે પોતાની તથા બીજાઓની તૃષ્ણા
નાશ કરવાનો પ્રયત્ન કરવો, તે સમ્યગ્દૃષ્ટિનો સાર છે.
સમાધિથી પોતાની કુશલ મનોવૃત્તિઓ વૃદ્ધિગત કરવી
અને તૃષ્ણાનો નાશ કરી જનસમાજનું
હિત સાધવામાં તત્પર થવું - તે સમ્યગ્દૃષ્ટિનું મૂળ છે
તથા સમાધિ તેનું ફળ છે.

## સમ્યક્ સમાધિનાં ચાર પગથિયાં

પહેલાં પગથિયાંમાં વિતર્કવિચાર સહિત
પ્રીતિ, સુખ અને એકાગ્રતા પ્રધાનપણે રહે છે,
બીજા પગથિયાંમાં વિતર્કવિચારરહિત ત્રણે રહે છે,
ત્રીજામાં પ્રીતિરહિત સુખ અને એકાગ્રતા રહે છે તથા
ચોથામાં સુખરહિત ઉપેક્ષા અને એકાગ્રતા રહે છે.
સમાધિના વિષયમાં ચિત્તનો પ્રથમ પ્રવેશ તે વિતર્ક,
સમાધિના વિષયમાં અનુમજ્જન તે વિચાર,
તેનાથી જે આનંદ તે પ્રીતિ, શરીરને સમાધાન તે સુખ
અને ચિત્તની એકરૂપાવસ્થતા તે એકાગ્રતા.
એકાગ્રતામાં નિર્ભયતા - નિષ્પ્રકંપતા - ઉપેક્ષા પ્રાપ્ત થાય છે.

સાઈકલ ઉપર સવારી શીખનારને પ્રથમ વિતર્ક-વિચાર,
પછી પ્રીતિ, ત્યારબાદ સુખ અને છેલ્લે
સમાધિ - એકાગ્રતા, નિર્ભયતા, નિષ્પ્રકંપતા પ્રાપ્ત થાય છે.

સ્મૃતિ = જાગૃત = awareness.

શ્રદ્ધા - વીર્ય - સ્મૃતિ - સમાધિ - પ્રજ્ઞાનું પરસ્પર સંતુલન જોઈએ. આ બધામાં સમત્વ પ્રાપ્ત કરવું જરૂરી છે.

(૧) મૈત્રીની સંપત્તિ એટલે દ્વેષનું ઉપશમન થવું,
મૈત્રીની વિપત્તિ એટલે વ્યક્તિગત સ્નેહમાં જડ થવું તે.

(૨) કરુણાની સંપત્તિ એટલે ત્રાસનો નાશ થવો,
કરુણાની વિપત્તિ એટલે શોકની ઉત્પત્તિ થવી તે.

(૩) મુદિતાની સંપત્તિ એટલે અસંતોષનો નાશ થવો,
મુદિતાની વિપત્તિ એટલે હાસ્યમાં પર્યવસાન થવું તે.

(૪) ઉપેક્ષાભાવનાની સંપત્તિ એટલે સ્નેહથી મુક્તિ થવી,
ઉપેક્ષાભાવનાની વિપત્તિ એટલે બેદરકારીમાં પર્યવસાન.

સમાધિ એટલે...

આધિ - વ્યાધિ - ઉપાધિરહિત આત્માની સહજ શાંતિ. સમાધિ રત્નત્રયસ્વરૂપ છે, તે નિર્વિકલ્પ આત્માનંદના અનુભવમાં લીનતા સ્વરૂપ છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં અદ્વૈત આત્મસ્વરૂપમાં એકાગ્રતા કરવાથી સમાધિનો લાભ થાય.

## અરિહંતને પ્રાર્થના કરાય શું?

૪ વર્ણ = અ + રિ + હં + ત - એ ૪ અક્ષરી અધિપતિ પરમેષ્ઠિઓનું નામ મહામંગળરૂપ છે, સુખને કરનારું છે, તે વિશ્વભરની વસ્તુઓ કર્મબંધના હેતુરૂપ હોવાથી મિથ્યા, અસત્ય, અહિતકર છે. અનુભવ વડે અનુભવની ત્રિપુટી જ અદૃશ્ય થઈ જાય છે. અરિહંતને કરેલ પ્રાર્થના દ્વારા આત્મા વિષેનું જ્ઞાન પ્રત્યક્ષપણે પ્રાપ્ત થતાં શબ્દ પોતે લુપ્ત થઈ જાય છે અને માત્ર જ્ઞાન - કેવળજ્ઞાન અવશિષ્ટ રહે છે.

## પ્રાર્થનાને પ્રભુ સ્વીકારે?

જૈન દર્શન તર્કવાદી નહિ પણ નયવાદી છે. નયવાદથી પ્રભુ પ્રાર્થનાને સ્વીકારે છે તથા જવાબ પણ આપે છે. વ્યવહારનયથી પ્રભુ આપે, નિશ્ચયનયથી જીવ મેળવે છે.

સમગ્ર ઈશ્વરવાદનો સમન્વય

વ્યવહારનયની માન્યતામાં રહેલો છે.

શૂન્યમાં - મૌનમાં - નિઃશબ્દમાં રહેવું, એનું નામ પ્રાર્થના. પ્રાર્થના 'કરી' ન શકાય પણ પ્રાર્થનામાં 'રહી' શકાય.

0 શૂન્ય અરિહંત જેટલો સોબત કરવા લાયક કોઈ સોબતી મને કદી મળ્યો નહિ. - હેન્રી ડેવિડ થોરો

## પ્રાર્થનાનાં ૭ નિયમો

(૧) પ્રશાન્ત બનો.

શારીરિક સ્વસ્થતા અને માનસિક એકાગ્રતા પામો.

(૨) ક્ષમાશીલતા રાખો.

પ્રભુએ તમને ક્ષમા આપી છે, તો તમે સૌને ક્ષમા આપો.

(૩) પ્રભુની સ્તુતિ કરો.

તારું નામ ઉજ્જ્વલ બનો, સાંનિધ્યનો અનુભવ કરો.

(૪) વિનયપૂર્વક માંગણી કરો.

માંગણી કરતી વખતે મનમાં સ્પષ્ટતા હોવી જરૂરી છે.

(૫) શ્રવણ માટે એકાગ્રતા કેળવો.

અંદરનો અવાજ પ્રભુની સઘન અનુભૂતિરૂપ પણ હોય છે.

(૬) મનમાં સદા કૃતજ્ઞતાનો ભાવ રાખો.

જે મળ્યું છે, તેના માટે રોજે ઈશ્વરનો આભાર માનો.

(૭) પ્રાર્થનાનાં પરિણામમાં અડગ વિશ્વાસ ધારણ કરો,
પરમાત્માની પ્રાર્થનામાં અટલ શ્રદ્ધા ધારણ કરવી.

## એક પ્રાર્થના

ત્રણે કાળમાં સંસારસાગર તરવાનું આલંબન પંચપરમેષ્ઠિ છે.
જ્યાં સુધી સંસારમાં રહેવું પડે,
ત્યાં સુધી પંચપરમેષ્ઠિની વાસના મને ભવોભવ હોજો.

## પ્રાર્થનામાં તલ્લીનતાનું માહાત્મ્ય

પ્રાર્થનામાં તલ્લીન થવાથી આયુ વધે છે, કેમકે પ્રાર્થના વખતે શરીરના સર્વ અવયવોને વિશ્રાંતિ મળે છે, તેથી શરીરનો અને મનનો તણાવ ઓછો થઈ જાય છે. ધીરેધીરે શરીર - મનમાં સંતુલન પેદા થવા લાગે છે, એ દૃષ્ટિએ શારીરિક અને માનસિક - ઉભય સ્વાસ્થ્યમાં પ્રાર્થના પરમ સહાયક તત્ત્વ છે, કેમકે આત્માનું સ્વરૂપ આનંદમય છે.

સુખ કે દુઃખ ઉત્પન્ન કરવાવાળા જેટલાં બનાવો છે, તે બધાથી ઉપર સદા એક આનંદ છે. સુખ - દુઃખથી પર સદા જે એક આનંદ છે, તેમાં આનંદમય રહેવું જોઈએ અને સદાએ માટે પ્રસન્નાત્મા રહેવું જોઈએ, કેમકે તેથી શક્તિ મળે છે.

### અરિહંતને પ્રાર્થના કરતી વખતે

મનમાં કયા લક્ષ - કયા મંત્રપદથી ધારણા કરી શકાય ?

'नमो अरिहंताणं । सोऽहं ॐ ।' - वर्ण १०

'दासोऽहं सोऽहं ॐ अर्हं नमो अरिहंताणं ।' - वर्ण १५

'नमो अरिहंताणं मयि तद्रूपं स एवाऽहं ।' - वर्ण १६

'ॐ हंसः सोहं ॐ ॐ हंसः सोऽहं ॐ ।' - वर्ण १२

## જિનાલયે વારંવાર કરવાની પ્રાર્થના

ચતુર્વિધ સંઘની વતી હું દર્શન કરું છું,
ચતુર્વિધ સંઘ મારાં વતી દર્શન કરો.
ચતુર્વિધ સંઘ વતી હું દર્શન કરું છું,
મારાં વતી ચતુર્વિધ સંઘ દર્શન કરો.

ધર્મ વ્યક્તિગત નહિ પણ સમષ્ટિગત છે, તેથી તેની આરાધના પણ ચતુર્વિધ સંઘમાં સમષ્ટિગત છે.

વ્યક્તિનિષ્ઠ ધર્મ પણ સમષ્ટિનિષ્ઠ છે.

મંદિર, મૂર્તિ, આગમ અને આગમોક્ત આરાધનાઓ ઉપર માલિકી કોઈ વ્યક્તિની નહિ પણ સંઘની છે, તેથી તેમાંની કોઈપણ વસ્તુનો વ્યક્તિગત ઉપયોગ કરવાનો અધિકાર કોઈને પણ નહિ, સમષ્ટિગત જ થઈ શકે.

## મોક્ષ રૂપી શાસનનો સાર - મંત્ર

मनसा वचसा वपुषा नित्यं श्री शिवशासनसारं ।
श्रेयोबीजामृतमयमेघः कुरुतामेव चतुर्विध संघः ॥१॥

जय असुरासुर - किंनर -
मुणिवर - गंधव्व - णमियचलणजुआ ।
जय सयल - विमल - केवल -
जिण - संघ णमोत्थुणं तुज्झ ॥१॥ (પરિશિષ્ટ-૪)

'ભૂમૈવ સુખમ્, નાલ્પે સુખમસ્તિ |' અર્થાત્:
વિશાળતામાં સુખ છે, સંકુચિતતામાં સુખ હોતું નથી.
નામ - રૂપથી પર અને નામ - રૂપમાં પણ
અક્ષરાતીત, અનિર્વચનીય, શબ્દાતીત અને અનુભવગમ્ય
તે જ રમી રહેલ છે. ઉલઝણ = મનની આંટી, ગૂંચ.
'ऐँ अमृते वाचस्पतये प्रभुवः प्रभुः |'
મંત્રની અર્થભાવના નીચે પ્રમાણે સમજવી:
મંત્રમાં સંબોધન ધ્યાનાકર્ષણ માટે છે તથા
વિશેષણ નામાભિધાન અથવા તો નામોલ્લેખ માટે છે.
દ્રવણ એ સાધકને ઈંધન માટે - ઉપાસ્યને કારુણ્ય માટે.
ઉપાસકનું ઈંધન અને ઉપાસ્યનું કારુણ્ય.
'કૃપા કરો' શબ્દમાં ઉભયનિષ્ઠ દ્રવણ છે.
સાધ્ય શિવપદ - અજન્મ છે.
નમો વીતરાગં ચિદાનંદ રૂપં |
વીતરાગતા તે નિર્વિકલ્પતારૂપ છે અને
નિર્વિકલ્પતા આત્મામાં સ્થિત થવું તે છે.
પરમાત્મા પરમ હિતનો ઉપદેશ આપે છે.
અહીં આત્માનું આત્મામાં રહેવું તે હિત છે અને
આત્માનું આત્માની બહાર રહેવું તે અહિત છે.

સરાગતા તે અહિત છે તથા વીતરાગતા તે હિત છે.
નિર્વિકલ્પતા તે હિત, સંકલ્પ-વિકલ્પાત્મકતા તે અહિત છે.
વીતરાગ અવસ્થા ચિદાનંદરૂપ છે અને તેથી હિતરૂપ છે.
આત્માનું હિત આત્મામાં છે, આત્માની બહાર નહિ.
આત્માની બહાર થતી સુખાનુભૂતિ હિતસ્વરૂપ નહિ.
તે સુખની પાછળ શાંતિ નહિ, પરન્તુ અશાંતિ છે,
માટે હિત નહિ, કિન્તુ અહિત છે.

વીતરાગની ઉપાસના એટલે હિતની ઉપાસના અને
હિત = આત્માનું આત્મામાં રહેવું, સ્વસ્વરૂપમાં રમવું.
સ્વરૂપરમણતા = ચિદાનંદરૂપતા = નિર્વિકલ્પતા = વીતરાગતા.
સંકલ્પ-વિકલ્પરહિત નિર્મળ એવા આત્માઓનું ધ્યાન
નવપદજીના ધ્યાનમાં થાય છે.

ગુપત ગોટકા = ગુપ્ત ગુટિકા = અભિમંત્રિત ગોળી,
જેને મુખમાં રાખી ઇચ્છાનુસાર વિચરી શકાય.
ગોટકી = શાસ્ત્રોના સાર તારવેલ નિત્યપાઠની નાની પોથી.
ગોટિકા = સુષુમ્ણા માર્ગે જતો પ્રવાહ.
બ્રહ્મરન્ધ્રમાં ગોટિકાગમનને આકાશમાં વિચરણ કહે છે.
શબ્દોના ઉચ્ચારાદિ - મંત્રજપાદિ થકી શરીરની આકૃતિ
સ્થૂલ - સૂક્ષ્મ - કારણશરીરની વાસના બંધાઈ જાય છે.

'કાછ ના જતી, વાચ ના સતી!'

લંગોટના પાકા અને બોલવામાં સાચા, એ યોગીની કસોટી છે.

જતે અને સતે = સંયમ તથા સત્યનિષ્ઠાથી સંયમ અર્થાત્ શારીરિક અને સત્ય હૃદયનો દેહભાવ.

જેમ જેમ દેહભાવ નાશ પામે, તેમ તેમ આનંદ વધે.

આ શરીર એ બંદૂકની નાળ છે, શ્વાસોચ્છ્વાસ દારૂ છે.

અજપાજાપથી પ્રગટતા યોગાગ્નિનો પલીતો ચાંપવાથી અનાહત નાદરૂપી ધડાકો થાય છે અને બુંદરૂપી ગોળો બ્રહ્મરન્ધ્રમાં પહોંચી જાય છે.

ઉન્મની મુદ્રા = પ્રાણને વશ કરી નાસાગ્રે સ્થિર દૃષ્ટિ.

આ મુદ્રા સિદ્ધ થતાં બ્રહ્મની અનુભૂતિ થાય છે.

ક્ષમાનો ઝભ્ભો, સંતોષની ટોપી, ગળે સહજાવસ્થાની કાળી દોરી, નિર્ભયતાનો કૌપીન, શીલનો કચ્છ, ધીરજનો ધોકો, પ્રેમનું ભિક્ષાપાત્ર, નેકીનો લોટો, ફૂલ જેવા જેને ફકીરાત છે, તે યોગી ઉન્મની મુદ્રામાં જ રહેલો છે.

તે દેહભાવે જીવતો નથી - આત્મભાવે કદી મરતો નથી.

ઉન્મની અવસ્થામાં પ્રાણ બ્રહ્મરન્ધ્રમાં સ્થિર થાય અને વહ્નિનો મનમાં, મનનો પ્રાણમાં, પ્રાણનો આત્મામાં - બ્રહ્મમાં લય થાય છે. નિર્વ્યોમ અર્થાત્ ચિદાકાશ.

० गते न शोकं विभवे न वांछा
प्राप्ते न हर्षं च करोति योगी।
आनंदपूर्णो निजबोधलीनो
न बाध्यते कालपथेन नित्यम्॥

० द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते॥१॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेति उदाहृतः।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः॥२॥
- गीता अ. १५ / श्लो. १६/१७ (परिशिष्ट-५)

મનરામેરા દીવાના = મ્હારુમન નજરા પાગલ બન્યું છે. પ્રભુને મન સાથે સીધો જ સંબંધ છે. તે બન્નેની એકતા થતાં પરમ ધ્યાન લાગે. તે [illegible] ક્ષણભંગુર કાયામાં રહેલા અવિનાશી તત્ત્વને તમે નિરખી લો. જે ઘરે કાળાતીત પરમેશ્વર બિરાજે છે, તેનો હું દાસ છું. શ્વાસોચ્છ્વાસની ગતિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને આ શરીર રૂપી વિનાશી ચરખાને પારખી લ્યો. આ ચરખો કાયમ એકસરખો નહીં રહે, માટે સત્વર ચેતી જઈને એના ઘડનારાને ઓળખી લ્યો. અંદર એકતારો વાગી રહ્યો છે, અજપાજપ ચાલી રહ્યો છે.

ઓઉં = હું - જીવ, સોહં = હું - બ્રહ્મ.
એ બંને વડે બ્રહ્માંડની રચના થઈ છે.
જીવમાં જ શિવનો નિવાસ છે.

આ જીવના ત્રણ બટાવા = સત્સંગ - સેવા - ભજન.
જેઓ સાચે પૂરા અને ભક્તિએ શૂરા છે, તેઓ જ
પોતાની અંતરદૃષ્ટિથી પ્રભુની ગૂઢ લીલા પ્રીછી શકે છે.

નેરા = નિકટ, મવરી = પ્રકૃતિ, આઈ = આજ્ઞા.
લાભગરીબા = લાભમાંથી પ્રગટ થતી નમ્રતા.
સાંકડી શેરી = ઉદાસીનતાની શેરી, પ્રેમની ગલી.
મંછા = મનની ઇચ્છા, ધીરજ = ધીરજતા, સબદ = સોહં.
અનહદનાદ = પીંડ અને બ્રહ્માંડથી પર એવો અનાહતનાદ.
બીરલો આપીઓ = આત્મતત્ત્વની પ્રાપ્તિ કરાવી.
ઢૂંસા = ફોતરામાંથી પરાણ (દોરડું) ન બને, રેસામાંથી પાથ
અર્થાત્ કેવળ શાસ્ત્રાર્થથી અંતરનું તત્ત્વ હાથ ન આવે.
નિરવિખ = નિર્વિષ, વાસનામુક્ત થઈ પ્રભુસ્મરણ કરો.
મન ગાળીને = મનનું અભિમાન છોડીને, જોડી = તોડી.
ઈડા = ગંગા, પીંગલા = જમુના, સુષુમ્ણા = સરસ્વતી.
અસ્તો = અછતો, છૂપાઈને. તમ વડિયે = તમારે આશરે.
બાનાનીપત = શરણાર્થીની સદા રક્ષા કરવાનું પ્રભુવચન.

## માનસભજન દ્વારા અજપાજપ

માનસભજન માટે બન્ને દિશામાં જોયા વિના નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ ફેરવવી. વાણી દ્વારા જગતમાંથી વિરતિ-નિરતિ અને પોતાના આંતરિક આત્મસ્વરૂપમાં સુરતિ યા તન્મયતા સાધે, તેનું અજ્ઞાન નાશ પામે. માનસભજન જ્યારે ધ્યાનભજનમાં લીન થાય છે, ત્યાર બાદ અનાયાસ જે વૃત્તિ રહ્યા કરે, તે 'અજપાજપ' છે.

### વ્રજમહેલમાં કયો છે પારસમણિ ?

શમ - સંતોષના ખાતર = બાકોરાં, તેથી ઇચ્છા-તૃષ્ણાની સર્વ દિવાલો તૂટી ગઈ અને વ્રજમહેલમાં પહોંચી ગયો. અંદર પેસતાં જ આત્મતત્ત્વરૂપી પારસમણિ હાથ લાગ્યો,

મુક્તિનો અમૂલ્ય ખજાનો મળી ગયો,

આત્મતૃપ્તિનો પાર ન રહ્યો અને જન્મ સાર્થક થયો.

નાદ = મંત્રજાપ, કળા = પૂજા - સ્તોત્ર,

બિંદુ = જ્યોતિ ઉપર ધારણા - ધ્યાન.

ઇષ્ટ = પાષાણના લિંગ, આત્મા = પ્રાણલિંગ,

વિશ્વચૈતન્ય સ્વરૂપ પરમાત્મા = ભાવલિંગ.

અજરામરે છે = વાસના, તૃષ્ણા પછી શાંત છે.

ધોળા કપડાનો મેલ - સદ્ગુરુ મનનો મેલ ધૂએ છે.

૯ કાંઠીની રમત = ૪ અંતઃકરણ + ૫ ઇંદ્રિયો.

પહેલી કાંઠી મનને સ્થિર કરવાની છે,
બીજી સ્થિર ચિત્તે શબ્દને - સોઽહંને ધારણ કરવાની છે.
ત્રીજી અને ચોથી કાંઠી નિત્યાનિત્યનો વિવેક કરી
અહંકારને ઉખેડવાની છે. છેલ્લા પાંચ ૫ ઇંદ્રિયોને વશ
કરી, કામ-ક્રોધાદિ સર્વ ષડ્‌રિપુઓનો નાશ કરવાની છે.
આમ અનાસક્તપણે ખેલનારા અને પોતાની જાતને
જાણનારા જ જીવનની અસલી બાજી જીતી જાય છે.
જેને મન વશ છે, પ્રાણ વશ છે, એક અ-ક્ષરને
જેઓ પામી ગયા છે અને બોધ એક
અવિનાશી તત્ત્વને પિછાન્યું છે, તેને મૃત્યુ શું કરે?
લોખંડના કટકા જેવા કઠણ અહંકાર - મમકારને પણ
'સોઽહં'ના જાપરૂપી અગ્નિથી પીગળાવીને નાશ કરી શકાય
તથા શબ્દના ઘણથી ટીપી શકાય છે. જીવભાવનો નાશ
થયા પછી આત્મા ઉપર કાળ કે કર્મનો પ્રભાવ ન પડે.

બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ ।

ગગનઘરમાં રહેવું અર્થાત્ બ્રહ્માનુભવમાં રમવું.

દેહરૂપી દુકાન નવી છે પણ અંદર આત્મારૂપી
નાણું તો જૂનું છે, એ અનાદિ ધનને ઓળખી લ્યો.

## નવધા ભક્તિ અને ચાર નિષ્ઠા

શ્રવણ - કીર્તન - સ્મરણ વડે નામનિષ્ઠા,
વંદન - પૂજન - પાદસેવન વડે સ્વરૂપનિષ્ઠા,
દાસ્ય વડે દ્રવ્યનિષ્ઠા, આત્મનિવેદન વડે ભાવનિષ્ઠા.
ભગવાન 'ભાવ'ના ભૂખ્યા છે.
ધર્મ દ્વારા કરેલી તેમની પૂજા સર્વશ્રેષ્ઠ પૂજા છે.
અભ્યાસ, સમજણ, આચરણ અને પછી પ્રચાર.

## ભક્તિ વિકસાવવાનાં પ્રકારો

વિવેક - Discrimination.
વિયોગ = Longing for Him alone.
અભ્યાસ = continuous thinking.
ક્રિયા = Doing good to others.
કલ્યાણ = Willing well to all.
સત્ય = Truthfulness.
આર્જવ = Integrity. દયા = Compassion.
અહિંસા = non-violence.
દાન = charity.
તપ - જપ, વ્રત - નિયમ, સેવા, દાન, ધ્યાન, સમાધિ
વગેરે પણ પ્રભુની ભક્તિ વિકસાવવાનાં સાધનો જ છે.

## જીવનમંત્ર - નિત્યભક્તિ

જીવસેવા અને પ્રભુસ્મરણથી જ જીવન સફળ થાય.
સુખમાં જે પરમાત્મભક્તિ કરે, તેને દુઃખ આવતું નથી.
જીવનમાં દુઃખ આવે તો માનજો કે
પ્રભુએ તમને સુધારવા માટે આ શિક્ષા કરી છે.
દુઃખથી ગભરાઈ ન જતાં ધીરજ રાખજો.
જીવનમાં માર પડે તો મનુષ્ય સુધરે છે.
એમ માનવું કે: હું ભાન ભૂલ્યો હતો માટે જ અને
મને સુધારવા માટે જ પ્રભુએ શિક્ષા કરી છે.
પરમાત્મા સાથે આત્માનું મિલન
એ ત્યાગ, પ્રેમ અને કર્મનું મિલન છે.
સંપૂર્ણની સાથે સંપૂર્ણતા દ્વારા જ મળી શકાય, તો
જ આપણું જે કાંઈ છે, તે બધું જ કૃતાર્થ થવા પામે.
0 પાપ વિરુદ્ધ કોઈથી પણ ડરવાની જરૂર નથી.
કોઈ મનુષ્ય પ્રભુની મરજી કે કર્મની ઇચ્છા વિરુદ્ધ
તમારો વાળ પણ ક્યારેય વાંકો કરી શકતો નથી.
પાપનું ફળ દુઃખ છે અને પુણ્યનું ફળ સુખ છે.
દુઃખ આવે, ત્યારે રામનામ રૂપી અમૃતનું પાન કરજો.

- ડોંગરેજી

'ગાયન્તં ત્રાયતે યસ્માત્ ગાયત્રી ત્વંતતઃ સ્મૃતા ।'
જે જપ કરે - ગાન કરે, તેનું રક્ષણ કરે છે,
જેની વ્યાપકતા ત્રણે લોકમાં વિસ્તરેલી છે,
ભગવાનનું સર્વશ્રેષ્ઠ તેજ કે જે અમારી બુદ્ધિને
પ્રેરણા આપે છે, તેનું આપે ધ્યાન કરીએ છીએ.
'સવિતૃ' શબ્દનો વાચ્યાર્થ સૂર્ય થાય છે અને
તેનો લક્ષ્યાર્થ સર્વશક્તિમાન સર્વેશ્વર પરમાત્મા છે,
કે જે સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કરે છે.
આ અર્થ શ્રી વલ્લભાચાર્યે 'સુબોધિની'માં કરેલો છે.
પરમાત્મા 'હૃદિ સન્નિવિષ્ટો' પ્રત્યેકના હૃદયમાં રહેલા છે.
દરેકના હૃદયમાં એ અનેકવિધ સર્જન, પાલન, સંહારની
પ્રક્રિયા ચાલુ જ છે. આવા હૃદયસંનિવિષ્ટ સર્વશક્તિમાન
પરમાત્માના પરમોચ્ચ તેજનું ધ્યાન એ રીતે કરાય છે
કે જે સૌની બુદ્ધિને પ્રેરણા આપે. બુદ્ધિ એ માનવદેહનું
વિશિષ્ટ અંગ છે, જે પરમાત્માની સૌથી વધુ નજીક છે.

ઉપનિષદમાં કહ્યું છે કે:

आत्मानं रथिनं विद्धि, शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि - શરીર એ રથ છે,
આત્મા એ રથી છે અને બુદ્ધિ એ સારથિનું કામ કરે છે.

જીવનયાત્રાના રથને દોરવાનું કામ બુદ્ધિરૂપી સારથિ કરે છે.
જીવનયાત્રાએ નીકળેલા આ રથને બે માર્ગ મળેલાં છે:

'શ્રેયઃ પન્થાઃ પ્રેયપન્થાશ્ચ ।'

પ્રેયમાર્ગ ભૌતિક વિષયો તરફ લઈ જાય છે
અને તે માર્ગ માનવીનું અધઃપતન કરે છે.

શ્રેયો માર્ગ કલ્યાણ અને ઉન્નતિ તરફ લઈ જાય છે.
રથને કયા માર્ગ તરફ લઈ જવો તે સારથિનું કામ છે,
તેથી 'ગાયન્તં ત્રાયતે યસ્માત્ ગાયત્રી ત્વં તતઃ સ્મૃતા ।'
આ મંત્રમાં બુદ્ધિને પ્રેરણા આપવાની પ્રાર્થના કરી છે
કે તે આપણે શ્રેયસ્કર માર્ગ પ્રત્યે લઈ જાય. આ
મંત્રના પ્રત્યેક ઉચ્ચારણ વખતે તે ભાવના રહેવી જોઈએ.
માત્ર ટેપ રેકોર્ડિંગ રૂપ જપ ના જ થવો જોઈએ.
Tapeમાં શબ્દો છે, તેની પાછળ ભાવના કે હૃદય નથી.
રહસ્યયુક્ત ભાવનાપૂર્વક થતો જપ અવશ્ય ફળદાયી છે.
શબ્દના ઉચ્ચારણની સાથે મંત્રના રહસ્યની ભાવના
પણ સાધકમાં રહેવી જોઈએ. માનસિક રીતના જપમાં

'મનોમધ્યસ્થિતો મંત્રો, મંત્રમધ્યસ્થિતં મનઃ ।'

મંત્રની અંદર મન અને મનની અંદર મંત્ર પરોવાઈ જાય,
ત્યારે જ મંત્રની ખરી અસર થાય છે.

તે વખતે હૃદય સન્નિવિષ્ટ પરમાત્માની સદ્બુદ્ધિ ઉપર અસર થતાં 'બુદ્ધિ' રૂપી સારથિના હાથમાં જીવનયાત્રાના રથની જે લગામ છે, તેનો વળાંક આપોઆપ શ્રેયઃપંથ તરફ વળે છે. ગાયત્રીમંત્રમાં રહેલ અદ્‌ભુત શક્તિ તે આ છે.

'कुशलचित्तैकाग्रता समाधिः।'

કુશળ ચિત્તમાં થતી એકાગ્રતા એજ સમાધિ છે.

વૈરાગ્યમાર્ગ લઈએ તો જ્ઞાન મળે,
પ્રેમમાર્ગ લઈએ તો ભક્તિ મળે.

જ્ઞાનમાર્ગમાં ત્યાગ - પ્રેમમાર્ગમાં સમર્પણની ભાવના છે.

સર્વને આનંદ આપે, તેનું નામ 'નંદ'.
બધાને યશ આપે, તેનું નામ 'યશોદા'.

દેહ મથુરા બને અને હૃદય એ ગોકુળ બને, તો તેમાં નંદ મહોત્સવરૂપી જે આનંદ પ્રગટે, તે જ પરમાત્માનું સ્વરૂપ. જ્યારે અંદરથી જ આનંદ મળે, તે ઘડીએ પરમાત્મા પ્રગટ થયા છે, એમ જરૂર માનજો.

'પૂતના' એટલે વાસના. ઉપાસનાથી વાસના મરે છે. વાસના એ ભક્તિમાર્ગમાં મોટું વિઘ્ન છે. સંસારમાં વાસનારૂપી પૂતનારાક્ષસી વિઘ્ન કરવા આવવાની જ છે, તેનાથી બચવાનો એકમાત્ર ઇલાજ નામસ્મરણ છે.

## સમાધિ માટે આલંબન કેવું જોઈએ?

સમાધાન અર્થાત્ સમતામાં આધાન.
આ સમતાનું આધાન એ જ સમાધિ છે.
રાગ-દ્વેષ-મોહમય ચિત્ત અકુશલ છે.
રાગ-દ્વેષ-મોહયુક્ત આલંબન વડે ચિત્ત એકાગ્ર થશે,
પરન્તુ ત્યાં સમાધાન નહિ જ મળે. એવી એકાગ્રતા
સમ્યક્ અથવા તો શુદ્ધ નહિ, તેથી કલ્યાણકારી નહિ.
બિલાડીનું ચિત્ત ઉંદર ઉપર - બગલાનું માછલી ઉપર
એકાગ્ર છે પણ રાગદ્વેષલિપ્ત છે, તેથી સમાધિરૂપ નહિ.
શિકારીનું ચિત્ત શિકાર ઉપર અને
સૈનિકનું ચિત્ત શત્રુ ઉપર એકાગ્ર છે, કિન્તુ તે
હિંસક વૃત્તિવાળું હોવાથી તે સમ્યક્ સમાધિયુક્ત નહિ.
નિદ્રા કે નશામાં ચિત્ત એકાગ્ર રહે છે પણ
તે મોહવિમૂઢિત હોવાથી તેમાં સમતાનું આધાન નહિ.
સમાધિ માટે ભાવાવેશમય આલંબનયુક્ત નહિ, એથી
ચિત્ત રાગાનન્દ આસક્તિઓમાં ડૂબી જાય છે.
એકાગ્રતા તો આવે છે, કિન્તુ શુદ્ધતા આવતી નહિ.
ચિત્તની એકાગ્રતા માટે પ્રિય આલંબન જોઈએ અને
શુદ્ધતા માટે તે આલંબન મોહરહિત જોઈએ.

શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો માર્ગ સાર્વજનીન, સર્વકાલિક, સાર્વદેશિક, સર્વજનસુલભ અને સર્વજનગ્રાહ્ય છે.

એ માટે આલંબન અનેક છે.

આલંબન જેટલું અકૃત્રિમ, તેટલું તે અહીંતહીં ભટક્યા વિના સરળ રાજમાર્ગ ઉપર ચાલી શકે.

વાસના માત્ર ઉપાસનાના બળથી જીતી શકાય છે.

દુ:ખની આગ એ તૃષ્ણાની આગ છે.

તે છે, ત્યાં સુધી દુ:ખનો સંતાપ અનિવાર્ય છે.

શ્વાસની ગતિ ઉપર મન કેન્દ્રિત કરવાથી મનની ગતિ પર કાબૂ આવે છે, એને આનાપાનસ્મૃતિ કે વિપશ્યના પણ કહેવાય છે. એ પ્રકારની વિપશ્યનાથી ચિત્તલય અને તેનાથી પ્રજ્ઞાવિચાર થઈ, એકતાના આનંદથી પૂર્ણ થવાય. શુદ્ધ આશ્વાસ-પ્રશ્વાસની સાથે કોઈ શબ્દ, નામરૂપ, જાપ કે આકાર ન જોડાયેલો હોય, તો તે શુદ્ધ છે. કેવલ શ્વાસના આગમન-નિર્ગમન પર સતત જાગરૂકતાનો અભ્યાસ અને શ્વાસ-પ્રશ્વાસની પણ નૈસર્ગિક ક્રિયા, જેવી હોય તેવી, લાંબો-ટૂંકી, સ્થૂલ-સૂક્ષ્મ, ધીમો-જલ્દી. એ શ્વાસની કસરત નહિ અને છે તો તે મનની છે, મનની એકાગ્રતા કેળવવાનો અભ્યાસ છે.

ઉર્ધ્વ થયેલું મન અતિ સૂક્ષ્મ અને તીક્ષ્ણ બને
કે જે અંતિમ પરમાર્થ સત્યને પકડી શકે,
સત્યની આડે રહેલા આવરણોને ચીરી શકે, પ્રજ્ઞારૂપી
ચક્ષુ દ્વારા આત્માનો સાક્ષાત્કાર કરવામાં સહાયક બની શકે.
અંતરંગ આત્મદ્રવ્યનું ભાન નહિ એ જ અજ્ઞાનદશા છે.
કર્મસંચય અને શુભાશુભ પરિણતિનું ભાન પણ
આત્મદ્રવ્યનું ભાન થનારને સહાયક બને છે.
અજ્ઞાનદશા ટાળવા સ્વાત્માનું ભાન એ પ્રથમ શરત છે.
આત્મભાન જાગવાથી દેવ ગુરુ ધર્મરૂપી ઝવેરાત મળ્યાંનો
અત્યંત પ્રમોદ પ્રગટશે. એના પ્રભાવે દુઃખની દીનતા કે
સુખની લીનતા અલોપ થશે. દુઃખ અને સુખ ગૌણ
બની ધર્મ અને એની આરાધનાનું મૂલ્ય કિંમતી લાગશે.
સુખ માટે બહુ ભણવાની કે બહુ પૈસા કમાવાની જરૂર નથી.
જીવનસાફલ્ય માટે ખરી જરૂર તો પરમાત્મા સાથે
હૃદયપૂર્વકની પ્રીતિ કરવાની છે. દુઃખ સહન કરીને
ભક્તિ કરે, સુખમાં સદ્ભાવ રાખે, તે 'તપ' ઇત્યાદિ.
ભક્તિમાં અભાવ વધ્યું હોય, તેણે
કોઈની સાથે વાદ-વિવાદમાં ઉતરવું નહિ અને કોઈની
સાથે વેર-વિરોધ થયો હોય, તો ખમાવી લેવો જોઈએ.

o જે અંતરમનથી ભગવાનને શરણે જાય છે,
તેના યોગ-ક્ષેમની ચિન્તા ભગવાનને કરવી પડે છે.
જેને રામનામનો સહારો અને નિશ્ચયપણું બળ મળ્યું છે,
તે હનુમાનજીની જેમ સંસારસાગરને ઓળંગી શકે છે.
વિશ્વનાં બધા ધર્મોમાં રહેલું ધર્મતત્ત્વ એક જ છે.
એ શુદ્ધ ધર્મતત્ત્વ પ્રાપ્ય છે, તેની આસપાસ અનેક
વિધિ-નિષેધો, ક્રિયાકાંડો, ભેદ-પ્રભેદો ગૂંથાઈ જાય છે,
તેથી ઘણી વાર મૂળતત્ત્વ છુપાઈ જાય છે અને જે
ધર્મતત્ત્વ નથી, એવાં કેટલાંક બાહ્યાડંબરોમાં જ લોકો
ધર્મતત્ત્વ કલ્પી લેવાય છે. સાચા સાધકે તે પડદાઓને ભેદીને
અંદરના સાચા રત્ન પાસે સીધે સીધું પહોંચવાનું છે.

- Dr. Savla

o

To ask = શ્રદ્ધા - અભિલાષા - યાચના.
To seek = જાણકારી - બોધ - જ્ઞાન.
To knock = પુરુષાર્થ - ક્રિયા - નિદિધ્યાસન.

If the only prayer you ever say
is 'Thank you,' it will be enough.
For prayer is nothing else than being
on terms of friendship with God.

અનંતગમ એટલે... પદાર્થને જાણવાના
વિવિધ માર્ગો - માર્ગણાઓ, નિર્દેશ - સ્વામિત્વાદિ અને
સત્ - સંખ્યાદિ, વ્યુત્પત્તિ, રૂઢિ, લક્ષણ, વ્યંજનાદિ.

અનંતપર્યાય એટલે... અવસ્થા, પરિણમન પામતું
સ્વરૂપ, અવસ્થાઓ, પરિણામો વગેરે.

પર્યાયનું પરિણમન = working of substance.

દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવાદિ અવસ્થાઓ જે જે રૂપે છે,
તે સ્વપર્યાય અને જે જે રૂપે નથી, તે પરપર્યાય.
અવસ્થા બે જાતની છે: વિધેયાત્મક અને નિષેધાત્મક.
તેને જ અનુક્રમે સ્વપર્યાય અને પરપર્યાય કહે છે.
અનુવર્તનશીલ તે સ્વપર્યાય અને
પરિવર્તનશીલ તે પરપર્યાય.

વસ્તુમાત્ર ઉત્પન્ન થાય છે, એ જ વખતે નાશ પામે છે
અને એ જ વખતે વસ્તુમાત્ર સ્થિર પણ રહે છે,
એનું નામ સમ્યગ્બોધ - સમ્યગ્દર્શન.

સંવર = ખેચરી મુદ્રા. નિર્જરા = કુંડલિનીનું જાગરણ.

'निर्धूत कल्मषः ।'

એ કૃત્રિમ ભાવનાનું પરિણામ નથી,
કિન્તુ કુંડલિની જાગરણથી થયેલ નિર્જરાના પ્રતાપે છે.

## સ્વાધ્યાયનું માહાત્મ્ય

સ્વરૂપનિર્ણય એટલે હું કોણ છું?
સાધ્યનિર્ણય એટલે મારે ક્યાં જવું છે?
સાધનનિર્ણય એટલે મારે કેવી રીતે જવું છે?
સ્વાધ્યાય = સ્વઅધ્યયન. સ્વનિરીક્ષણ = સ્વપરીક્ષણ,
પોતાને વિચારવું અર્થાત્ પોતે કોણ છે, તે જાણવું.
સ્વાધ્યાયથી વિચારો સ્પષ્ટ થાય છે.
દેહ - ઇંદ્રિય - મન - બુદ્ધિ અને આત્મામાં
પ્રથમના ચાર બહિરંગ છે અને આત્મા અંતરંગ છે.
અંતરંગ યાત્રા માટે શક્તિ અને તે માટે શુદ્ધિ જોઈએ,
જે 'પોતે શુદ્ધ - બુદ્ધ - મુક્ત છે' તેના સ્મરણથી આવે.
તે તો પરમાત્મા અવ્યક્ત છે,
તેનું પ્રતિનિધિત્વ ધરાવનારું તેનું નામ છે.
રામથી પણ રામનામનું માહાત્મ્ય વધારે છે, તેથી
તેનો સ્વાધ્યાય મુખ્ય બનવો જોઈએ.

સ્વાધ્યાયનો એક ઉદ્દેશ
પોતાના જીવનનું લક્ષ્ય શું છે, તે જાણવું એ છે.
સ્વાધ્યાયથી માનસિક સંતુલન રહે છે અને
માનસિક સંતુલનથી જીવનમાં પ્રસન્નતા રહે છે.

સ્વાધ્યાયની જરૂર સૌથી અધિક છે, તેનું કારણ શું?

મનુષ્ય પોતે જ પોતાને ભૂલી ગયો છે,
તે કારણે અનેક વ્યર્થ કષ્ટોને સહે છે.

સ્વ-અધ્યયનથી જ પોતે પોતાને ઓળખવાને માટે સમર્થ થતો રહે છે, તેથી સ્વાધ્યાય પરમ તપ છે.
પહેલાં બધી વસ્તુને objectively જાણવી જોઈએ, પછી જ તેને Subjectની સાથે સરખાવવી જોઈએ.
સ્વાધ્યાય એ વસ્તુનિષ્ઠ નહિ પરન્તુ વ્યક્તિનિષ્ઠ અધ્યયન હોવાથી અધિકથી પણ અધિક ગણાયો છે.
પહેલાં જાણવું અને પછી જીવનમાં ઉતારવું - એથી સાચા દર્શનકાર - proper perceptive થવાય છે.

સદ્ગ્રન્થોની સંગતિ એટલે તે ગ્રન્થો
જેમના દ્વારા લખાયેલાં છે, તે સત્પુરુષોની સંગતિ.
સત્સંગતિનો મહિમા અપૂર્વ છે, એ વાત નિર્વિવાદ છે.

શ્રુતેઃ શતગુણાત્ વિદ્યાત્ મનનમ્ |
મનનાદપિ નિદિધ્યાસં લક્ષગુણમ્ | અનન્તં નિર્વિકલ્પકં |
અર્થાત્: અધ્યયન તથા શ્રવણથી સો ગણી મનન માટે, મનનથી લાખ ગણી નિદિધ્યાસન માટે અને તેથી અનંત-ગણી પ્રયત્ન નિર્વિકલ્પ સમાધિ માટે થવી જોઈએ.

એક જીવન નહિ, અનેક જીવનપર્યંત કરવો જોઈએ.

સ્વાધ્યાય એ સાધન છે, સાધ્ય છે સ્વરૂપની પિછાન. તેમાં અધ્યયન અને સેવા - ઉભય સહાયક છે. નિરક્ષર સાધક પણ ગુરુસેવા દ્વારા સ્વરૂપપિછાન કરી શકે છે. પરમાત્મભક્તિ તેના માટે ગુરુ બની જાય છે.

સમર્પણ એક આધ્યાત્મિક શક્તિ છે,
અહીં નિયતિવાદનો સ્વીકાર નથી.

શક્તિનો સ્રોત અંતરાત્મા છે, તે સ્ત્રી - પુરુષથી પર છે. ભેદ ભૂલવા માટે બંનેને આત્મરૂપે જોતાં શીખવું જોઈએ. પહેલી જરૂર સમાજપરિવર્તનની નહિ, સ્વપરિવર્તનની છે.

चंद्रे महाह्लादिनि दीप्यमाने चित्रेंदुमालोकयितुं क इच्छेत् ।

મહા મહિનાનાં દિવસોમાં દેદિપ્યમાન ચંદ્ર દેખાતો હોય,
ત્યારે ચિત્રમાં રહેલા ચંદ્રને જોવા કોણ ઇચ્છે ?

સૃષ્ટિ સમગ્ર સામે છે - અંદર પ્રભુ - વચ્ચે મન છે. મન અને સૃષ્ટિની વચ્ચે પુસ્તક ખડું થઈ જાય છે. સામે સૂર્યોદય થઈ રહ્યો છે, તે જોવાને બદલે તેને ચિત્રમાં જોવો પસંદ કરે છે, તેનો બોજ પુસ્તક છે.

પુસ્તકમાં જે સૃષ્ટિનું વર્ણન છે,
તે સૃષ્ટિને પોતાની સામે જોવામાં કોણ રોકે છે?

સૃષ્ટિ જડ-ચૈતન્યથી ભરપૂર છે. ચૈતન્યની અપેક્ષાએ જડ અતિઅલ્પ - તુચ્છ જાણે મેરુની આગળ સરસવનો દાણો!

ચૈતન્યના સંબંધથી સર્વની સાથે એકતા છે, કિન્તુ ચિત્તના સ્તર ઉપર બધા અલગ અલગ અનુભવાય છે. એ માટે ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવાની આવશ્યકતા છે. ચિત્તની વૃત્તિ પરમાત્માની સાથે આત્માની એકતાને અનુભવવામાં રુકાવટ કરે છે. असंग शस्त्रेण दृढेन छित्वा। સ્વાધ્યાય તે શ્રેષ્ઠ તપ છે. તપ વિના તાપ નહિ, તાપ વિના શુદ્ધિ નહિ - શુદ્ધિ વિના સિદ્ધિ નહિ.

(૧) સ્વાધ્યાય વડે આત્મહિત પરિજ્ઞા
(૨) ભાવ સંવર (૩) બહુ નિર્જરા (૪) સંવેગ - વૈરાગ્ય
(૫) તપ - નિષ્પ્રકંપતા - દૃઢતા (૬) પરાર્થકરણતા પ્રગટે.

સ્વાધ્યાયથી મૌલિક ચિન્તન વિકસે છે. સ્વાધ્યાયથી ધ્યાન અને ધ્યાનથી સ્વાધ્યાય ઉત્તરોત્તર વિકસે છે. ઉંચા વિચારોથી મનને ભરવું = પારકે પગલે ચાલવું.

સ્વાધ્યાય ધ્યાનમાં લીન થવું = સાધુત્વ.

જીવનની નાની તથા મોટી બધી ક્રિયાઓ સાધનારૂપ બનવી જોઈએ. આત્મલાભનું સાધન તપ છે. તે માટે પાંચ પગથિયાં છે. દેહ છે, ત્યાં સુધી તે પાંચે છે.

દેહની ભૂમિકા ઉપર અન્નમય, ઇંદ્રિયોની ભૂમિકા ઉપર
પ્રાણમય, મન - બુદ્ધિની ભૂમિકા ઉપર મનોમય અને
વિજ્ઞાનમય - આત્માની ભૂમિકા ઉપર આનંદમય બ્રહ્મ છે.
પાંચે ભૂમિકાની સમતુલા ઉપર અંતરંગયાત્રા આગળ વધે.
જાગૃતિપૂર્વકની આ યાત્રાનું નામ જ 'સ્વાધ્યાય' છે.

तत् चिंतनं तत्कथनं अन्योन्यं तत् प्रबोधनम् ।
एतदेकपरत्वं च ब्रह्माभ्यासं विदुः बुधाः । અર્થાત્:

તે (બ્રહ્મ)નું જ ચિંતન, કથન, પરસ્પર વાતચીત. આ એક
બ્રહ્મતત્ત્વમાં લીનતાને જ્ઞાની પુરૂષો 'બ્રહ્માભ્યાસ' કહે છે.

આરોગ્ય એ જ શરીરની સાચી તાકાત છે.
તે ખાતર ખાવા - પીવામાં નિયમિત થવું જોઈએ.
વિનોબાજીનું સૂત્ર છે: એક ગણું ખાવું, બે ગણું પીવું,
ત્રણ ગણું કામ કરવું અને ચાર ગણું હસવું.
કોઈ પડે - આખડે, જીવે - મરે અર્થાત્
ગમે તે પ્રસંગ બને, સારો યા ખરાબ - તો હસવું.
માણસની પરીક્ષા ખાટલે અને પાટલે અર્થાત્ તે કેવી રીતે
સુવે છે અને ખાય છે, તેના ઉપર આધાર રાખે છે.

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ (પરિશિષ્ટ-૬)

## છ આવશ્યકો આવશ્યક કેમ ?

સામાયિક એ નિશ્ચયથી આત્મા છે.
અન્ય પાંચ આવશ્યક તેનાં સાધનો છે.
ચોવિસત્થો તથા વંદન એ શરણાગતિરૂપ છે,
પ્રતિક્રમણ એ દુષ્કૃતગર્હારૂપ છે અને
કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ એ સુકૃતાસેવનારૂપ છે.
આ ત્રણેથી આત્મવિશુદ્ધિ થાય, તેમ આત્મા વિશુદ્ધ
ગુણસ્થાનકને પ્રાપ્ત કરતો પૂર્ણ શુદ્ધ સ્વભાવને પામે.
ચતુર્વિધ સંઘને ઉભયકાળ પ્રતિક્રમણ કરવાનું
આવશ્યક વિધાન એ ઉત્તરોત્તર વિશુદ્ધ સામાયિક
પ્રાપ્ત કરવા માટે જ જાહેર કર્યું હોય, એમ લાગે છે.
'પ્રશમરતિ' ગ્રન્થમાં શ્રી ઉમાસ્વાતિજી લખે છે તેમ :
'धर्मावश्यकयोगेषु भावितात्मा ।'
આમ 'પ્રશમરતિ' પણ આ વાતની સાક્ષી આપે છે.
૦ 'विधूतकल्पनाजालं ।' નિર્મળતા સિદ્ધ કરે છે,
'समत्वे सुप्रतिष्ठितं ।' સ્થિરતા સિદ્ધ કરે છે તથા
'आत्मारामं मनः ।' તન્મયતા સિદ્ધ કરે છે.
આ વિષે વિશેષ વિચાર કરવાથી મનોગુપ્તિમાં
સર્વ યોગોનો સમવતાર થયેલો જણાય છે. - કલાપૂર્ણસૂરિ.

નમો = દાસોઽહં - દુષ્કૃતગર્હા - મંગળ.
અરિહં = સોઽહં - સુકૃતાનુમોદના - ઉત્તમ.
તાણં = ઓં - શરણાગમન - શરણ.

ધર્મના બે પ્રકાર છે: શ્રુતધર્મ અને ચારિત્રધર્મ.

આત્મૌપમ્યભાવ એ મૈત્રીસ્વરૂપ છે,
તે અહિંસા, દાન તથા દયાધર્મનું મૂળ છે.
ઔદાસિન્યવૃત્તિ એ વૈરાગ્યસ્વરૂપ છે,
તે તપ, ત્યાગ તથા સંયમધર્મનું મૂળ છે.
બંને પ્રકારના ધર્મની ઉત્પત્તિનું મૂળ
નાદશ્રવણ-જ્યોતિદર્શન છે અને શ્રુતધર્મ-ચારિત્રધર્મ છે.
નાદશ્રવણ તે શ્રુતજ્ઞાનનો, જ્યોતિદર્શન તે ચારિત્રધર્મનો
પ્રકાર છે. શ્રવણ નાદનું કરો અને દર્શન જ્યોતિનું કરો.
નાદશ્રવણથી આત્મૌપમ્યભાવ જાગે છે તથા જ્યોતિદર્શનથી
વૈરાગ્યભાવ અર્થાત્ ઔદાસિન્યવૃત્તિ ઉત્પન્ન થાય છે.
વૈતાઢ્ય પર્વત = શ્વેતવર્ણી. નિષધ પર્વત = રક્તવર્ણી.
શિખરી પર્વત = પીતવર્ણી. નીલ પર્વત = નીલવર્ણી.

o

Compassion - creative understanding - વિવેક
wisdom - creative knowledge - વૈરાગ્ય.
Right action - ત્યાગ, તપ, તિતિક્ષા, સદ્વર્તન.

## જૈન શાસ્ત્રો ભણવાથી શું?

જે ક્રિયાવાન છે, તે જ સાચો પંડિત છે.

'મંત્ર મેરુ:' અર્થાત્ શ્રી જિનેશ્વરદેવ મંત્રના મેરુ છે. સ્તુતિ - સ્તવન કે સ્તોત્ર વડે કરાતી જિનભક્તિ શ્રી જિનને પ્રસન્ન કરવા કે કોઈ વરદાન મેળવવા માટે નહિ પણ તેમના આલંબન વડે પોતાનું હિત સાધવાર્થે છે. જેમ વૃક્ષ નીચે ઉભવાથી છાયાનો લાભ મળે જ છે, તેમ રાગ-દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વરોનું નામસ્મરણ અને આલંબન લેનાર આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણ પામે જ છે, શરીર અને મન - બંનેને સ્વસ્થ બનાવે છે.

આયુર્વેદનો સ્પષ્ટ અભિપ્રાય છે કે ૐકારની ધ્વનિ જો સ્પષ્ટ ન નીકળે, તો મરણને નિકટ સમજવું.

જે આપવામાં આવે છે, તે રૂવરુષિમય બને છે તથા જે સંગ્રહવામાં આવે છે, તે અંતે માટીમાં મળી જાય છે.

નિત્ય અવશ્ય કરવાલાયક મુમુક્ષુ આત્માઓના કર્તવ્યો

(१) ચિત્તને શાંત, સ્વસ્થ અને સમભાવવાળું રાખવું.
(२) તીર્થંકરોની સ્તુતિ કરવી. (3) સદ્‌ગુરુનો વિનય કરવો.
(४) ભૂલોની કબુલાત અને સુધાર કરતાં રહેવું.
(५) ધ્યાન અને (६) તપ તથા ત્યાગનું આસેવન કરવું.

અનિત્યતા ઉપર ધ્યાન કરવાથી તત્ત્વબોધ થાય છે
તથા મૈત્રી - મુદિતા આદિ કુશલ ભાવનાઓના ધ્યાને
સમાધિ સુલભ બને છે.

લોભમૂલક - દ્વેષમૂલક - મોહમૂલક પ્રવૃત્તિ અકુશલ અને
પરોપકારમૂલક - પ્રેમમૂલક - જ્ઞાનમૂલક પ્રવૃત્તિ કુશલ છે.
અકુશલમાં એકવાક્યતા નથી, કુશલમાં એકવાક્યતા છે.
પરોપકાર અને પ્રેમ - પરસ્પર પોષક છે,
તેને જ્ઞાનની મદદ મળતાં તે ત્રણેનો વિસ્તાર થાય છે.
લોભ અને ક્રોધને પરસ્પર વિરોધ છે તથા
મોહ પણ આલસ્યમાં પરિણમી પરસ્પરને બાધક બને છે.

<u>બૌદ્ધધર્મનું ધ્યેય</u>

सब्बपापस्स अकरणं कुसलस्स उपसंपदा ।
सचित्तपरियोदपनं एतं बुद्धानुसासनं ॥१॥

સર્વ અકુશલ મનોવૃત્તિઓનો પૂર્ણ નિરોધ કરી
કુશલ મનોવૃત્તિઓને ખૂબ વિકસાવવી અને
તેમાં પણ લિપ્ત ન થવું, તે બૌદ્ધધર્મનું ધ્યેય છે.

°

Namo = very sorry = 'સત્યમ્' ।
Thank you = 'શિવમ્' ।
most obedient servant = 'સુંદરમ્' ।

સત્યમ્ = ગુણપ્રકર્ષ = આદર્શ (નમો).

શિવમ્ = પુણ્યપ્રકર્ષ = ઉપદેશ.

સુંદરમ્ = સિદ્ધિપ્રકર્ષ = આલંબન.

નમો આદર્શ છે માટે મંગળ, માર્ગદર્શક છે માટે ઉત્તમ તથા નમો એ આલંબન છે, માટે શરણ છે.

પ્રભુઓની એકતા માટે નમો એ આલંબન છે અને વિશ્વપ્રભુ બનવા માટે તે અનન્ય આધાર છે.

'મારું' અને 'તારું' - બે શબ્દોનો વ્યર્થ ઉપયોગ

'મારું' શબ્દનો પડઘો 'મારી નાખું' અને 'તારું' શબ્દનો પડઘો 'તને તારી દઉં' એવો થાય છે.

સ્થૂલ પડઘાનો નિયમ સૂક્ષ્મલોકમાં બહુ વિસ્તારે છે.

સર્વ દિશાઓથી શુભને આમંત્રવા માટે

સર્વેઽપિ સન્તુ સુખિનઃ । એ મંગળ વાક્ય છે.

લોકમાં જે કોઈ દુઃખી છે, તે સર્વ પોતાના સુખની ઇચ્છા વડે છે અને લોકમાં જે કોઈ સુખી છે, તે સર્વ બીજાના સુખની ઇચ્છા વડે છે. ઉક્તિ:

ये केचिद् दुःखिता लोके सर्वे ते स्वसुखेच्छया ।
ये केचिद् सुःखिता लोके सर्वे ते अन्यसुखेच्छया ॥१॥

- बोधिचर्यावतारे

# ઈશ્વરનો સાક્ષાત્કાર એ માનવનું અંતિમ લક્ષ્ય

ઈશ્વરસાક્ષાત્કાર = આપણા મૂળ સ્રોતમાં પાછા જવું.
ઈશ્વર સાક્ષાત્કાર એ માનવજીવનનું અંતિમ લક્ષ્ય છે.
તે સિદ્ધ કરવા માટે અંતર્દૃષ્ટિ કેળવીને
આપણે તેનો સાધનરૂપે ઉપયોગ કરવો પડશે. આ લક્ષ્ય
ન હોય, તો ધ્યેયવિહીન જીવન જીવવા જેવું ન હોય.
જો આ ધ્યેયને જીવનમાં પ્રમુખસ્થાન આપીશું તો બાહ્ય
નાની - મોટી સફળતાઓ માટે ફાંફાં મારવા નહીં ગમે.
આપણે સુખી કે દુઃખી - કંઈ છીએ,
તે માટે આપણે પોતે જ જવાબદાર છીએ.
બીજાઓ ઉપર દોષારોપણ કરવું નકામું છે.
તે માટે આપણે દરેકે આધ્યાત્મિક બનવું પડશે.
સ્વયં આધ્યાત્મિક થવું,
તે દેશની અને વિશ્વની મોટામાં મોટી સેવા છે.
તે માટે સ્વાધ્યાયથી જ સ્વયંમાં પરિવર્તન શક્ય છે.
સ્વાધ્યાય આપણને મનથી અલગ થવામાં મદદ કરે છે.
જે બુદ્ધિ વડે આત્મસાક્ષાત્કાર કરી શકાય છે, તે જ
બુદ્ધિનો ઉપયોગ તુચ્છ વસ્તુઓમાં કરવો અથવા તો
મિથ્યા અને નકામી વાતોમાં કરવો કેમ પાલવી શકે?

સં. ૨૦૨૯, વૈશાખ સુદી ૯, ગુરુવાર, તા. ૧૦ મે.

નીચેનું લખાણ વંચાવ્યું મુનિ પ્રદ્યોતનવિજયજીને
વૈ-સુ-૧૦ના શુક્રવારે, લુણાવા (રાજસ્થાન).

'ઉપદેશ પદ' ગાથા - ૯૯૫/૯૯૬

માતા - પિતાનાં વિનયાદિ કાર્યો વ્યવહારથી અધ્યાત્મને પમાડનારાં કાર્યો છે. તેના ફળમાં તફાવત પડવાનું કારણ તારતમ્ય છે. જેમ માધુર્ય સમાન હોવા છતાં ય શર્કરા, ઈક્ષુ, ગોળ, પર્પટક વગેરેની મધુરતામાં ફરક પડે છે, તેમ સામાન્યથી વૈરાગ્ય હોવા છતાં સતત અભ્યાસાદિ અનુષ્ઠાનોમાં ભાવ ભેદ રહેલો છે, માટે ફળમાં ફરક છે.

અભ્યાસાદિ ત્રણે પ્રકારનાં અનુષ્ઠાનો
શાસ્ત્રાનુકૂળ આચરણરૂપ સમ્યગ્ અનુષ્ઠાનો છે.

પારમાર્થિક - તાત્ત્વિક વ્યવહારદૃષ્ટિથી આ વાત સમજવી. અપુનર્બંધક માર્ગાભિમુખ અને માર્ગપતિત સિવાયના બાળ જીવોમાં આ અનુષ્ઠાનો હોતાં નથી. અપુનર્બંધકાદિ જીવો શાસ્ત્રાનુસારી હોવાથી તેઓ સમ્યગ્ અનુષ્ઠાનવાળા છે. સતતાભ્યાસ આદિ અનુષ્ઠાનો ઉચિતોચિત પ્રવૃત્તિનો અનુબંધ પાડનાર હોવાથી ભાવાશયની યોજના સર્જે છે, તેથી તે તાત્ત્વિક વ્યવહારદૃષ્ટિથી યોગ્ય છે.

માતા-પિતાદિના વિનયની પ્રવૃત્તિમાં જો કે ભવવૈરાગ્યાદિ ભાવોનો સંભવ છે, તોય પરમાર્થ ઉપયોગરૂપ ધર્માનુષ્ઠાન ન કહેવાય પણ વ્યવહારનયથી બીજાધાનના કારણરૂપ હોવાથી ઉપયોગી ગણાય. તથાભવ્યત્વના પરિપાક માટે તે ઉપકારી છે. તથાભવ્યત્વપરિપાક માટે અંતરંગ યત્ન ઉપકારક છે પણ કેવળ બહિરંગ યત્ન ઉપકારક નથી.

કહ્યું છે: जत्तो अ अंतरंगो अज्झप्पज्झाणजोगओ जुत्तो ।
जं एसो च्चिय सारो सयलंमि वि जोगसत्थंमि ॥१॥

## અધ્યાત્મ અને ધ્યાનયોગનું સ્વરૂપ

यत्नश्चान्तरङ्गोऽध्यात्मध्यानयोगतः = आत्मन्येवैकाग्र्यचित्त-व्यापाराद् विधानाक्लिष्टचित्तनिरोधलक्षणोपेक्षासंयमाद् युक्तः । यद् = यस्मादेष एवाध्यात्मध्यानयोग एव सकलेऽपि योगशास्त्रे सारः, परमसंवररूपस्याऽध्यात्मध्यानस्यैव सकलशास्त्रोपनिषद्भूतत्वात् ।

० एअंमि परिणमंते आणंदस्सावि होइ परिवुड्ढी ।
एवं चिय साहूणं जीवन्मुत्तत्तणं जुत्तं ॥

एतस्मिन्नध्यात्मध्याने परिणमति = एकांगीभावमागच्छति आनंदस्यापि = सात्मसुखस्यापि, परिवृद्धिर्भवति, सात्म्यध्यानयोर्मिथो निष्कंपताबीजत्वात् । तदुक्तम्

– योगशास्त्रे ४ – ११४

न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत् ।
निष्कम्पं जायते तस्माद् द्वयमन्योन्यकारणम् ॥ इति ।

एअस्स पुण उवाओ णिच्छयओ इह तहापरिणतप्पा ।
कल्लाणमित्त जोगाइओ अ ववहारओ णेओ ॥१९३॥

एतस्य = काष्ठाप्राप्ताध्यात्मध्यानयोगस्य पुनरुपायो निश्चयत इह = जिनशासने, तथापरिणतः = तदावरणक्षयोपशमोत्थपरिणामवानात्मा, तत्कर्तृरूपस्यैव तत्कारणत्वात्, व्यवहारतश्च कल्याणमित्रयोगादिस्तदुपायस्तस्यैव 'स्वेतरसकलकारणसत्त्वे यत्सत्त्वे यत्सत्त्वं तदभावे च तदभावः' तस्यैव तत्कारणत्वात्, भवति च स्वेतरापुनर्बन्धकभावादिकारणसत्त्वे कल्याणमित्रयोगादिसत्त्वे कुवासनानाशादिद्वाराऽध्यात्मप्राप्तिस्तदभावे च तदभाव इत्यविकलं तस्य तद्धेतुत्वं ॥१९३॥ (परिशिष्ट-७)

(૧) કલ્યાણમિત્ર યોગ (૨) જિનવચન શ્રવણ - ધર્મશ્રદ્ધા (૩) પરોપકાર - પરપીડાવર્જન (૪) લોકવિરુદ્ધનો ત્યાગ (૫) ભવસ્વરૂપની ભાવના (૬) વિષયપ્રવૃત્તિનો ત્યાગ (૭) ગુણાનુરાગી તથા નિર્ગુણીમાં માધ્યસ્થ્ય (૮) પૂજ્યની પૂજા - નિંદા પરિત્યાગ (૯) સ્વાત્મસ્વરૂપ ભાવના (૧૦) કુશીલ પરિત્યાગ - પ્રમાદત્યાગ.

સહજાવિકૃતાત્મસ્વરૂપં કૂટસ્થસ્ય - સ્વભાવલક્ષણાદ્
ભાવયિતવ્યમ્ = ધ્યાતવ્યમ્, યથાવસરં = સ્વસ્થતા -
કાલૌચિત્યેન, અપકૃષ્ટાધ્યાત્મધ્યાન - સ્યૈવોત્કૃષ્ટાધ્યાત્મ
- ધ્યાન હેતુત્વાદ્બલવૃદ્ધેરેવોત્કર્ષોઽઙ્ગત્વાત્ ।

- 'ઉપદેશ રહસ્ય' ગાથા - ૧૯૮ થી ૨૦૧ (પરિશિષ્ટ-૮)

'દેહ, ગેહ, ધન, સ્વજન, મિત્ર, પુત્ર અન્ય છે,
પરદ્રવ્યરૂપ છે, હું એનાથી ભિન્ન સ્વભાવવાળો છું,
દેહાદિમાં અહંકાર - મમકારા આદિ અજ્ઞાન વિલસિત છે.
હું કૂટસ્થ સ્વભાવવાળો છું, તો
વિકારના નિમિત્ત એવા પરદ્રવ્યોમાં કેમ રીતે આદર કરું?
પરદ્રવ્ય જડ છે, એનું આત્મસ્વરૂપ જ ઉપાદેય છે,
તે અનાદિઅનંત છે, અકલંક છે, નિશ્ચયથી અવિકારી છે
(તે આત્મની મર્યાદા પામેલ છે), જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે,
ઉપમિત છે, શુદ્ધ છે, કર્મમલથી રહિત છે, શાશ્વત છે
ઉપરાંત પરમપદને પામવા યોગ્ય છે.'

આ ધ્યાનથી રાગ - દ્વેષ શીઘ્રપણે વિલય પામે છે, તેથી
તેમાં પ્રવૃત્ત થવું, તે શ્રી જિનેન્દ્ર ભગવંતોની આજ્ઞા છે.
જે જે પ્રકારે રાગ - દ્વેષ વિલય પામે, તે તે પ્રકારે
પ્રવર્તવું, એ જ શ્રી જિનાજ્ઞા - ઉપદેશમાત્રનું રહસ્ય છે.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.

તરવર સરવર સંતજન, ચોથો બરસે મેહ;
પરમારથ કે કારણે, ચારોં ધારે દેહ. - કબીર

જે બાળના અવગુણ શોધે, તે સાચો સંત જ નહિ.
સંત તો ગંગાના પ્રવાહની જેમ સહુને આવકારે છે
અને બાળના મેલ ધોઈ નાંખી તેને પવિત્ર બનાવે છે.

'બાંધ્યા એટલા મોતી' અહિ જેનો અહંકાર
બંધાઈ ગયો - ભેદાઈ ગયો, એજ સાચા સંત.

જીવનનું એકમાત્ર ધ્યેય એવા પ્રભુનામનું સ્મરણ કરી
ભવસાગરને પાર પામવાનું છે, એ તું કદી ભૂલીશ નહિ,
જે નામનો કદી નાશ નથી, તે નામમાં એકરૂપ બની જા.

'અધર તખત પર આપ બિરાજે' અહિ
શૂન્ય - નિરાલંબ સ્થાનમાં - સહસ્ત્રારમાં જ્યાં પરમાત્મા
બિરાજી રહ્યા છે, ત્યાં અનહદ નાદ થઈ રહ્યો છે.

જીવનમાં સારતત્ત્વ એક પરમાત્માનું ચિંતન-સ્મરણ છે.
પ્રભુપ્રેમ સિવાયની બધી કમાણી અસાર-મિથ્યા છે.

કાળ કોઈને મૂકતો નથી, માટે
કાલાતીત આત્મભાવમાં સ્થિર થવાનો અભ્યાસ કરી.

સંપૂર્ણ જીવન એક યજ્ઞરૂપ છે.

પ્રત્યેક કાર્ય યજ્ઞરૂપે થવું જોઈએ.

જે કાંઈ સેવન કરાય, તે બોધપૂર્વક - ભાવપૂર્વક કરો.

સત્સંગના શસ્ત્રથી ક્ષણમાં તે આવરણ ભેદી - છેદી શકાય.

મલિન મનને નામસ્મરણરૂપી જળથી શુદ્ધ કરવું.

મનની શક્તિ પણ પરમાત્મશક્તિ છે અને

પ્રભુસ્મરણથી જ તે માયાની શક્તિને જીતી શકાય છે.

રાત્રે સૂતાં પહેલાં અધ્યયન ન કરવું, પરન્તુ

નામસ્મરણ કરવાપૂર્વક જ સૂઈ જવું જોઈએ.

નામ પણ જેને અઘરું ભાસે, તેનો આધાર કોણ?

તેનો ઉત્તર છે સત્સંગ, જેમાં ગુરુ, સંત, સજ્જન,

સત્સાહિત્ય, સૃષ્ટિ અને સમાજ - એમ બધાં આવે.

જેની જેટલી સંવેદનક્ષમતા, તેને તે સત્સંગરૂપ બને.

સત્સાહિત્ય એટલે જેમાં દિવ્યપુરુષોનો 'આત્માનુભવ'

શબ્દરૂપમાં સંગૃહિત છે, તેવા દરેક ધર્મગ્રન્થો અર્થાત્

વેદ - વેદાંત, કુરાન, બાઈબલ, પિટક, આગમાદિ આવે.

સ્વનું અધ્યયન એમ સ્વ સાથે જોડે છે,

તેમ સજાતીય સૃષ્ટિ અને સમાજ સાથે પણ જોડે છે,

જે વડે ચિત્તશુદ્ધિ અને વાર્યવૃદ્ધિ થાય છે.

## સ્વાધ્યાય કેવી રીતે કરવો ?

સંવેદનશીલ બનીને નહિ,
લંબાઈ - પહોળાઈના બદલે ઊંડાઈમાં જઈને.
ઊંડાણ તે જીવનમાં ઉતારવાથી, ચિંતન - મનનથી આવે.
શ્રવણ - પઠન ઉપરછલ્લી અસ્પષ્ટ ભૂમિકા સર્જે છે,
ચિંતનથી વિષય સ્પષ્ટ થાય છે.

ચિંતન = સ્વાવલંબન. તે ગ્રન્થાધાર વિના ન થઈ શકે. પ્રથમ અધ્યયનની પરિપક્વતા, પછી સ્વાવલંબન આવે. સ્વાવલંબનથી વિષયની વિશ્લેષણશક્તિની વૃદ્ધિ થાય. લખવાથી અને બાળકોને શીખવવાથી ચિંતનશક્તિ વધે છે. લખવાની સામગ્રી સૃષ્ટિ રૂપી ખુલ્લી કિતાબ પૂરી પાડે છે, તેમાં મસાલો સૃષ્ટિ, સમાજ અને સાહિત્યથી મળી રહે છે. ખુલ્લી કિતાબરૂપી વિશ્વની સાથે સંગ્રહિત શાસ્ત્રરૂપી શબ્દશક્તિ પણ એક મોટી શક્તિ છે.

## કોનાં અમોઘ વચનો ?

સૂક્તિ: કોના વચન અમોઘ છે ? તેનો જવાબ છે કે:

યે ચ પુનઃ સત્ય - મૌન - શમ - શીલાઃ |

જેના વચનો સત્ય, મૌન, શાંતિ, સદાચારથી યુક્ત છે,
તેનાં વચનો કદાપિ વ્યર્થ જતાં નથી.

કલિયુગ કેવળ નામ આધારા.

સત્ય નામ = મનુષ્યનું સાચું સ્વરૂપ.

'અહં બ્રહ્મ' બ્રહ્માકારવૃત્તિ. મુક્તિ કોઈ મોટી વસ્તુ નથી.

પોતાના મૂળ સ્વરૂપને પામવું, એનું નામ 'મુક્તિ'.

यथा नद्यः स्यन्दमानाः समुद्रे
अस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान् नामरूपाद्विमुक्तः
परात्परं पुरुषमुपैति दिव्यम् ॥ શ્રુતિ:

જે રીતે વહેતી નદીઓ પોતાના નામ-રૂપ છોડી દઈને સમુદ્રમાં વિલીન થઈ જાય છે, એવી જ રીતે બ્રહ્મજ્ઞાની પુરુષો નામ-રૂપથી રહિત થઈને પરાત્પર દિવ્ય પુરુષ - પરમાત્માને પામે છે.

વાસના = જે ભોગવ્યું, તેમાં રહેલી કામના.

તૃષ્ણા = જે ભોગવવું બાકી છે, તેની કામના.

કરણી વિના માત્ર કથની સારહીન છે.

ગુરુદર્શન - ગુરુવચન વિના ભક્તિ થતી નથી.

પરન્તુ બાદ ગુરુદર્શન કરાય, તો ભવતાં તે કેમ ન કરવા?

બીજાને નાનો સમજવો સહેલ છે, પરન્તુ પોતાને નાનો સમજવો કઠિન હોય છે.

## <u>ઇષ્ટદેવના નામના સતત સ્મરણથી આત્મસાક્ષાત્કાર</u>

માનવ આત્મરૂપથી મહાન છે, દેહરૂપથી ક્ષુદ્ર છે.
આ માનવદેહથી જ આત્મસાક્ષાત્કાર કરી શકાય છે,
અન્ય યોનિઓમાં એ શક્ય નથી.
માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ આત્મસાક્ષાત્કાર છે,
ઉચ્ચતર ભક્તિમાં ભગવાન - ભક્ત એકાકાર બને છે.
પ્રભુના ગુણોનો મહિમા ગાવો, તે <u>સ્તુતિ</u>,
તે ગુણ મારામાં આવે, તે યાચનાનું નામ <u>પ્રાર્થના</u>,
તે ગુણોને પચાવી તદાકાર થવું, તે <u>ઉપાસના</u> છે.
પરમાત્માનું સ્વરૂપ જલ્દીથી પકડાતું નથી.
તે તો નામ સ્વરૂપ છે. મનને સમજાવો કે પ્રભુને
પામવાનો એકમાત્ર રામબાણ ઈલાજ ઇષ્ટદેવના
નામનું સતત સ્મરણ છે. નામ અને નામીમાં ભેદ નથી.
<u>નામ ગ્રહણ કરતાં નામી પકડાય છે.</u>
ભક્તિનાં બધા માર્ગોમાં નામસ્મરણ રૂપી
ભક્તિનો માર્ગ સરળતમ છે.
દિવસના ચાર ભાગ પાડીને ચાર કલાક જાપ કરો.
સમર્થને શરણે જવાથી તમારી બધી ચિંતા ટળી જશે.
મનુષ્યનું ધાર્યું કાંઈ થતું નથી.

ધાર્યું ધરણીધરનું જ આખરે થાય છે, તેથી
તેના શરણમાં જ નિર્ભયતા અને નિશ્ચિંતતા છૂપાયેલી છે.
ધન નિધનરૂપ છે. ૫ ભાગ આકાશ, ૪ ભાગ હવા,
૩ ભાગ સૂર્યકિરણ, ૨ ભાગ પાણી, ૧ ભાગ અન્ન
- એટલું અન્ન તો મળી રહે જ.

દાનથી ધનની શુદ્ધિ થાય છે, મનની નહીં.

મનની શુદ્ધિ માટે ભગવાનની ભક્તિ જરૂરી છે.
એકાંતમાં બેસી ભગવાનના નામનું સતત સ્મરણ કરો.
ભગવાન બધી ભાષા જાણે છે.

મૂર્તિમાં જેને ભગવાન ન દેખાય, તેને બીજે ક્યાં દેખાવાનો છે? મૂર્તિ એ પરમાત્માનું પ્રતીક છે. વ્યાપક પરમાત્માને મૂર્તિમાં નિહાળવાથી બ્રહ્માનંદ જાગૃત થાય છે. મૂર્તિપૂજાથી મન શુદ્ધ થાય. આ પંક્તિ યથાર્થ છે કે:

'અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.'

ચિત્તની નિર્મળતા વખતે તેમાં મૂર્તિનું આંતરિક પ્રતિબિંબ પડતાં અપૂર્વ સ્થિરતા અને તન્મયતા પ્રાપ્ત થાય છે. પ્રાચીન તીર્થના જિનબિંબોમાંથી અપૂર્વ પ્રશાંત રસનાં ઝરણાં નિરંતર ઝરી રહ્યાં હોય, તેમ અચૂક લાગે છે.

કળિયુગમાં નામસ્મરણ એ જ ખરી ભક્તિ છે.

શ્રીમંતની ખુશામત થોડું ધન આપશે પણ શાંતિ નહિ આપે,

પરમાત્માની ભક્તિ શાંતિ આપશે.

શાંતરસ રસરાજ છે, તેના સ્થાયીભાવ વૈરાગ્ય કે શમ છે.

કામ કોઈપણ કરો પરંતુ તે પહેલાં જ ભગવદ્ભક્ત બનજો.

જગતમાં પ્રભુને છોડીને બીજા કોઈ પ્રેમને લાયક નથી.

જે મળ્યું છે, તે ઓછું પડે છે - તે જ ખરી ગરીબી છે,

જેને જે મળ્યું છે, તેમાં સંતોષ છે - તે જ ખરો શ્રીમંત છે.

પૈસાની પાછળ નહિ પણ પરમાત્માની પાછળ પડજો.

તમે તમારા મનના માલિક છો,

પ્રભુ સિવાય બીજા કોઈને ય તમારું મન આપશો નહિ.

પરમાત્મ શરણે રહેનારો સંસારસાગર તરી જાય છે.

રસનાં વિભાવ, અનુભાવ અને સંચારીભાવ

કાવ્યમાં આસ્વાદિત થતાં ભાવો તે રસ.

કારણોને વિભાવ, કાર્યોને અનુભાવ અને

લાગણીઓને સંચારીભાવ કહે છે.

તત્ત્વચિંતન, ધ્યાન, સ્વાધ્યાય, સમાધિ આદિ વિભાવ છે,

કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-માયાનો અભાવ તે અનુભાવ છે

અને ધૃતિ, રતિ, મતિ, બુદ્ધિ આદિ સંચારીભાવ છે.

પ્રભુનું સ્મરણ સમર્પણ બુદ્ધિએ થવું જોઈએ.

(૧) પાપ ન કરવાનો નિશ્ચય. (૨) પ્રભુનું નામસ્મરણ.

(૩) પૂર્વે થએલાં પાપોનો પશ્ચાત્તાપ - તેનું પ્રાયશ્ચિત.

(૪) પાપમુક્ત થવાની બુદ્ધિપૂર્વક પ્રભુને પૂર્ણ સમર્પણ.

(૫) પરમાત્મચિન્તન કરવાની શક્તિ માનવદેહમાં છે.

(૬) પરમાત્મચિન્તનની સાથે સત્કર્મનું સેવન કરવું.

(૭) પ્રભુનું દર્શન એ પ્રભુના વચન અને પરમાત્માના જીવનના દર્શનમાં છે, કેવળ બાહ્ય આકારમાં જ નહિ.

(૮) યોગોમાં 'હું' પ્રધાન હોવાથી અહંકારનો સંભવ છે, ભક્તોમાં 'આપ' પ્રધાન હોવાથી અહંકારથી મુક્તિ છે.

બધા યોગોમાં સત્યોગ એ સર્વશ્રેષ્ઠ યોગ છે.

એક કાર્યકર્તાનો બીજા કાર્યકર્તા સાથે યોગ થતો નથી, એ તાત્ત્વિક-દૃષ્ટ જાતિભેદ છે. સાચા ધર્મમાં ઝઘડાની કલ્પના પણ ન થઈ શકે. અધ્યાત્મ એ મહાવિજ્ઞાન છે. નામરૂપની પાછળ રહેલી કોઈ અલૌકિક દિવ્યસત્તાની સામે માનવ જો માથું ઝુકાવે અને પોતાનો અહંકાર ઓગાળી જવા દે, તો એમાં ધર્મનું બીજ છે. એ દિવ્યસત્તાને 'આ મારા ભગવાન - આ તારા ભગવાન'માં વહેંચતા ધર્મો માનવહૃદયની સરલતા અને સહૃદયતાનું શોષણ કરે છે.

ભગવાનનું નામ = સમ્યગ્રત્ન અને
શાસ્ત્રોનું સાર = સમ્યક્ક્રિયા, જે મળીને યોગ બને.
સામ્યયોગ એ ક્રિયા છે. ભારતની મૌલિક તાકાત બે છે:
એક ભગવાનનું નામ અને બીજો સામ્યયોગ. તે
બેને જે પિછાને, તે તેની તાકાતનો અનુભવ કરી શકે.

રામ ન્યાયમૂર્તિ હતા, કૃષ્ણ પ્રેમમૂર્તિ હતા.
એકમાં પ્રભુત્વશક્તિ હતી, બીજામાં સેવાશક્તિ હતી.
એકમાં પુરુષત્વ પ્રધાન - બીજામાં પૂર્ણત્વ મુખ્ય છે.

## શ્રી ગણેશ - ગણપતિનું આધ્યાત્મિક સ્વરૂપ

अन्तराय - तिमिरोपशान्तये
शान्तपावनमचिन्त्य - वैभवम् ।
तन्नरं वपुषि कुंजरं मुखे
मन्महे किमपि तुन्दिलं महः ॥१॥

અર્થ: જે શાંત છે, પાવન છે, જેનો વૈભવ અચિન્ત્ય છે,
જેનો દેહ મનુષ્યનો છે, જેનું મુખ હાથીનું છે અને
જેનું ઉદર વિશાળ છે, તે કલ્યાણકારક તેજનું અમે
અંતરાયરૂપ તિમિરને શાંત કરવા ધ્યાન કરીએ છીએ.
કાન હાથીના જેમ મોટા, આંખ હાથીના જેમ નાની
અને તેઓનું મુખ હાથીના જેમ લાંબું છે,

તેઓ જ શ્રી ગણેશ બધાના ધ્વનિને સાંભળી શકે છે, સૌના સ્વરૂપને જોઈ શકે છે, બધાના ગુણ - દોષને પેટમાં સમાવીને બધા પ્રકારના રસને જાણી શકે છે. તેઓ શાંત છે, માટે પવિત્ર તથા તેઓ કલ્યાણકારી છે.

<u>ગણેશસાધનાથી ઋદ્ધિ - સિદ્ધિ મેળવવાના ઉપાયો</u>

(૧) માબાપને સાક્ષાત દેવ ગણવા.

(૨) સાત્વિકતારૂપી જનોઈ પહેરવી. (૩) લાડુ સમ દેહ બનવું.

(૪) વિશાળ ઉદર જેવી ઉદાર દૃષ્ટિ રાખવી.

(૫) ઉંદર જેવા તુચ્છ વ્યક્તિને પણ ગૌરવવંતા બનાવવા.

(૬) મોદક સમ સાત્વિકાહાર કરી વિદ્યાપ્રાપ્તિમાં મગ્ન રહેવું.

અંધકારનો નાશ પ્રકાશથી થાય છે.

અંધકારમાં શક્તિ છે, તેઓ કોઈ ગુપ્ત અદ્ભુત અને અચિન્ત્ય શક્તિ તેમાં છે કે જે એક પળવારમાં અંતરાય રૂપી અંધકારનો વિલય કરે છે.

જીવનમાં અંતરાય અને વિઘ્ન છે, તેઓ હતાશ થવાની કે ખોટા રસ્તે જવાની જરૂર નથી પણ શાંત - પવિત્ર થઈ કલ્યાણકારી અંતરતેજના શરણે જવાની જરૂર છે. બન્ને આંખોને બંધ કરીને તે તેજનું ધ્યાન કરવાથી અંતરાયરૂપી અંધકારનો તત્કાળ વિનાશ થાય છે અને દેદિપ્યમાન પ્રકાશ પ્રકટ થાય છે.

## ભવિતવ્યતાનું જ્ઞાન એટલે અનંતસુખનો માર્ગ

ભવિતવ્યતાનું જ્ઞાન જેની બુદ્ધિમાં સ્થિર થઈ ગયું, તેના બધાં જ દુઃખોમાંથી મુક્તિ થઈ ગઈ અને તેનો અનંતસુખનો માર્ગ ખુલ્લો થઈ ગયો સમજવો. પરથી કરાતું કાર્ય પોતાનાથી કરાતું માનવું, એ અનાદિનું અજ્ઞાન છે. સ્વનું કાર્ય સ્વથી થાય છે, પરથી નહિ. મન-વચન-કાયા પર છે, તેનાથી સ્વનું કાર્ય થાય છે, એમ માનવું, એજ અજ્ઞાન છે - મોહ છે. મોહ એ આત્માનો પરમ શત્રુ છે, તેના દ્વારા નીચે થતાં તમામ કાર્યો આત્માને નુકસાનકર્તા જ છે. ત્રણે કાળમાં જે બને છે, તે એજ અપેક્ષાએ નક્કી થયા મુજબ જ બને છે, તેથી તેમાં હર્ષ-શોક કરવો નિરર્થક છે. વિકલ્પવાળું મન અશાંત છે - અસ્થિર છે, શાંત મન પરમાત્મામાં આત્માના સુખનો સ્વાદ અનુભવી શકે છે.

तस्मादार्त्तिबदर्दैदं रमास्वात्मन्यनिशं मनः ।
अज्ञानपवनं जित्वा धृष्णमाणं निवारय ॥७१६॥
अस्तु वस्त्वखिलं चित्तप्रतिबन्धस्तु दुःखदः ।
संबद्धेऽपि नरके मांसा लग्ने नो वेदना त्रुटौ ॥७१७॥

– પાર્શ્વચરિત્ર સર્ગ, ૨ (પરિશિષ્ટ-૯)

## ત્રિગુણની રમતને જોયા કરવી.

જેને ભવિતવ્યતા પૂરેપૂરી સમજાઈ ગઈ,
તેનું મન પરમાંથી મુક્ત થવું અને
સ્વના સુખનો સ્વાદ ચાખશે. એ સ્વાદ ચાખ્યા પછી
પરનો કુસ્વાદ આપોઆપ છૂટી જાય છે.
સમકીત થયા પછી ચારિત્ર આવે જ છે, એ ક્રમ છે.
ભવિતવ્યતાનો સિદ્ધાંત જેના રોમમાં વણાઈ ગયો છે,
તેના ઉપર કોઈ જાતનો બોજ રહેતો નથી.
તેને કાંઈ કરવાનું કે ન કરવાનું રહેતું જ નથી. તે
જાણે છે કે ઉદય મુજબ સંસારનાટક ચાલુ રહેવાનો જ.
પોતે તો હંમેશા સ્વકાર્યમાં જ ઉદ્યમશીલ રહે છે.
કર્મના ઉદય મુજબ મન-વચન-કાયાના યોગો કાર્ય
કરવાના છે જ, તે વિના તેમનો છૂટકો જ નથી, તેમાં
સમજ સમજનાર સ્વમાં રહે, ન સમજનાર મર્યા કરે છે.

સુખે-દુઃખે તથા માનઃ |
આત્મસ્ય વીતરાગત્વે, ભવલીનં રક્ષાત્મવેત્ ||

ભાવાર્થ: પોતાનું મન સદા વીતરાગતામાં -
નિર્વિકલ્પતામાં અને સમત્વભાવમાં રહે,
તેમ સતત પ્રયત્ન કરવો જોઈએ.

સમજુ આત્મા અનિત્યમાં પ્રીતિ કરીને ક્યારેય
દુઃખ ઊભું કરતાં નથી, કિન્તુ શાશ્વત અર્હત નિત્યમાં
પ્રીતિ કરીને સદાનું સુખ ઊભું કરે છે. પરને અનિત્ય
સમજવાથી જ બુદ્ધિમાંથી મમત્વ નષ્ટ થઈ જાય છે.

સમજ અને લક્ષ - એક જ વસ્તુ છે.

સમજ એજ સમકીત અને સમજ એજ ચારિત્ર.

લક્ષથી જ ક્રિયા લાભદાયી છે,
લક્ષ વિનાની શુભ ગણાતી ક્રિયા પણ નુકસાનકારક છે.

ભવિતવ્યતાનું રાજ ઓળખવું - એ
અનાદિની અણસમજ દૂર કરવાનું સાધન છે.

ભવિતવ્યતાનો બોધ પ્રમાદપોષક નહિ પણ
આપણા આત્માને અપ્રમત્ત બનાવનાર છે.

સૂક્ષ્માતિસૂક્ષ્મં કલિલસ્ય મધ્યે
વિશ્વસ્ય સ્રષ્ટારમનેકરૂપમ્ ।
વિશ્વસ્યૈકં પરિવેષ્ટિતારમ્
જ્ઞાત્વા શિવં શાન્તિમત્યન્તમેતિ ॥ - શ્વેતાશ્વતર

પઞ્ચદિનપ્રાઘૂર્ણકાન્ પ્રાણાન્ વિજ્ઞાય તત્કૃતે ।
કો રાગઃ કશ્ચ વિદ્વેષઃ કો નિજો વાઽથ કઃ પરઃ ॥૧॥
- પા. દ્વિ. ૭૧૮ (પરિશિષ્ટ-૧૦)

## ભવિતવ્યતાનો બોધ તથા તેનો સ્વીકાર શા માટે?

ભવિતવ્યતાના બોધથી કષાય જાય છે,
મૈત્રી તથા પરાર્થભાવ પ્રગટે છે, સ્વાર્થભાવ જાય છે,
શક્તિ સધાય છે અને પરમાનંદનો અનુભવ થાય છે.
સ્વભાવ - કાળ - કર્મ - ભવિતવ્યતા ઉપર કોઈનો કાબુ નથી.

સ્વભાવ = અગ્નિ બાળે પણ ઠારે નહીં.
સંસાર સ્વાર્થમય છે - તે નિઃસ્વાર્થ કેમ બને?

કાળ = ગર્ભ નવ માસે જ પરિપક્વ થાય.
ઋતુઓ એના ભાવ ભજવે, તે અન્યથા કેમ થાય?

કર્મ = ભગવાન ઋષભદેવ - વીરપ્રભુને ય ન છોડ્યા.
રામ અને સીતાનો વનવાસ, સતી દ્રૌપદીને ઉપસર્ગ,
સાધુ પુરુષોને પણ કેદ, કેન્સર અને લકવાના વ્યાધિ
- એ સર્વ કર્મનાં રૂપ છે.

ભવિતવ્યતા = ભગવાને ગોશાળા - મંખલિપુત્રને
તેજોલેશ્યાની વિધિ કેમ શીખવી હશે?
ભાવિભાવ ભવિતવ્યતાને બદલવા માટે કોણ સમર્થ છે?
અર્જુન એ અધૂરો છતાં પૂરેપૂરો માનવ ગણાય છે
અને કૃષ્ણ એ સનાતન સત્ય છે.
સનાતન નાદ ક્યારે બજે? મનની નિષ્પંદ અવસ્થામાં.

## મનની નિષ્પંદ અવસ્થા માટેનો સુવર્ણમાર્ગ

મૂલાધારમાં સૂર્ય અને સહસ્રારમાં ચંદ્ર -
ઉભયનું મિલન થાય, ત્યારે અનાહત નાદ જાગી ઉઠે છે.
પશુયોનિમાંથી બહાર નીકળવા માટે
જ્ઞાન અને જ્ઞાનેન્દ્રિય, બન્ને ઉપર કાબુ જરૂરી છે.
જે પોતાની જાતનો સ્વામી બને છે,
તે જગતનો સ્વામી બની શકે છે.
પ્રથમ સ્વરાટ્ અને પછી જ સમ્રાટ બની શકાય, તે
માટે મનના ગુલામ મટી મનને ગુલામ બનાવવું જોઈએ.
વિચારનિયંત્રણ = વિચારો, કલ્પનાઓ કે લાગણીઓના
પ્રવાહમાં તણાયા વિના તેના સાક્ષી બનીને જોવાની જાગૃતિ.
તેમ થાય તો ૫૦ ટકા વિચારનિયંત્રણ પ્રાપ્ત થયું ગણાય.
પછીના તબક્કે મનઃપ્રદેશમાં કોઈ વિચાર, કલ્પના કે
લાગણીને પ્રવેશવા ન દેવા અને મનને નિષ્પંદ અવસ્થામાં
રાખવાના પ્રયોગો ૨૫-૩૦ થી ૬૦ મિનિટ સુધી સિદ્ધ કરવા.
સાધનામાં ઝડપથી આગળ વધવાનો આ સુવર્ણમાર્ગ છે.
મનને તદ્દન શાંત કરવું.
કોઈ વિચાર પ્રવેશે તે પહેલાં જ એને રોકી દેવો.
મનની નિઃરવતામાં જ આત્મતત્ત્વનો સંપર્ક સુલભ બને.

शान्ते मनसि ज्योतिः प्रकाशते आत्मनः सहजम् ।
भस्मीभवत्यविद्या मोह - ध्वान्तं विलयमेति । सद्गुरुः

શાંત મનમાં આત્માની સહજ જ્યોતિ પ્રકાશે છે,
અવિદ્યા ભસ્મ થાય છે, મોહરૂપી અંધકાર નાશ પામે છે.

Universal vision = જ્યોતિ.

માનસિક વિશ્રામ - શારીરિક આરામ - વિશ્રાંતિ એક કળા છે કે જે વર્તમાનમાં જીવતાં શીખવે છે, જેથી ભૂતનો શોક કે ભવિષ્યની ચિન્તાનો ભાર ઉતરી જાય છે, તેમ મનમાં વિક્ષિપ્તતા ચાલી જઈને દૃઢતા ઉત્પન્ન થાય છે.

<u>મનને શાંત કરવા વર્તમાનમાં જીવવું.</u>

ભૂત-ભાવિના શોક-મોહથી મનને મુક્ત કરવાનો ઉપાય વર્તમાનમાં જીવવું તે છે. જીવન જીવાય છે માત્ર એક ક્ષણ. તેમ જીવવાની કળા આવડી, તેનું જીવન અનંતમાં લીન થયું, તેને અનંતમાં જીવતાં આવડી ગયું. જેને તેમ જીવતાં ન આવડ્યું, તે મૃતક સમાન બની ગયું. મોટરનો ડ્રાઈવર તથા પ્લેનનો પાઈલોટ વર્તમાનમાં જીવે, તો જ સ્વપરનું રક્ષણ થાય, ક્ષણને ભૂલે તો દુર્ઘટના થાય. વર્તમાનમાં જીવવું = મનને ભય, ચિંતા, રાગદ્વેષમુક્ત રાખવું. સમતોલ બની વર્તમાનમાં જીવી શકે, તે જ જીવી જાણે છે.

મન સંકલ્પ - વિકલ્પ કરે, હૃદય કોમળ - કઠોર બને
તથા બુદ્ધિ સારાસારનો વિભાગ કરે છે.
કર્મ કરવા પહેલાં મનુષ્ય બુદ્ધિથી વિચારે છે.
બુદ્ધિ શુદ્ધ હશે તો કર્મ પણ શુદ્ધ જ હશે.
બુદ્ધિની શુદ્ધિ સત્જ્ઞાનથી થાય છે.
સત્જ્ઞાન અધ્યાત્મ - યોગ - ઈશ્વરીય બોધથી મળે છે.
આપણું મન મત ઉપર ચાલે છે.
મત ચાર પ્રકારે : સર્વજ્ઞમત ગુરુમત, શાસ્ત્રમત, મનમત.
શાસ્ત્રમત અથવા ગુરુમત એ સર્વજ્ઞમતને આધીન છે,
જ્યારે મનમત એ સ્વચ્છંદ મત છે.
કામનાઓનું મૂળ સંકલ્પ છે.
માનસિક વિકારો મનને ચંચળ બનાવે છે.
ચંચળ મન અશાંત રહે છે, તેથી દુઃખનો અનુભવ થાય છે.
મનની નિવૃત્તિ માટે જ
મંદિરો, મૂર્તિઓ, તીર્થો, શાસ્ત્રો અને મંત્રો છે.
શાંતિ, સુખ, પ્રેમ તથા આનંદ વગેરે દૈવી ગુણો છે.
ઘર ભૂલ્યા બાળકનું અશાંતપણું સ્વાભાવિક જ છે.
પાંચ વિકાર = કામ, ક્રોધ, લોભ, મોહ, મદ - અહંકાર.
જીવાત્માના આ મહાશત્રુઓ સાથે યુદ્ધ એ ધર્મયુદ્ધ છે.

જેમ બળવાન શરીર નિરોગી હોય છે,
તેમ બળવાન આત્મા નિર્વિકારી હોય છે.
પરમાત્મા શાંતિ, સુખ, જ્ઞાન અને પ્રેમના સાગર છે.
જ્ઞાનસાગર, પ્રેમસાગર, સુખસાગર તથા શાંતિસાગર
એવા પરમ પિતા પરમાત્માની પ્રાપ્તિ
સત્યજ્ઞાન અને સહજયોગના અભ્યાસથી પ્રાપ્ય છે.
'મનમના ભવ |' 'મામેકં શરણં વ્રજ |' એમ કહીને
શાંતિદાતા શાંતિનું દાન કરી રહ્યા છે, યાચકની ચાહત છે.
મનની શાંતિ કંઠનો હાર છે. બહાર શોધવાથી તે નહિ
જ મળવાનો, તે માટે માત્ર અંતર્મુખ થવાની જરૂર છે.
બહિર્મુખને અશાંતિ છે, અંતર્મુખ થવા સ્વધર્મની ઓળખ
અને તેના સ્વરક્ષા માટે ચિન્તન કરવું જરૂરી છે.
આત્માનું નિવાસસ્થાન ભૌતિક સૃષ્ટિ નહિ,
એનાથી પર અખંડ જ્યોતિરૂપ પરમધામ - શાંતિધામ છે.
જ્યાં વિકાર છે, ત્યાં અશાંતિ - દુઃખ - નરક છે.
જ્યાં નિર્વિકારતા - પવિત્રતા, ત્યાં શાંતિ - સુખ - સ્વર્ગ છે.
નિરાકાર અને નિર્વિકારી પરમાત્માને યાદ કરવાથી જ
જીવાત્મા વિકારોથી છૂટકારો પામી શાંતિ મેળવી શકે.
ચિન્તાને પ્રભુના ચિન્તનમાં વાળી લેવા જોઈએ.

જેમ નાટક જોનાર કે ભજવનારને હર્ષ - શોક થતો નથી,
તે રીતે સંસારરૂપી નાટક જોવું અથવા ભજવવું જોઈએ.
બાર ભાવના તથા ચાર ભાવનાને હૃદયવિહાર માનો.
જીવ, જગત અને જગદીશ્વરને કથંચિત્ એક સ્વરૂપ માનો.

<u>ભાવો પાંચ છે:</u>

(૧) પારિણામિક (૨) ઔદયિક (૩) ક્ષાયોપશમિક
(૪) ક્ષાયિક તથા (૫) ઔપશમિક ભાવો.

જીવનું જીવત્વ પારિણામિક ભાવે રૂપ છે.
જગતનું વૈચિત્ર્ય કર્મકૃત છે, તેમ
જીવનું ઔદયિક સ્વરૂપ છે, તેને ભેદ માનો અને
જગદીશ્વર શુદ્ધ સ્વરૂપી પરમાત્મા છે, તેમ
તેઓ ઉપાસ્ય અને ઉપાદેય છે, એમ સ્વીકારો.

રોજ વિચારો: 'મારા જીવત્વ પ્રત્યે, સુખ-દુઃખ પ્રત્યે,
રાગ-દ્વેષ પ્રત્યે અને જ્ઞાન - દર્શન આદિ ગુણો પ્રત્યે
જેવો ભાવ મને છે અન્ય જીવોની તરફથી તે ભાવને
હું જે પ્રકારે ઈચ્છું છું, તેવો અને તે પ્રકારનો ભાવ
જીવો પ્રત્યે હું ધારણ કરું.

એટલું જ કાર્ય મને સુખ - શાંતિને આપનારું છે,
એ પછીનું કાર્ય પછીથી પોતાની મેળે જ થનારું છે.

મૈત્ર્યાદિ ભાવો જે હું મારા પ્રત્યે ઈચ્છા કરું છું, તે સર્વ પ્રત્યે ઈચ્છા કરું અને મૈત્ર્યાદિ ભાવો જે હું બીજા પાસે ઈચ્છું છું, તે બીજા સર્વ પ્રત્યે ઈચ્છા કરું. એ સ્યાદ્વાદબુદ્ધિ છે, એ સમત્વ છે, એ મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે કે કર્મબંધનથી છૂટવાનો માર્ગ છે,

તે શિવપદનો માર્ગ તે કર્મબંધનનો માર્ગ છે.'

મોક્ષમાર્ગ = સ્યાદ્વાદમાર્ગ – સદ્બુદ્ધિનો માર્ગ – મહાજનોનો માર્ગ.

'universe' શબ્દમાં : uni = one તથા

verse = ચક્ર – મંડળ – circumference.

જીવનું જીવત્વ એ centre છે,

વિશ્વ એ circumference છે,

વિશ્વેશ્વર એ તેના નિયામક છે.

જીવનો પારિણામિક ભાવ એ કેન્દ્ર છે.

જીવનો ઔદયિકભાવ એ પરિધ છે.

જીવનો ક્ષાયોપશમિકાદિભાવ એ નિયામક છે.

જીવ, જગત અને ઈશ્વર – ત્રણેનો એ સમન્વય છે.

સામ – દ્રવ્ય એ વ્યષ્ટિ – સમષ્ટિથી અનુસ્યૂત છે (વ્યાપ્તિ),

સમ – પર્યાય એ દ્રવ્યથી અનુસ્યૂત છે (તુલ્યતા) તથા

સમ્મ – ગુણ એ ગુણીથી અધિષ્ઠિત છે (એકતા).

જગમાત્ર પ્રત્યે આત્મૌપમ્યભાવ તે લાભ છે,
કર્મકૃત ભાવમાત્ર પ્રત્યે ઉદાસીનતાનો ભાવ તે લાભ છે, જિનોક્ત
ધર્મના પ્રત્યેક અંગ પ્રત્યે આદરનો ભાવ તે લાભ છે.
જીવ અનાદિ છે, તેની સાથે કર્મનો સંબંધ અનાદિ છે.
તે કર્મ સંબંધનો અંત આણનાર ધર્મ પણ અનાદિ છે.
એ ત્રણે પ્રત્યે યથાર્થ ભાવ તે ન્યાય છે અને
ન્યાય એજ મોક્ષમાર્ગનો આધાર પદ્ધતિ છે.

જીવના જીવત્વને એક ન માનવું,
કર્મના સંબંધથી થતી અવસ્થાઓને ભિન્ન ન માનવી
અને કર્મરહિત અવસ્થાને પ્રકૃતિ સ્વરૂપ ન માનવી,
તે અસત્ય છે, અન્યાય છે, તેજ ભવનો માર્ગ છે.

'બુદ્ધિ સત્યની પક્ષપાતિની છે'
એનો અર્થ તે શ્રેષ્ઠતરને જ ઇચ્છે છે.
જે મળ્યું છે, તેથી ચઢીયાતી અવસ્થા જ્યાં સુધી બાકી છે,
ત્યાં સુધી બુદ્ધિ તેનો પક્ષપાત કર્યા સિવાય રહી શકતી નથી.
'સત્ય એટલે ત્રિકાલાબાધ્ય' એવો અર્થ કરીએ, ત્યારે
એ બુદ્ધિ તેની પક્ષપાતિની છે. બાધિત વસ્તુ પ્રત્યે બુદ્ધિને
આસક્તિ છે નહિ, પરન્તુ જે અબાધિત છે, નિરાબાધ
અને નિર્વ્યાઘાત છે, તેના પ્રત્યે જ બુદ્ધિને આસક્તિ છે.

બુદ્ધિ અંતે મોક્ષને પામીને જ તૃપ્તિ - સંતોષ અનુભવે છે.

જે અનિત્ય છે, તે અસત્ છે અને

જે અસત્ છે, તેના પ્રત્યે બુદ્ધિને હંમેશા અનાદર છે.

બુદ્ધિ સત્યને અર્થાત્ કે નિત્યને જ ઝંખે છે.

સાચો શ્રીમંત તે છે કે જેને જે મળેલ છે, તેમાં સંતોષ છે.

મળેલમાં જેને સંતોષ નથી, તે જ સાચો દરિદ્ર છે.

અંતઃકરણની વૃત્તિ ભગવદાકાર થઈ જવી, તે ખરું પૂજન છે.

ભગવાનની સેવા અને ભક્તિ એના જ માટે છે

કે ભક્તના હૃદયમાં ભગવદાકાર વૃત્તિ ઉત્પન્ન થાય.

સાત્ત્વિકી ભક્તિ એટલે જે ભક્તિ કર્મક્ષય નિમિત્તે,

પ્રભુ પ્રીત્યર્થે અને શાસ્ત્રાજ્ઞા પાલન માટે થાય તે.

રાજસ ભક્તિ એટલે વિષયોની લાલચે યશ અથવા

કીર્તિના લોભે, ઐશ્વર્ય નિમિત્તે જે ભક્તિ થાય તે.

તામસ ભક્તિ એટલે જે ભક્તિ હિંસાની ભાવનાથી,

દંભ અને માત્સર્ય આદિ મલિન હેતુથી થાય તે.

લોકો સુખી થવાને માટે ભાગ્ય પાસેથી માંગ્યે માંગ્યું

મળવાને ધમપછાડા કરે છે, પરિણામે દુઃખી થાય છે.

સુખસંતોષની દૈવી કૂંચી તો એ છે કે

ભાગ્યને માંગ્યું આપી છૂટવું!

ભગવત્સ્મરણથી રોગ માત્ર મટે છે.

આ શરીરમાં અનેક રોગ ભર્યા છે છતાં તે કામ આપે છે,
એ ભગવત્સ્મરણનો જ પ્રભાવ છે.

ભગવત્સ્મરણથી દિવ્ય બળ, બુદ્ધિ અને પ્રેરણા મળે છે.

સત્કર્મ દ્વારા પ્રભુપ્રીતિ પ્રાપ્ત થાય છે.

સત્શાસ્ત્રોએ પ્રમાણિત કરેલા સર્વ સદાચારોનું પાલન કરનારા મનુષ્યો આ લોક - પરલોકમાં સુખી થાય છે.

સદાચાર અને સદ્વર્તનમાં જ ધર્મ પ્રગટ થતો રહે છે.

"મૌનં પરં સાધનં | સમરસ અવસ્થામાં મૌન જ હોઈ શકે, વ્યાખ્યાન નહિ. મૌન = મુનિવૃત્તિ. મૌન એટલે ચૂપ રહેવું એમ નહિ પણ મનન કરવું, તે મૌનનું લક્ષણ છે.

'મન્યતે યો જગત્તત્ત્વં સ મુનિઃ પરિકીર્તિતઃ |'

સમરસમાં અનેક રસોની મધુરતા રહેલી છે,
અદ્વૈતમાં એક જ રસ રહેશે.

દ્વૈતમાં અનેક રસ છે, સમરસમાં સર્વ રસોનો સમાવેશ છે.
તેમાં એકત્વ પણ છે અને અનેકત્વ પણ છે,
અર્થાત્ દ્વૈતાદ્વૈત બંને એકઠાં છે.

જે વાણીને અગોચર છે, મનથી પણ પર છે તથા
જે માત્ર સ્વસંવેદ્ય છે, તેનું નામ સમરસાવસ્થા છે.

ઉપયોગો લક્ષણમ્ । = નિશ્ચયનય.
નિશ્ચયથી આ વિશ્વમાં દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.
પરસ્પરોપગ્રહો જીવાનાં । = વ્યવહારનય.
વ્યવહારથી સમગ્ર વિશ્વ પરસ્પર સંકળાયેલું છે.

પ્રકૃતિ નિયમબદ્ધ કાર્ય કરી રહી છે, તે સૌને સુખી રાખવા નિત્ય-અવિશ્રાંતપણે પ્રયત્નશીલ છે. દા.ત. હોસ્પિટલના બધાં સાધનોનો ઉપયોગ દર્દીને સાજો કરવા માટે હોય છે. તેનું આખું તંત્ર - ડૉક્ટરો, નર્સો, વ્યવસ્થાપકો તથા નોકરો દર્દીની પીડા દૂર કરવા ઝંખે છે. કોઈ જીવ પીડાને ઈચ્છતું નથી, પરંતુ જાણતાં જ જો કષ્ટસાધ્ય - અસાધ્ય હોય, દર્દી સહયોગ આપતો ન હોય, અપથ્યાદિનું સેવન કરતો હોય, તો તેને પીડાવું પડે છે.

## દરેક દ્રવ્યનો સ્વભાવ

પ્રકૃતિમંડળમાં જીવને સહાયક થવાનો હોય છે. વિશ્વ નિયમબદ્ધ છે, તેથી જ તેનું તાળ મેળવી શકાય છે. ઘઉંથી ઘઉં, બાવળથી બાવળ - નિયમ છે. બધું અનિયત હોય તો જીવન ખોરવાઈ જાય. ધર્મ-અધર્મ જેમ ગતિ-સ્થિતિમાં સહાયક છે, તેમ જીવદ્રવ્ય પણ સ્વભાવમાં રહે, ત્યારે સમગ્ર જીવસૃષ્ટિને ઉપકારક જ હોય છે.

જડદ્રવ્ય જ્ઞાનને અપકાર કરનાર નિવડે, ત્યારે તે જીવ સ્વભાવમાં નહિ પણ વિભાવમાં રહેલ છે. જીવ જેમ જેમ વિભાવમાંથી હટીને સ્વભાવ તરફ વળતો જાય છે, તેમ તેમ તેનો વ્યવહાર, તેનું અસ્તિત્વ જ્ઞાનને પરોપકારક બનીને શુભંકર બનતું જાય છે. સ્વભાવ તરફ પ્રયાણનું મંડાણ અપુનર્બંધક અવસ્થાથી થાય, ત્યારથી જ તેનામાં ઔદાર્ય, દાક્ષિણ્ય આદિ ગુણો બીજના ચંદ્રમાની કળાઓની જેમ વૃદ્ધિગત થતા જાય છે. જીવોને યોગ્યતા મુજબ ઉપકાર એ મહાત્માઓના જીવનનો સહજ ક્રમ બની જાય છે, એ મુજબ સ્વભાવ તરફની ગતિની શરૂઆત પણ પરાર્થસ્ફુરણાથી થાય છે અને તેની પૂર્ણતા પરાર્થની પ્રકૃષ્ટતામાં પરિણમન પામે છે.

સ્વભાવદશા સાથે પરાર્થ સંકળાયેલ છે અને
વિભાવદશા સાથે સ્વાર્થ સંકળાયેલ છે.

સ્વાર્થ, અજ્ઞાન અને દુઃખ - એ ત્રણેને પરસ્પર મેળ છે
અને જીવની વિભાવદશાનાં સૂચક છે.

આખું આ વિશ્વ પરાર્થના પાયા ઉપર પ્રતિષ્ઠિત છે. પ્રકૃતિતંત્ર પ્રત્યેકને સુખી રાખવા સતત ગતિશીલ છે. સનાતન સત્યના આ અજ્ઞાનથી મનુષ્ય સ્વાર્થમાં પોતાનું

હિત જુએ છે અને વિશ્વના સનાતન નિયમનું ઉલ્લંઘન કરી જાતે જ દુઃખને નોતરે છે. જગના લોકો સંઘાતો સ્વાર્થ પ્રકૃતિતંત્રના સર્વ જીવોને સુખ કરવાનો જે નિયમ છે, તેનાથી વિરુદ્ધ છે, તેથી દંડને પાત્ર કરે છે. વિશ્વતંત્ર સાથે તે બંડ છે, તેથી દંડનીય બને છે. જગ જીવને સુખ આપનારી પ્રવૃત્તિ ઈનામને પાત્ર છે. ધર્મ-અધર્મ-આકાશાદિ દ્રવ્યો જીવદ્રવ્યની અવગાહના કરી શકતા નથી. પ્રકૃતિ એમને સદા સ્વભાવમાં જ સ્થિત રાખે છે, જે જીવદ્રવ્યને સદા સહાયક રહેવાનો છે. એક પુદ્ગલદ્રવ્યમાં જ જીવને સુખ અને દુઃખ-ઉભય આપવાનો સ્વભાવ છે. પુદ્ગલદ્રવ્યમાં બંને શક્તિ ભલે રહેલ પણ તે બેમાંથી કઈ શક્તિને કાર્યકર બનાવવી એની ચાવી જીવના હાથમાં છે. કાર્મણવર્ગણા જીવને નથી સુખ આપતી કે નથી દુઃખ આપતી પણ તેમાંથી જીવદ્રવ્યના અધ્યવસાયનો કરંટ પસાર થાય છે, જે પોતાની જાત પ્રમાણેના ગુણ-શક્તિ એ કાર્મણવર્ગણાને અર્પે છે. જગનું ભલું કરવાનો વિચાર એ કાર્મણવર્ગણાને પુણ્યરૂપે પરિણમાવે છે, તેનાથી વિપરીત વિચાર કાર્મણવર્ગણામાં દુઃખને પ્રદાન કરવાની શક્તિનો પ્રાદુર્ભાવ કરે છે.

જગનાં બધાં પુદ્ગલો તો આ કાર્મણવર્ગણાના આધિપત્યમાં
આવીને તેની શુભાશુભ પરિણતિ મુજબ પરિણમે છે.
જીવતત્ત્વની એક સહજ શક્તિ છે કે સ્વયંપણે એના
આદરથી અનુગ્રહ અને અનાદરથી નિગ્રહ થાય છે.

જીવદ્રવ્યનો પોતાનો સ્વભાવ પણ
સમગ્ર જીવજગતને ઉપકારક રહેવાનો છે.

જીવતત્ત્વને ઉપગ્રહ-ઉપકાર એ વિશ્વવ્યવસ્થાનું કેન્દ્ર છે.
પરિધ (circumference) એ કેન્દ્ર (centre)થી
આઘો-પાછો થાય, તો એ વર્તુળ ટકે નહિ, તેમ
આ જીવ એ કેન્દ્રથી ખસીને અહિત જેના અંતરમાં
ચેતનતત્ત્વ પ્રત્યેની આદરદૃષ્ટિ ન રહી, તે સ્વભાવથી
ખસી જાય છે અને વિભાવમાં ઘસડાઈ જાય છે.
આમ પરસ્પરોપગ્રહ એ જીવનું વ્યવહારિક સ્વરૂપ છે.
આ કેન્દ્રને જીવ જેટલા અંશે વળગી રહે, તેટલા
પ્રમાણમાં તે વ્યવહારનયથી સ્વરૂપમાં સ્થિત ગણાય.

'પરસ્પરોપગ્રહો જીવાનાં ।'

એ લક્ષણ ઉપર જ આખો વ્યવહારમાર્ગ ઊભો છે તથા

'ઉપયોગો લક્ષણમ્ ।'

એ લક્ષણ ઉપર જ આખો નિશ્ચયમાર્ગ પ્રતિષ્ઠિત છે.

પરસ્પર હિતાહિતમાં નિમિત્ત બનવું,
તે વ્યવહારનયનું સ્વરૂપ અને સ્વરૂપજાગૃતિ - Pure
awareness એ નિશ્ચય દ્રષ્ટિએ સાધનાનું કેન્દ્ર છે.
આ બે દ્રષ્ટિઓનો અભ્યાસ ક્રમશઃ
સમિતિ - ગુપ્તિ અભ્યાસમાં વહેંચી લેવામાં આવ્યો છે.

સમિતિપૂર્વકનું જીવન એટલે...

કોઈને પીડા ન થાય, અહિંસક કાળજીપૂર્વકનું જીવન.

ગુપ્તિપૂર્વકનું જીવન એટલે...

મન - વચન - કાયાના વ્યાપારોને
સતત આત્મામાં જોડી રાખવાના અભ્યાસપૂર્વક જીવવું.
સમિતિ એ પુણ્યરૂપે વ્યવહારમાર્ગને આવરે છે તથા
ગુપ્તિ એ નિશ્ચયમાર્ગની સાધનાને આવરી લે છે.
એ રીતે સમગ્ર સાધનામાર્ગનો સંક્ષેપ અને રહસ્ય
સમિતિ - ગુપ્તિમય જીવન છે.

- લોકસ્થિતિ અને જીવસ્વભાવ ઉપર વિચારણા
જન્મભૂમિ, તા. ૨૩-૮-૯૨, રવિવારની આવૃત્તિ

Obedience to the will of God
alone gives the right to command.
Let God take possession of you.

## તપ અને તાપ

સંસારનો ત્રિવિધ તાપ અધ્યાત્મ વિદ્યાથી
તપ બાળીને પાપને ખપાવે છે.
તાપ પુદ્ગલને તપાવે છે અને તપ પાપને તપાવે છે.
પાપનાં બીજ માનવના મસ્તકમાં ઉપજે છે.
અહિંસા અને સત્યનું અમલીકરણ સહજ
મનોદશા ઉપર આધારિત છે, તેથી જ ધર્મશાસ્ત્રોમાં
જ્ઞાન, દર્શન અને ચારિત્રને જ મહત્ત્વ આપ્યું છે.
જ્ઞાન અને ચિંતન દ્વારા ક્રિયામાં મન-વચન-કર્મની
શુદ્ધિ થાય છે અને તે દ્વારા ધર્મ પુષ્ટ બને છે.

બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ।
બ્રહ્મચર્ય તથા અહિંસાસેવન શારીરિક તપ ઇત્યાદિ છે.

o તનની શુદ્ધિ સેવાથી, મનની શુદ્ધિ ભજનથી અને
ધનની શુદ્ધિ દાનથી થાય છે.

સમર્પણભાવ વગર જીવનો ઈશ્વર સાથે સંબંધ ન થાય.
સમર્પણભાવ એટલે પરોપકારમય જીવન. - ડોંગરેજી

o

Who is the main source?
God is the source of all supply
and you are one with the source.

ભગવાન મહાવીરની છદ્મસ્થાવસ્થાનો પરચિ

માગસર વદ ૧૦ થી વૈશાખ સુદ ૧૦

<u>૧૨॥ વર્ષ અને એક પક્ષમાં કરેલ તપશ્ચર્યાની વિગત:</u>

(તપના અખંડ દિવસો ૧૧ વર્ષ, ૬ મહિના, ૨૫ દિવસ)

૧ વાર છ માસી તપ,

૧ વાર પાંચ દિવસ ન્યૂન એવું છ માસી તપ,

૯ વાર ચાર માસી તપ,

૨ વાર ત્રણ માસી તપ,

૨ વાર ૨॥ માસી તપ,

૬ વાર બે માસી તપ,

૨ વાર ૧॥ માસી તપ,

૧૨ વાર ૧ માસી તપ,

૭૨ વાર અર્ધ માસી તપ,

૧૨ અઠ્ઠમ - ૨૨૯ છઠ્ઠ,

૧ વાર ૧૦ દિવસની સર્વતોભદ્રપ્રતિમા,

૧ વાર ૪ દિવસની મહાભદ્રપ્રતિમા,

૧ વાર ૨ દિવસની ભદ્રપ્રતિમા, ૧ અહોરાત્રિ પ્રતિમા,

૧ વાર દીક્ષા ગ્રહણ કરી તે દિવસે ઉપવાસ.

૧૨॥ વર્ષ તથા ૧ પખવાડીયામાં ફક્ત <u>૩૪૯</u> પારણા.

## પ્રભુએ પ્રરૂપ્યું તે જ સાચું

તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઇયં ।
ઇણમેવ નિગ્ગંથં પાવયણં અટ્ઠે પરમટ્ઠે સેસે અણટ્ઠે ।

શ્રદ્ધાને સ્થૂપ કરવા માટે પુરુષાર્થ જોઇએ.
આપણું જૈન શાસન શ્રદ્ધા અને આચરણમાં છે,
કોરા શાસ્ત્રજ્ઞાનમાં નહિ.
શ્રદ્ધા એ પુરુષતંત્ર છે અને વિશ્વાસ એ વસ્તુતંત્ર છે.
શ્રદ્ધા એ ઇચ્છા યા રુચિ છે, તો પુરુષકાર એ પ્રયત્ન છે.

## પ્રયત્નના પાંચ પ્રકાર

(૧) ઉત્થાન : ઊભા થવું, પ્રમાદનો પરિહાર કરવો, કામે લાગવું, પ્રાણ પૂરવો.
(૨) કર્મ : ક્રિયા, ગતિ કરવી.
(3) બલ : મન - વચન અને કાયાને કર્મમાં પરોવવા.
(૪) વીર્ય : ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગ, આનંદ વિકસિત કરવો.
(૫) પરાક્રમ : વિઘ્નોનું ધીરતાથી ઉલ્લંઘન કરવું.

## સર્વ સિદ્ધિના પાંચ હેતુઓ

(૧) દોષોનો નાશ (૨) આવરણોનો વિલય
(3) બુદ્ધિનું તારતમ્ય (૪) જ્ઞાનની અપ્રાપ્યકારિતા અને
(૫) શાસ્ત્રના વચનોની અવિસંવાદિતા.

## ત્રણ પ્રકારના ભય

(१) પશુભય દૂર કરવા ચોરી - જારીનો ત્યાગ કરવો.

માતૃવત્ સર્વદારેષુ । પરદ્રવ્યેષુ લોષ્ઠવત્ ।

(२) નરભય ટાળવા હિંસા - અસત્યનો ત્યાગ કરવો.

આત્મવત્ સર્વભૂતેષુ ।

દુ:ખં પ્રાપ્ય ન દીન: સ્યાત્, સુખં પ્રાપ્ય ચ વિસ્મિત: ।

દુ:ખમાં દીન ન થવું અને સુખમાં લીન ન થવું.

દુ:ખ સત્ય છે, સુખ માયા છે.

નિર્વિકલ્પ ચૈતન્યના આકાશમાં સત્યના સૂર્યનું દર્શન થાય.

(3) દિવ્યભય ટાળવા રાગદ્વેષ ત્યાગી સમભાવ સેવવો.

સર્વત્ર સમદર્શી થવું.

ઉપરોક્ત દિવ્યભય ટાળવા શેનો શેનો ત્યાગ કરવો?

અતિ આહાર, અતિ શ્રમ, અતિ જલ્પ, અતિ વિષય, અતિ જનસંપર્ક અને અતિ લૌલ્યનો ત્યાગ કરવો.

'અનુભવ પચ્ચીસી'ની ગાથા १८

'મુખ્ય અનુયોગ ચાર મેં, દ્રવ્યાનુયોગ જિનનાથ;
સદ્‌ગુરુની કૃપા થકી, સમજે આતમરામ.'

શ્રી જિનનાથને દ્રવ્યાનુયોગનો સાર કહ્યો છે, કેમકે તેમાં આત્મદ્રવ્ય - ગુણ - પર્યાયની વિચારણા + ધ્યાન રહેલાં છે.

શ્રા - સુ - ૧૦, ગોંડીયા

## સંયમ અને તપ

સંયમ એ માત્ર સંવર રૂપ છે,
તપ એ સંવર - નિર્જરા ઉભય સ્વરૂપ છે.
સંયમથી વિષયવૃત્તિ કાબુમાં આવે છે,
તપથી કષાયભાવ નાબુદ થાય છે.
સંયમ વડે ભોગવાસના જિતાય છે,
તપ વડે ભેદવાસના નાશ પામે છે.
સંયમ ઈંદ્રિયનિગ્રહરૂપ હોવાથી વિષયવૈરાગ્ય કેળવે છે,
તપ એ મનોનિગ્રહરૂપ હોવાથી કષાયત્યાગ કરાવે છે.
સંયમ વડે ઈંદ્રિયજય થાય, તપ વડે મનોજય કરાય.
સંયમ એ વાસનાનો - તપ એ ઇચ્છાનો નિરોધરૂપ છે.
વાસના વૈરાગ્યથી રોકાય, ઇચ્છા અભ્યાસ વડે જિતાય.
અહિંસાપાલનાર્થે ત્રણે યોગોની વિશુદ્ધિ જોઈએ,
તપ - સંયમ વડે મન - વચનના યોગો જ શુદ્ધ બને છે
તથા અહિંસા વડે કાયયોગની વિશુદ્ધિ કેળવાય છે.

°

It asks greater purification for સાધના, which is very rare. without grace of faith in દેવ - ગુરુ, it is impossible.

પ્રભુની આજ્ઞાનું પાલન એક બાજુ મોક્ષ માટે હોય છે,
બીજી બાજુ જગતના હિત માટે હોય છે.

અસહાયતાનું પ્રકટન = પ્રભુ સિવાય કોઈ સહાયક નથી.
સંરક્ષણનો વિશ્વાસ = ભગવાન મને પરમ સહાયક છે.
અનુકૂળતાનો સંકલ્પ = જે થાય છે, તે બરાબર છે.
પ્રતિકૂળતાનું વિસર્જન = જે પણ ખોટું થઈ રહ્યું છે,
તેના વિરુદ્ધ ન ચિંતવવું તે.

સંતો દુઃખને દૂર કરતાં નથી પણ
દુઃખને સુખમાં ફેરવી નાંખે છે. સુખ - દુઃખ બન્નેમાં
આપણા મનની સમાનતા રહે, તેવું ઘડતર કરે છે.
મહાત્મા એમ ભૂલોની સ્મૃતિ છે, તેમ સાચું જ્ઞાન પામી
ભૂલોને સુધારી લે, તો ધર્મસ્મૃતિ પણ બની શકે છે.

જ્ઞાન એટલે જાણવું, વિજ્ઞાન એટલે જાણેલું અનુભવવું.
જ્ઞાન = Informatory knowledge.
વિજ્ઞાન = Experimental knowledge.

સુષુપ્તિમાં અજ્ઞાનના કાર્યનો લય છે, કિન્તુ કારણસ્વરૂપ
અજ્ઞાનતા કાયમ રહે છે. સમાધિમાં સત્યગ્રહણના કાર્યનો
લય છે પણ કારણરૂપ વિશુદ્ધ સત્ય કાયમ રહે છે.
સુષુપ્તિ સ્વાભાવિક છે, સમાધિ પ્રયત્નજન્ય છે.

## સંવાદિત મન શા માટે જરૂરી ?

વાંચો તેના કરતાં સો ગણું મનન કરો અને
મનનથી લાખ ગણું તેનું નિદિધ્યાસન કરો અને તેનો
જ સતત અભ્યાસ રહે - એમ કરવું ખાસ જરૂરી છે.
પરમાત્માનું નામસ્મરણ તે માટે મદદગાર છે, તેનાથી
શરીરની તંદુરસ્તી - મનની શાંતિ સહજ બને છે,
મન સંવાદિ બને છે, મનની તાણખેંચ મટી જાય છે.
સંવાદિતાવાળું મન બિમારી બાજુ કરી આયુ વધારે છે.

## સંસ્કૃતિ અને સંસ્કારનું માહાત્મ્ય

આજના મનુષ્ય પાસે શક્તિ છે પણ દૃષ્ટિ નથી તથા
જ્ઞાન છે પણ પ્રજ્ઞાન = પ્રત્યક્ષ જ્ઞાન નથી.
સંસ્કૃતિ - Civilization એ આવિષ્કાર છે અને
સંસ્કાર - Culture એ અનુભૂતિ છે.
સંસ્કાર વગર સંસ્કૃતિ - એ પ્રાણ વિનાનો દેહ છે.
જે જ્ઞાન ઉપર પ્રજ્ઞાનની અસર નથી,
એ જ્ઞાન મનુષ્યને મિથ્યા ઘમંડ તરફ ઘસડી જાય છે.
શિક્ષણની સાથે સંસ્કારનું જોડાણ જોઈએ.
શિક્ષણ એટલે કૌશલ્ય - શક્તિ.
સંસ્કાર એટલે જીવનનું યથાર્થ મૂલ્યાંકન.

## યોગમાર્ગે કોણ ઝડપથી કૂચ કરી શકે ?

જ્યારે મનની સમતુલા સ્થપાય છે,
ત્યારે શાંતિનો અનુભવ થાય છે.
આ શાંતિની અવસ્થામાં અડગ ધ્યાન શક્ય બને છે.
પદ્માસન વાળીને બેસવાથી ગણતરીની પળોમાં જ
સુષુમ્ણા નાડી શરૂ થાય છે અને આ નાડી ચાલતી હોય,
ત્યારે મનની સમતુલા સહજ બને છે.
પ્રભુ અથવા તો આત્મા સાથે મિલન સાધવાની જેને
ખરેખરી ઝંખના, આતુરતા, ઉત્સાહ કે દૃઢ સંકલ્પ હોય,
તે યોગમાર્ગે ઝડપથી કૂચ કરી શકે છે.

## સાધના માટે સુયોગ્ય દ્રવ્ય - ક્ષેત્ર - કાળ

દ્રવ્યથી સચિત્તાચિત્ત મિશ્ર દ્રવ્યો.
ક્ષેત્રથી ગામ, નગર, અરણ્ય, ક્ષેત્ર, ખળ, ઘર, આંગણું.
કાળથી સમય, આવલિકા, આણપ્રાણ, સ્તોક, લવ,
ઘડી, મુહૂર્ત, અહો - રાત્ર, પક્ષ, માસ, ઋતુ,
અયન, સંવત્સરાદિ, દીર્ઘકાળ સંયોગ.

o

ૐ નમો જિણાણં સરણાણં મંગલાણં લોગુત્તમાણં
હ્રાં હ્રીં હ્રૂં હ્રૈં હ્રૌં હ્રઃ અ સિ આ ઉ સા ત્રૈલોક્યલલામ
ભૂતાય ક્ષુદ્રોપદ્રવશમનાય અર્હતે નમઃ સ્વાહા । - વર્ણ પૂ.

## કર્ણાટકમાં રહેલા શિવયોગની સાધના

માનવદેહ એ પ્રકૃતિની ઊંચામાં ઊંચી ભેટ છે. મનુષ્યના
દેહની અદ્‌ભુત રચના દ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય.
શરીરમાં જેમ ષટ્‌ચક્રોની સાધના છે, તેમ
કર્ણાટકમાં હજારો વર્ષથી શિવયોગની સાધના ચાલી આવે
છે અને તે પણ એક પૂર્ણ યોગની સાધના કહેવાય છે.
આજ્ઞાચક્ર જ્યાં છે, ત્યાં માનવનું ત્રીજું નેત્ર છે.
તેને જાગૃત કરવાથી આત્મસાક્ષાત્કારાદિ થાય છે.

આધુનિક વિજ્ઞાન પણ કહે છે કે:

માનવમગજમાં ભ્રકુટી પાસે એક પીનીઅલ ગ્લેન્ડ છે,
જે મનુષ્યની લાગણી - બુદ્ધિ-ઇન્દ્રિયનું મુખ્ય સંચાલક છે.
તે એક જ્યોતિઃપુંજ છે. શિવયોગ વડે આ જ્યોતિની
પ્રાપ્તિ સાચા સાધકને અલ્પકાળમાં જ સિદ્ધ થાય છે.
આ સાધનામાં નાદ-બિંદુ-કલા ત્રણેની ઉપાસના રહેલી છે.
કર્ણાટકમાં એક વિશિષ્ટ પ્રકારનો કાળો પત્થર થાય છે,
જેને શરીરની સાથે સ્પર્શ કરવાથી
વિદ્યુતશક્તિનો સંચાર થાય છે.
આ પત્થરનું શિવલિંગ બનાવવામાં આવે છે, તે લિંગમાં
કોઈપણ પ્રકારના ઇષ્ટની પ્રાણપ્રતિષ્ઠા થઈ શકે છે.

પત્થરના આ શિવલિંગને ડાબા હાથમાં મૂકવો.
હાથ આંખની સીધી દૃષ્ટિમાં રહે તેટલો ઊંચો રાખવો.
શરૂઆતમાં મસ્તકની પાછળ એક દીવો રાખવો. આ
લિંગમાં જે દિવાનું પ્રતિબિંબ પડે, તેમાં ધારણા કરવી.
આ ધારણાથી તૃતીય નેત્ર ક્રમે ક્રમે જાગ્રત થાય છે,
કેમકે બંને છેડે વિદ્યુતનો contact પૂરો પડે છે.
ડાબા હાથમાં વિદ્યુત પ્રવાહ વહે છે. લિંગને શરીરનો
સ્પર્શ રહેવાથી આ contact પૂરેપૂરો જળવાઈ રહે છે.

પ્રતિમાપૂજનનું રહસ્ય પણ આ જ છે, પરંતુ
પ્રતિમાનો સાથે દીર્ઘકાળ contact રહી શકતો નથી,
જ્યારે આ લિંગ તો હાથમાં વધુ વખત રાખી શકાય છે.

શિવપૂજામાં કલા = લિંગને સૌથી પ્રથમ
સ્નાન, પૂજા વગેરે વડે આનંદ અપાય છે.
બિંદુ = જ્યોતિ ઉપરની ધારણા એ બિંદુની સાધના છે.
નાદ = જ્યાં શુદ્ધ ધારણા રહે, ત્યાં શુદ્ધ
મંત્રજાપ ચાલુ રાખવાના હોય છે.

અભ્યાસ વધતાં દીવો રાખવાની જરૂર રહેતી નથી.
લિંગમાં આપોઆપ જ્યોતિદર્શન થવા લાગે છે અને
તે જ્યોતિર્મય ધ્યાનમાં પરિણમી જાય છે.

આ શિવયોગમાં ઇષ્ટનું આલંબન સતત હોવાથી
હઠયોગની જેમ પતનનો ભય નથી.

કાળા રંગમાં જ જ્યોતિદર્શન સરળતાથી થઈ શકે છે તથા ઇષ્ટ, શરીર અને ત્રીજા નેત્રનો contact ચાલુ રહેવાથી શક્તિનો અપવ્યય થતો નથી. કપાળમાં તિલક કરાય છે, તેમાં પણ ત્રીજા નેત્રની ઉપાસના-પૂજાપદ્ધતિ રહેલી છે.

(૧) ઇષ્ટલિંગ તે પાષાણના પ્રતિમાજી.
(૨) પ્રાણલિંગ તે આત્મા પોતે અને
(3) ભાવલિંગ તે વિશ્વચૈતન્ય સ્વરૂપ પરમાત્મા.

આ ત્રણે લિંગની સમાપત્તિ શિવયોગ કરાવી આપે છે. આ સાધનાથી અતીન્દ્રિય જ્ઞાન - ટેલીપથી - ક્લેર વોયન્સ વગેરે પણ થઈ શકે છે. તિબેટના લામાઓ ત્રીજા નેત્રને જાગૃત કરવાની આ કળા આજે પણ જાણે છે.

થોડું મળે છતાં ઘણું માને તે 'શિવ' અને
ઘણું મળે છતાં થોડું માને તે 'જીવ'.

દાસત્વભાવથી કરેલી પૂજા પ્રભુને વધુ ગમે છે.

પ્રભુમિલન માટે હૃદયને આર્દ્ર - આર્ત બનાવવું, તેનું નામ 'આરતી.' જીવનમાં ક્યારેય પણ માણસની આશા રાખશો નહિ અને પ્રભુની આશા કદી છોડશો નહિ.

મંત્રચૈતન્ય = પ્રભુમય નાદશક્તિનો આવિર્ભાવ.

મંત્રરાજ અર્હંના અભિધેય શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ
પ્રથમ પરમેષ્ઠી શ્રી અરિહંત પરમાત્માનું
સહસ્રદલ કમલમાં વિધિવત્ ધ્યાન કરવું, તેથી...
(૧) ધ્યાનાવેશ ઉત્પન્ન થાય છે.
(૨) 'સોऽહં-સોऽહં' એવો સહજ આલાપ પ્રાપ્ત થાય છે.
(૩) આત્મા - પરમાત્મા વચ્ચેના ભેદના વિષયની સર્વ શંકાઓ વિલીન થાય છે. (૪) આત્મા - પરમાત્મા વચ્ચેના અભેદનું અત્યંત સ્પષ્ટ - નિર્વિવાદાત્મક ભાન થાય છે.

ભગવાન વીરે કહેલ શ્રી નવકાર મહામંત્રનું માહાત્મ્ય

भगवया भणियं पंच नमोक्कारस्सरणा -
निच्छयमाहप्पमिणं । अवि य -
भद्दय भावो भव्वो एत्तो पावेइ सुद्ध सम्मत्तं ।
सम्मद्दिट्ठी विरइ विरओ सिवसंपयं खिप्पं ॥१॥
जं पुण सुहसोहग्गं रूवं लच्छी पहुत्तदेवत्तं ।
एयं पलालकप्पं पसंगपत्तं अणप्पंपि ॥२॥
इय सव्व गुणट्ठाणगकारणमेसो महापभावो य ।
इहपरभवसुहजणओ पहाणमंतो नमोक्कारो ॥३॥

(પરિશિષ્ટ-૧૧)

## સમકિતની સિદ્ધિ કઈ રીતે થાય ?

આત્મા સુખ - દુઃખનો ભોક્તા ન બનતાં 'જ્ઞાતા' બને, રાગ-દ્વેષનો કર્તા ન બનતાં 'દ્રષ્ટા' બને અને સુખ - દુઃખના જ્ઞાનનો અને રાગ-દ્વેષના દર્શનનો પણ કર્તા તથા ભોક્તા બને, તો સમકિતની સિદ્ધિ થાય. 'સુખ - દુઃખ એ કર્મનું ફળ છે' એમ સમજીને તેમાં માત્ર જ્ઞાતૃત્વ રહે, રાગ-દ્વેષ એ કર્મબંધનનાં હેતુ છે, એમ માનીને તેમાં કેવળ સાક્ષીભાવ જ રહે અને આત્માના મૂળ ગુણ જે જ્ઞાન-દર્શન તેમાં ઉદાસીન ન રહેતાં સંવેદનાત્મક કર્તૃત્વ - ભોક્તૃત્વભાવ કેળવે, તો ભવસંવર અને વિપુલ નિર્જરાદિ ફળને પ્રાપ્ત કરે. આ રીતે સુખ-દુઃખનો જ્ઞાતા, રાગ-દ્વેષનો દ્રષ્ટા અને જ્ઞાન-દર્શનગુણનો કર્તા-ભોક્તા એવો આત્મા સમતા-રસનો અનુભવ કરે છે. સુખ-દુઃખ વખતે તેના ભોક્તા ન બનતાં જ્ઞાતા રહે, તો જરૂર સમપરિણામ કેળવાય છે. રાગ-દ્વેષ વખતે તેના કર્તા ન બનતાં દ્રષ્ટા રહે, તો અપૂર્વ સમપરિણામ કેળવાય છે. જ્ઞાન - દર્શન વખતે ઉદાસીન ન રહી તેમાં આત્માનું કર્તૃત્વ-ભોક્તૃત્વ કેળવે, તો સ્વસંવેદન સ્વરૂપ આત્મજ્ઞાનનો અધિકારી બને છે.

શૈવ પરિભાષા - सन्निधानं निधानं ।

अव्यवधानेनोपस्थितिः सन्निधिः । રામરામાનુજ

विस्मयो योगभूमिका ।

સમજૂતિ: વિસ્મય થવો તે યોગની ભૂમિકા છે.

(૧) ક્રિયામાં સતત ઉદ્યોગ રહેવો.

(૨) ઉચ્ચારણ કરતાં અર્થની વિચારણા કરવી.

(૩) વંદનની તક મળતા હૃદયમાં આનંદ અનુભવવો.

(૪) ભવભ્રમણનો ભય જાગવો.

(૫) આરાધ્ય એવા પરમાત્મા પ્રત્યે બહુમાન થવું.

(૬) પુલક = પ્રફુલ્લિત રોમાવલિ - રોમાંચાંચિત વપુઃ ।

(૭) વિસ્મય = વિકસિત વદનકમલ - મુદશ્રુપરિપૂરિતલોચનઃ ।

(૮) પ્રમોદ = સતત રીતે વૃદ્ધિ પામતો

આત્મોલ્લાસ - વીર્યોલ્લાસ - ભાવોલ્લાસ અનુભવવો.

Symbiosis એટલે પરસ્પર લાભાન થવું.

ઉત્તમમાં ઉત્તમ બધું છે આપણી પાસે

ઉત્તમમાં ઉત્તમ ઉપદેશક છે હૃદય.

ઉત્તમમાં ઉત્તમ શિક્ષક છે સમય.

ઉત્તમમાં ઉત્તમ પુસ્તક છે દુનિયા.

ઉત્તમમાં ઉત્તમ મિત્ર છે ઈશ્વર.

# परब्रह्मोपनिषत्

चतुष्पादान्तर्वर्तिनोऽन्तर्जीवब्रह्मणश्चत्वारि स्थानानि ।
नाभिहृदयकण्ठमूर्धसु जाग्रत्स्वप्नसुषुप्तितुरीयावस्थाः,
आहवनीय गार्हपत्यदक्षिणसभ्याग्निषु ।
जागरिते ब्रह्मा, स्वप्ने विष्णुः,
सुषुप्तौ रुद्रस्तुरीयमक्षरं चिन्मयम् । (परिशिष्ट-१२)

સકલબ્રહ્મ = જીવ(જંતુ)ના આત્મા નિજ આત્મસ્વરૂપ છે અને તેવા આત્મબ્રહ્મનો સાર ૐકાર રૂપ શબ્દબ્રહ્મ છે. તે પ્રમાણે સમજે - ધ્યાન કરે તો તે પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત કરે - સિદ્ધ કરે. પરબ્રહ્મ સચ્ચિદાનંદસ્વરૂપ છે.

તે પરમાત્મા કેવા છે? તે જણાવે છે:

(૧) દ્રવ્યાર્થિકનયે શાશ્વત છે. (૨) પ્રદેશાર્થિકનયે અક્રમ છે.
(૩) પરમાત્મા નિરાવરણ છે, માટે ઉદ્યોતકારી છે.
(૪) પરમાત્મા ઉત્કૃષ્ટતાગુણના સ્વામી, માટે પરબ્રહ્મ છે.
(૫) અરૂપી - અમૂર્ત હોવાથી પરમાત્મા જ્યોતિસ્વરૂપ છે.
(૬) સહજ સ્વરૂપી હોવાથી પરમાત્મા સહજાનંદી છે.
(૭) નિરંતર અતીન્દ્રિય આનંદમય હોવાથી સદા સુખકંદ છે.
(૮) અનંત સુખસ્વરૂપ હોવાથી મહાસુખસાગર છે.
(૯) બધા દ્વન્દ્વો ચાલ્યા જાય છે, તેથી ગતસર્વદ્વન્દ્વ છે.

## ચિત્ત શાંત શેનાથી થાય ?

આનાપાનમાં સહજ શ્વાસોશ્વાસમાં ચિત્ત સ્થિર કરવું ઘણું કઠિન પડે છે. પ્રભુની શરણાગતિ અને અનુભૂતિમાં આપણું ચિત્ત સહેલાઈથી શાંત થાય છે.

અલગ અલગ જાતના પ્રયોગો કરતાં કરતાં આપણી પ્રકૃતિને અંતે શું માફક આવે, તે સમજાય છે. સૌને મંત્રાલંબન, સર્વમાં સ્વરૂપાનુભૂતિ, પ્રભુશરણ, સાંનિધ્યાનુભૂતિ વગેરે સહેલાઈથી અનુકૂળ આવે છે. અંતરાત્મા, પરમાત્મા, બહિરાત્મા - એ ત્રણેની અનુભૂતિ દ્વારા બહિરાત્મભાવનો ત્યાગ અને અંતરાત્મભાવમાં સ્થિરતાપૂર્વક પરમાત્મભાવનું ભાવન ઘણું સારી રીતે થઈ શકે છે. એક એક માર્ગમાં કઠિનતાઓ અને સૂક્ષ્મતાઓનો ઘણું પ્રયોગ કરતાં કરતાં વિશેષ ખ્યાલ આવે છે.

જેમ એક શાસ્ત્રથી જ કાર્ય થતું નથી, કિન્તુ
વ્યાકરણ, કાવ્યાદિ ઘણાં ગ્રન્થો કરવા પડે છે,
તેમ ચિત્તને નિર્મળ કરવા માટે
ઘણા જાતના અધ્યયન - ધ્યાનપ્રયોગો જરૂરી છે,
એમ અનુભવથી સમજાય છે,
છેવટે ભલે એક પ્રયોગ પૂરતો હોય.

‘અહં-મમ’ એ જ દુઃખ અને અશાંતિનું મૂળ છે.
દેહની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ કર્માધીન છે.
આત્મા અનાદિકાળથી તેના જ દેહમાં પુરાયેલો છે.
હવે, પછી, મન ગતિમંત કરે છે.
વર્તમાનની મન-વચન તથા કાયાથી થતી બધી પ્રવૃત્તિ
નક્કી થયેલા કર્મ મુજબ થાય છે,
એ જ નિયતિ અથવા ભવિતવ્યતા છે.
ફિલ્મ પહેલા ઉતરે, એ પછી પડદા ઉપર દેખાય છે.
‘ફિલ્મમાં આમ થાય તો સારું - આમ ન થાય તો સારું’
વગેરે જાતના સંકલ્પ-વિકલ્પો
ફિલ્મને નહિ સમજનાર અજ્ઞાન બાળક સિવાય
બીજો કોઈ તો કરે જ નહિ.
જે ફિલ્મને સમજે છે, તે તો દૃષ્ટાભાવે જોયા કરે છે.
પરની તમામ પ્રવૃત્તિ-કૃતિ ફિલ્મ જેવી છે.
તે સમજનાર સાધકો અન્ય કાંઈ વિકલ્પ કરતાં નથી.
તેઓનું મન પરમાંથી નિવૃત્ત - શાંત અને સ્થિર થયું છે.
જે વાત નક્કી થઈ ગઈ છે,
તેમાં કશો ફેરફાર થવાનો જ નથી,
તેમાં સારું-ખોટું શું માનવું? સુખ-દુઃખ શાં લગાડવાં?

નીચેના વાક્યોમાં ચારે આશ્રમનાં કાર્યો દર્શાવેલાં છે:

(૧) બ્રહ્મચર્યાશ્રમ = कुटुंबे, शुचौ देशे, स्वाध्यायं अधीयानः।

(૨) ગૃહસ્થાશ્રમ = धार्मिकान् विदधत् ।

(3) વાનપ્રસ્થાશ્રમ = आत्मनि सर्वेन्द्रियाणि संप्रतिष्ठाप्य।

(૪) સંન્યાસાશ્રમ = अहिंसन् सर्वभूतानि, अन्यत्र तीर्थेभ्यः।

पिता रक्षति कौमारे, भर्ता रक्षति यौवने ।
रक्षन्ते स्थविरे पुत्रा, न स्त्री स्वातंत्र्यमर्हति ॥ અર્થાત્:

કુંવારી હોય ત્યારે પિતા, યુવાનીમાં પતિ અને વૃદ્ધપણામાં પુત્રો રક્ષણ કરે છે, કારણકે સ્ત્રીને સ્વતંત્ર રાખવા યોગ્ય નથી. તાત્પર્ય એ છે કે આજીવિકા માટેની જવાબદારી સ્ત્રીઓ ઉપર ન રાખવી, કારણકે સ્ત્રીઓ એક બહુ મોટી માતૃપદની અને શીલરક્ષાની જવાબદારી વહન કરે છે. એ બંને જવાબદારી એટલી મોટી છે કે એ બે વસ્તુઓના આધારે જ મનુષ્યજાત સુરક્ષિત છે. સ્ત્રીઓ ઉત્તમ સંતતિ - ઉત્તમ સંસ્કારોની જનની છે.

o

બે પ્રકારની પ્રતિષ્ઠા

spiritual value = આધ્યાત્મિક પ્રતિષ્ઠા અને
social value = સામાજિક પ્રતિષ્ઠા.

## વાયુને જીતવાથી શું શું થાય ?

अलौल्यमारोग्यमनिष्ठुरत्वं
गन्धः शुभो मूत्रपुरीषमल्पं ।
कान्तिः प्रसादः स्वरसौम्यता च
योगप्रवृत्तेः परमं हि चिह्नम् ॥

(૧) વાયુને જીતવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.
(૨) વર્ચ સ્ખલન ઘણું નથી. (૩) શરીર હલકું થાય છે.
(૪) રોગનો નાશ અને મળાલ્પતા થાય છે.
(૫) શરીર સુગંધી બને છે. (૬) હાંફ કે શ્વાસ થતો નથી.
(૭) આસનની દૃઢતા - વાણીની મધુરતા - સૌમ્યતા થાય છે.
(૮) કરુણારસ ઉત્પન્ન થાય છે, નિષ્ઠુરતા - નિર્દયતા ટળે છે.

## આચાર્ય પદાર્પણ માટે જઘન્ય યોગ્યતા

(૧) પાંચનો ગણ (૨) જઘન્ય ગીતાર્થપણું (૩) સંયમશુદ્ધિ.

## પદ્દક પ્રમાણે અપવાદ કોને કહેવાય ?

જે ઉત્સર્ગસાધક અને ઉત્સર્ગની રૂચિપૂર્વકનો હોય તથા કારણિક હોય, તેને 'અપવાદ' કહેવાય.

## 'સામસંભેદ' એટલે શું ?

શત્રુ, મિત્ર, ઉદાસીન અને સ્વ (પોતે) - એ સર્વમાં ભેદભાવ ન હોવો, તે 'સામસંભેદ' છે. એ કસોટી છે.

## બાહ્યનિવૃત્તિનો અર્થ છે અંતઃપ્રવૃત્તિ સાર.

ઉત્કૃષ્ટ એવા અંતઃપ્રવૃત્તિનું નામ જ બાહ્યનિવૃત્તિ છે. સમતાભાવમાં બાહ્યનિવૃત્તિ છે અને અંતઃપ્રવૃત્તિ છે. તેનો સાર સુખ-દુઃખનું જ્ઞાતૃત્વ, રાગ-દ્વેષનું દ્રષ્ટૃત્વ, જ્ઞાનદર્શનનું કર્તૃત્વ અને તપ-ત્યાગનું ભોક્તૃત્વ છે. સમતાવાન સુખ-દુઃખનો ભોક્તા નહિ પણ જ્ઞાતા તથા રાગ અને દ્વેષનો કર્તા નહિ પણ દ્રષ્ટા બને છે, જ્ઞાન-દર્શનનો અકર્તા નહિ પણ કર્તા બને છે અને તપ-ત્યાગનો દ્રષ્ટા નહિ પણ ભોક્તા બને છે. સમતા મનઃશુદ્ધિ અને આત્માનંદરૂપ છે. સાચી નિર્ભયતા ઈશ્વરનું સાંનિધ્ય પ્રાપ્ત કર્યા વિના ન જ આવે. સદા-સર્વત્ર એ મારી નજદીક તો શું પણ સ્વયં મારામાં બેઠેલા જ છે, માત્ર એનો સ્પર્શ અનુભવવાનો છે.

Love each other, as I loved you.

વ્યક્તિગત કરતાં સૌ સાથેનો સામૂહિક મોક્ષ ઈચ્છનીય છે.

इदं मे नाभिः, इह मे सधस्थं | इमे मे देवाः - अहमस्मि सर्वः | અર્થાત્: હું જ્યાં રહું છું, તે બ્રહ્માંડનું કેન્દ્રબિન્દુ છે. અહીં મારી સત્સાધના ચાલે છે. આ સૌ મારા માટે પરમાત્મા રૂપ છે અને હું એ સર્વ રૂપ છું.

જે મુક્ત છે, તે યોગી છે અને તે જ સંસ્કારી છે.

તનાવ - ટેન્શનનું કારણ અમુક્ત જીવન છે.

વિજ્ઞાન એ ગતિ છે, મૂલ્યાંકન એ દિશા છે.

દિશાનો વિભ્રમ કે અસ્પષ્ટતા હોય,

ત્યાં ગતિનો વેગ ઘાતક છે.

વિજ્ઞાનની શક્તિ અને અધ્યાત્મની દૃષ્ટિ -

બન્ને મળીને જ મુક્તતા આવવાની છે અને

જટિલ પ્રશ્નોનો ઉકેલ થવાનો છે.

વિજ્ઞાન અપરાવિદ્યા છે, જ્યારે અધ્યાત્મ પરાવિદ્યા છે.

અધ્યાત્મ વિનાનું વિજ્ઞાન એ પાયા વિનાનો મહેલ છે.

મંત્રગુણ વિકસાવવા માટે પણ અધ્યાત્મ જરૂરી છે.

<u>મંત્રગુણ સંગતકારક થતાં ૧૦ લાભ</u>

(૧) સુખે ઊંઘે (૨) સુખે જાગે (૩) કદી દુઃસ્વપ્ન ન આવે.

(૪) સર્પને પ્રિય બને (૫) ભૂત-પ્રેત ન પીડે.

(૬) સર્વ દેવો પણ મંત્રગુણવાનનું રક્ષણ કરે.

(૭) અગ્નિ, વિષ, શસ્ત્રાદિ અસર ન કરે.

(૮) ચિત્તનું ત્વરિતપણે સમાધાન થાય.

(૯) મુખકાંતિ વધે - મનમાં પ્રસન્નતા થાય.

(૧૦) સમાધિ મરણ અને ઉત્કૃષ્ટ દેવલોકની પ્રાપ્તિ થાય.

## નવ સ્મરણોનો મહિમા

નવે સ્મરણોનું જેમ જેમ મંથન થાય છે,
તેમ તેમ સાધના માટે અતિ જરૂરી એવી
ઘણી જ પાયાની વસ્તુઓ તેમાં રહેલી માલુમ પડે છે
તથા પૂર્વાચાર્યોના હૃદયમાં જિનેશ્વરોનું કેવું રૂપ હતું,
તેની પણ ઝાંખી થાય છે.
ભગવંતનું મુખ્ય વિશેષણ 'દેવાધિદેવ' છે,
તેમાં ઘણું જ સમાઈ જાય છે.
'શ્રી સમવાયાંગ સૂત્ર'માં કહ્યું છે:
'चउव्वीस देवा हि देवा, तं तहा ।'- उसभ अजिअ, सू-२४
ભગવાન કરતાં પણ ભગવાનની કૃપા વધુ જરૂરી છે.
ઈશકૃપા વિના ઈશ પોતે કદાપિ પકડાય તેવા નથી.
એ કૃપા ઉત્પન્ન કરનાર પણ પોતે જ છે.
તેના ઉપરની શ્રદ્ધા વધવી, એ પણ તેમના જ હાથમાં છે.
એ જે રીતે આપણી સાર-સંભાળ લે છે,
તે રીત પણ ફક્ત તેઓ જ જાણે છે,
ભક્તજનો ભક્તિ વડે તેનો યત્કિંચિત્ અનુભવ મેળવે છે.

o

How many can feel honoured by
the humiliation of their fellowmen?

## સ્તોત્રનાં ૬ લક્ષણો

નમસ્કારસ્તથાઽઽશીશ્ચ સિદ્ધાન્તોક્તિઃ પરાક્રમઃ ।
વિભૂતિઃ પ્રાર્થના ચેતિ ષડ્વિધં સ્તોત્રલક્ષણમ્ ॥ સૂક્તિઃ

(૧) નમસ્કાર
(૨) આશીર્વાદ
(૩) સિદ્ધાંતપ્રતિપાદન
(૪) પરાક્રમવર્ણન
(૫) વિભૂતિ સ્પૃહા
(૬) પ્રાર્થના

આ છ પૈકી કોઈ એક અથવા સમગ્ર લક્ષણો જેમાં હોય, તેને 'સ્તોત્ર' કહેવાય.

## સ્તોત્રમાં શું હોય - શું ન હોય?

(૧) સ્તોત્ર દેવતાના સ્તુતિયોગ્ય ગુણોનું સંકીર્તન હોય.

(૨) આરાધ્યના ઉત્કર્ષદર્શક ગુણોનું વર્ણન હોય.

મિથ્યાકથન તે પ્રતારણાગુણ સ્તોત્રમાં ન હોય અગર તો વિપરીત હોય, તેનું સ્તુતિરૂપ કથન તે સ્તોત્ર નહિ.

(૩) 'સ્તુ' ધાતુ પ્રશંસાર્થક છે,
તેથી સ્તુતિ, સ્તવન, સ્તોત્ર - એ સર્વ સમાનાર્થક છે.

(૪) મૂર્તિત્વ : ભાવમૂલક દ્રવ્યપૂજાના પ્રકારો વડે જેમાં ઈશ્વરનું કૃતિત્વ - મૂર્તિત્વનું વર્ણન હોય, તે અર્ચના સ્તોત્ર કહેવાય, જેમાં સ્તોતવ્ય કેવળ ઈશ્વર છે.

(૫) ઐશ્વર્ય: આરાધ્યના રૂપ, ગુણ, બલ તથા ઐશ્વર્યનું વર્ણન જેમાં હોય, તે આરાધના સ્તોત્ર કહેવાય છે.

(૬) કરુણા: આરાધ્યની સ્તુતિ, પોતાની દીનતા અને દયનીયતાના વર્ણન વડે કૃપાયાચના તે પ્રાર્થના સ્તોત્ર.

(૭) નામ: નામકીર્તન પણ અને નામમંત્ર પણ સ્તોત્ર છે.

ઉપાલંભ પણ સ્તોત્રનો જ એક પ્રકાર છે.

(૮) વર્ણો અને પદોની આનુપૂર્વી નિયત હોય, તે મંત્ર છે. જેની આનુપૂર્વી નિયત તથા અનિયત હોય, તે સ્તોત્ર છે.

'નાસ્તિ મંત્રમનક્ષરમ્ ।'

જે અક્ષરો કે વર્ણો છે, તે બધા મંત્રરૂપ જ છે. સ્તોત્રોમાં આનુપૂર્વી નિયત હોય, તો તે મંત્રરૂપ હોય જ. સાધક જ્યારે પોતાની પ્રબુદ્ધ ચેતનાનું આધાન કરે છે,

ત્યારે તેના પ્રબળ તપશ્ચર્યાના પરિણામે

તે સ્તોત્ર પણ મંત્રરૂપ થઈ જાય છે.

(૯) यथार्थ - क्रियानुगत - सद्भूतगुणोत्कीर्तनरूप - उद्देश्य - फल - प्रसाधक - वर्णवादः परमस्तुतिः ।

અર્થાત્: પરમ સ્તુતિ નમસ્કારરૂપ,

પ્રાર્થનારૂપ, ગુણના વર્ણનરૂપ, વિભૂતિસ્વરૂપરૂપ

- એમ અનેક પ્રકારે હોય છે.

(૧૦) સ્તુતિ એ સ્તુતિકારના શુભપરિણામની વૃદ્ધિ માટે છે, નહિ કે સ્તોતવ્યના કલ્યાણ અર્થે, કેમકે સ્તોતવ્ય તો સ્વયં કૃતાર્થ છે, તેમને સ્તુતિની અપેક્ષા નથી, પરન્તુ કેવળ સ્તુતિ કરનારના ભાવની વિશાળતાદિ માટે છે.

દીવાની ઉપાસના કરીને વાટ સ્વયં પ્રકાશરૂપ બને છે, એમ આત્માર્પણ વડે તદાકાર બની જાય છે, તેમ

સ્તુતિકાર પણ ત્રિકરણ યોગના સમર્પણ વડે
સ્તોતવ્યાકાર - સ્તોતવ્યસ્વરૂપ બની જાય છે.

નામસ્મરણ, ગુણચિંતન, ચરિત્રકથનાદિ તદાકાર થવા માટે છે.

તદાકાર થવાથી દુરિતનિવારણ અને
કલ્યાણકારણતા આપોઆપ પ્રકટે છે. ભક્તામર સ્તોત્ર ભક્તિમૂલક અને બંધનના નિવારણ આદિ માટે છે.

પ્રભાવક સ્તોત્રોની વિશેષતા = પદલાલિત્ય + અર્થગૌરવ.

જે ગંભીર પદો - અર્થો વડે રચાયેલાં હોય અને જેમાં અદ્ભુત ગુણોનું કીર્તન હોય, તે જ ઉત્તમ સ્તોત્રો છે. તેના અર્થાવબોધથી કલ્યાણકારી અધ્યવસાયો જાગે છે. તેનો સુંદર ભાવ ન જાણનારને પણ રત્નદૃષ્ટાંતથી કુશળ પરિણામ જાગે છે. રત્નોના ગુણ ન જાણે, તેને પણ રત્નો

રોગ શમાવે છે, દારિદ્ર્ય હરે છે.

સ્તુતિ એક - બે પદ્ય પ્રમાણ હોય છે,
સ્તવન પાંચ - સાત પદ્ય પ્રમાણ હોય છે અને
સ્તોત્ર આઠ - દસ કે તેથી અધિક પદ્ય પ્રમાણ હોય છે.
ઘણીવાર તે સ્તોત્રગાનના પદ્યરૂપ પણ હોય છે.

V.Imp.

## શબ્દગુંજારવ દ્વારા શબ્દાતીત તરફ...

સ્તુતિ - સ્તવન - સ્તોત્ર વડે શબ્દના ગુંજારવ દ્વારા શબ્દાતીત તરફ જઈ શકાય છે, આ આભ્યંતર ગતિ છે.

શબ્દ સાથે સુરતાનો દોર સંધાઈ જાય છે, ત્યારે અલૌકિકલોકના - અદૃશ્યલોકના દર્શન થાય છે, ઉપરાંત વસ્તુની સાથમાં આ-ભવલોકના આંખો ખોલી ઉઠે છે. ભજનને ભરોસે જેણે આ અંદરની ખેપ આદરી, તેના સાથે પોતાનું અંતરતમસ્વરૂપ પ્રગટ થઈ ગયું સમજવું.

આ વિશ્વ જેના પ્રકાશથી પ્રકાશિત છે, એ તેના નજરમાં આવી જાય છે, પછી એને પગલે પગલે નિર્ભયતા અને આંખોમાં સદા આનંદ જ છલકતો હોય છે.

સ્તવન - સ્તુતિ - સ્તોત્રની વાણી એ યુગોયુગ સાંભળવાની અને મનોમન સમજવાની વાણી છે.
સત કેરી વાણી - એ ભીતરની પૂર્ણખેપ છે અને અંતરની ઉર્ધ્વારોહણ ગતિ છે.

## જિનભક્તિથી શું લાભ થાય?

જિનેશ્વરોનું નામસ્મરણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવે છે.
જિનભક્તિથી સદ્ગુરુયોગ, જિનવચનશ્રવણ,
આદિ તત્ત્વનો બોધ, વ્રત - નિયમનો સંસ્કાર, તપ -
સંયમાદિનું સેવન અને અંતે ક્લિષ્ટાષ્ટ કર્મનો ક્ષય થાય છે.
વળી આ જિનભક્તિથી દુઃખ - દૌર્ભાગ્યનો ક્ષય,
સુખ - સૌભાગ્યનો લાભ, રોગોનું નિવારણ,
તથા સર્વ ઉપદ્રવોનો નાશ થાય છે.
પરમાત્માની અંગપૂજા વડે દર્શન - વંદન - અર્ચનનો લાભ,
અગ્રપૂજા વડે સત્કાર - સન્માનનો લાભ અને
ભાવપૂજા વડે બોધિ - સમાધિનો લાભ થાય છે.
દર્શન - પૂજન - સત્કાર અને સન્માન એ તેના હેતુ છે.
થોડા સમાર્થક શબ્દો: ઔદાસિન્ય, માધ્યસ્થ્ય, સમતા,
ઉપેક્ષા, સામ્ય, નિઃસ્પૃહતા, વૈતૃષ્ણ્ય તથા પરમ શાંતિ.

°

I forgive everyone & everything and
I am forgiven. I am at peace.
I am healed.
God has more power for good
than man has for evil.

મનોગુપ્તિનો આશ્રય લેવા વડે
સમાપત્તિ સાથે સમન્વય સાધી શકાય છે:
સમાપત્તિ એ યોગિમાતા અને નિર્વાણફલદા છે,
એમ કહ્યું છે. અષ્ટપ્રવચનમાતા સાથે પણ તેની સુંદર
ઘટના થઈ શકે છે. શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અષ્ટપ્રવચનમાતાની
સજ્ઝાયમાં તેનું રહસ્યમય વર્ણન છે.
શ્રી ચિદાનંદજીએ પણ 'અનુભવલવ વિચાર' ગ્રન્થમાં
તે વિચારોને સ્પષ્ટ કર્યા છે.
અનુભવપૂર્વકનું કહેલું થોડું પણ લખાણ અને
તેનું વાંચન મહાન ઉપકારક બને છે.
જ્યારે પણ પરબ્રહ્મ અભિવ્યક્ત થવા ચાહે છે, ત્યારે
તે શબ્દબ્રહ્મમાં અવતરિત થાય છે.
કોઈપણ સત્શાસ્ત્ર અથવા સત્સાહિત્ય તે
ચિન્મય - ચિદાનન્દ પરબ્રહ્મનું અભિવ્યક્તિકરણ માત્ર છે.
માનવ તો માત્ર તે અભિવ્યક્તિકરણનું એક માધ્યમ છે.
કબીર કહે છે કે:
'મેરા મુઝકો કુછ નહીં, જો કુછ હૈ સો તોર;
તેરા તુઝકો સૌંપતા, ક્યા લાગત હૈ મોર.' (૧)
- સોહનલાલ પટણી, સિરોહી

સ્થૂળ શરીરનું પ્રતિબિંબ જેમ કેમેરામાં પડે છે અને અંદર રહેલ હાડકાદિનું પ્રતિબિંબ x-rayમાં પડે છે, તેમ આત્માનું પ્રતિબિંબ નવકાર મંત્રમાં પડી રહ્યું છે. નવકાર એ પરમ ગરુડ છે, તેનું નિત્યદર્શન આત્મામાં ઝેરનું ઓસડ, બોધિ, અનાસક્તિ અને ચિત્તપ્રસન્નતા પ્રાપ્તિ અવશ્ય કરશે. - Sashikant Mehta

શારીરિક પ્રેમનું જો ઉર્ધ્વીકરણ થાય, તો તે મનુષ્ય
એક નવો જ સર્જનશીલ માનવ બની જાય.

વિચાર એ અંતરાત્માની એક પરિવર્તનશીલ સર્જનવૃત્તિ છે કે જે પોતાની અભિવ્યક્તિ નામ, રૂપ અને વિચારરૂપે કરે છે. વિચારોને બળપૂર્વક સંયમમાં રાખવાને બદલે વિચારોની એ જ પ્રક્રિયાને તમારા પ્રેમનું પ્રક્ષેપણ કરવા માટે પ્રયોજો. - શ્રી દત્તબાલ

કરાગ્રે વસતિ લક્ષ્મીઃ, કરમૂલે સરસ્વતી ।
કરમધ્યે તુ ગોવિન્દઃ, પ્રભાતે કરદર્શનમ્ ॥

શબ્દબ્રહ્મ - પરબ્રહ્મ વિશે ડોંગરેજી કહે છે કે:

ચંદન અને વંદન હૃદયને શીતળ બનાવે છે, ચંદન તનને તથા વંદન આત્માને શીતળતા અર્પે, તે રીતે શબ્દબ્રહ્મથી ક્રોધ નાશ પામે - પરબ્રહ્મથી કામ વશ કરાય.

## લઘુ શાંતિસ્તોત્ર - શ્લોક ૧૦

'ધૃતિ રતિ મતિ બુદ્ધિ પ્રદાનાય ।'

(૧) ધૃતિ = સ્થિરતાનો ગુણ, ચિત્તસ્વાસ્થ્ય તથા આનંદ, સમકીતનું લક્ષણ, સ્થૈર્ય, નિરાકુળતા, દીનતા અને ઔત્સુક્યનો અભાવ, ગંભીરતા - ધીરતા.

શાંતરસના સંચારીભાવો : ધૃતિ, હર્ષ, મતિ, સ્મરણાદિ.

(૨) રતિ = આત્મરતિ - હર્ષ - આહ્લાદ.

(૩) મતિ = સર્વ બાજુની વિચારણા કરવાની શક્તિ અને અનેકાંતદર્શિતા.

(૪) બુદ્ધિ = સારા - ખોટાનો નિર્ણય કરવાની શક્તિ, વિનય, વિવેક તથા સ્મરણશક્તિ.

ધૃતિ એટલે ધૈર્ય. રતિ એટલે હર્ષ - આહ્લાદ.
મતિ એટલે વિચારશક્તિ, બુદ્ધિ એટલે વિવેકશક્તિ.

બુદ્ધિના પતિ પરમાત્મા અને બુદ્ધિના પિતા સદ્ગુરુ છે.
પરમાત્મા રૂપી પતિની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી સદ્ગુરુરૂપી પિતાના શરણે રહેવું.
બુદ્ધિરૂપી સ્ત્રી જો પરમાત્મારૂપી પતિ અને સદ્ગુરુરૂપી પિતાનો સાથ છોડીને સ્વતંત્ર બને, તો દુર્દશા થાય છે.
જે બાપને મારે, તે દુનિયામાં શું ન કરે ?

પ્રભુની બે શક્તિ છે: એક નિગ્રહ અને બીજી અનુગ્રહ.
નિગ્રહશક્તિથી તે કામ તથા ક્રોધનો નાશ કરે છે અને
અનુગ્રહશક્તિથી તે શાંતિ ઉપરાંત સદાચાર આપે છે.

જે બીજાની નિંદા કરે છે,
બીજા ભવમાં તેનો જન્મ ધોબીને ત્યાં થાય છે.

શાંત મનથી જે દુઃખદાયકજનને સહે, તે પ્રભુને ગમે છે.

જે સતત ભક્તિ કરે છે, તે પરમાત્માને ગમે છે.

સાચો ભક્ત લક્ષ્મીને નહિ પણ પ્રભુપ્રાપ્તિને ઇચ્છે છે,
તેને લક્ષ્મી પણ આવી મળે છે.

જીવ પરમાત્માનું સ્મરણ કરે, તે સાધારણ ભક્તિ અને
પરમાત્મા જીવનું સ્મરણ કરે, તે અસાધારણ ભક્તિ કહેવાય.

કૂતરાની પૂંછડી જેવું મન પણ સતત પ્રભુસ્મરણથી ઠેકાણે
લાવી શકાય. પરમાત્માનો દેહ પરમ આનંદ અને પ્રકાશ
સ્વરૂપ છે. પરમાત્માનું નામ પતિતપાવન છે. તેની
સાથે સંબંધ રાખશો, તો અંત સમયે ખૂબ ખપ લાગશે.

o કોઈને 'પાપી' કહેવો તે પાપ છે.
માનવના સ્વભાવનું એ સદાનું અપમાન છે. - પ્રોફેટ

પાપ કરનારો કદી સુખી થશે નહિ - થવાનો પણ નહિ.
પાપ-પુણ્યનો બદલો કાળાંતરે પણ મળ્યા વગર રહે નહીં.

To err is human એટલે
પાપ કરી બેસવું, તે મનુષ્યનો સ્વભાવ છે.
પાપનો પશ્ચાતાપ થવો, તે સાધુતા છે અને
પાપ કર્યા પછી તેની પ્રશંસા કરવી, તે શેતાનીયત છે.
To improve, to accept is divine - godly.
To be proud is hellish - is demonic.
પાપ ન થાય તે માટે પ્રયત્ન કરવો, તે માનવતા છે.
પાપ થઈ ગયા પછી પશ્ચાતાપ કરવો, તે સાધુતા છે.
પાપ કરીને તેની પ્રશંસા કરવી - ગર્વ લેવો,
તે શેતાનીયત છે, ક્રૂરતા છે અને દુર્જનતા છે.
સર્વ પ્રત્યે સદ્ભાવ રાખવો એ જ મોટી તપ છે.
આ જગતમાં જે કાંઈ છે, તે ક્ષણિક છે - દુઃખરૂપ છે.
જગતને મનમાંથી કાઢી નાંખવાથી જ પરમાનંદની પ્રાપ્તિ થશે.
મન જ સુખ - દુઃખનું કારણ છે,
તેના ઉપર ભક્તિનો અંકુશ - એ જ સાચો અંકુશ છે.
સ્વભાવ ઊંડો રાખી સતત ભક્તિ કરવાથી
જીવ શિવ બની જાય છે. ચિન્તન તથા મનન વડે
ત્યાગ - વૈરાગ્ય - ભક્તિ દૃઢ કરી શકાય છે અને
હંમેશાને માટે સુખ તથા શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.

## માનવ શું ન કરી શકે ?

માનવની કાયા એ અશુચિની ખાણ, રોગોનું ઘર અને મરણાદિધર્મવાળી હોવા છતાં એના સદુપયોગ વડે સત્કર્મ રૂપી હીરા અને સદાચાર રૂપી માણેક મેળવી શકાય છે.

જે કાયા વડે અધર્મ અને દુરાચાર રૂપી ધુળ, કીચડ, કાદવ અને પથરા મળે, તેને જ સદુપાયથી હીરા - માણેક - મોતીતુલ્ય ધર્મ કમાવામાં કેળવી શકાય છે. જેમકે તે કાયા દ્વારા પ્રભુભક્તિ, જીવદયા, પરોપકાર, અહિંસા, સાધુસેવા, વ્રત - નિયમનું પાલન ઉપરાંત ચારિત્રની સાધના - તપની સાધના વગેરે થઈ શકે છે. માનવવાણી વડે શાસ્ત્રસ્વાધ્યાય, જ્ઞાનારાધના, નામ સ્મરણ, ગુણસ્તવન, હિત, પ્રિય, પથ્યવચન થઈ શકે, અન્ય પ્રકારે ધર્મોપદેશાદિ મહાન ઉપકાર સાધી શકાય. માનવમન દ્વારા મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્ય, દેવ - ગુરુ - ધર્મ - સંઘ - સાધર્મિકની પ્રીતિ - બહુમાન શુભ ચિન્તન, શુભ અધ્યવસાયાદિ થઈ શકે. ભક્તિ, બહુમાન, અનુમોદનાદિ સાધી શકાય. ધર્મપ્રવૃત્તિ, ધર્મવાણી, ધર્મવિચારો સેવી શકાય. મન ચંચળ - અસ્થિર હોવાં છતાં શુભાભ્યાસ વડે સ્થિર - શુદ્ધ - દિવ્ય બનાવી શકાય છે.

માનવની પાંચે પાંચ ઇંદ્રિયો વડે થતાં સુકૃતો જોતાં ચક્ષુથી દેવદર્શન, તીર્થદર્શન, સાધુદર્શન, શાસ્ત્રનું વાંચન તથા સકલ જીવોની જતના વગેરે થઈ શકે છે.

માનવના શ્રોત્રેન્દ્રિયથી જિનવચનશ્રવણ, પરગુણશ્રવણ, સ્વદોષશ્રવણ વગેરે થઈ શકે છે. જીહ્વાથી રૂક્ષ - નિઃસ્વાદ ભિક્ષાદિ અને સ્પર્શનેન્દ્રિયથી ગુરુચરણસ્પર્શ, કઠિન - ભૂમિશયન આદિ થઈ શકે છે.

આમ માનવઇંદ્રિયોને જો વશ કરવામાં આવે, તો તે વડે સ્વર્ગાપવર્ગનાં પદ પામી શકાય છે.

<u>માનવકાયાથી શક્ય છે આત્મસાક્ષાત્કાર</u>

માનસરોવર = બ્રહ્મરન્ધ્ર, સહસ્રાર.

ઘર = પૃથ્વી - પંચભૂતોનું બનેલું શરીર.

મંદિર = નિરાલંબ બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર ઘરમાં કરવાનો છે.

ગણપતિ અર્થાત્ વિઘ્નહર્તાનું સ્થાન મૂલાધારચક્રમાં છે.

તેથી બુદ્ધિ - સિદ્ધિના પતિ ગણાય છે, સૂક્ષ્મબોધ અને સિદ્ધિની પ્રેરણા આપનાર ગણાય છે.

બ્રહ્માગ્નિ - યોગાગ્નિ પ્રકટવાથી ભવમયા પ્રકૃતિ બળી જાય છે.

નિર્મલ કાયા - ચિન્મય કાયા, આત્મા અને પરમાત્માનો પરિચય થવો એટલે બન્ને વચ્ચે ભેદ ન રહેવો તે.

ઈડા - પિંગલા દ્વારા ચાલતાં શ્વાસને સમ કરી સુષુમ્ણાનાડીમાં ચલાવવો, તે અલખ તરફની યાત્રા છે.

નિરતિ = ઉદાસીનતા, સુરતી = લીનતા.

સંસારમાંથી મન ઉઠાવવું, સારમાં જોડવું.

કલ = કલા - પ્રકૃતિ, અકલ = કલારહિત, નિરંજન.

ત્રિકુટી = ભ્રૂમધ્ય, ત્રિગુણમયી પ્રકૃતિનું છેલ્લું સ્થાન,

ઈડા - પિંગલા - સુષુમ્ણાને મળવાનું સ્થાન.

તેનાં મૂળમાં એટલે મન, બુદ્ધિ અને અહંકાર.

અગમઆસન = બ્રહ્મરંધ્ર, ત્યાં મન, બુદ્ધિ પહોંચી ન શકે.

મહાશૂન્ય = મહેરામણ, ઉન્મનુ = બ્રહ્માકાર વૃત્તિ અકૃતિ

સંકલ્પ - વિકલ્પથી પર અચલ પ્રશાંત અવસ્થા.

ખટપટ = ષડ્રિપુઓની ઉપાધિ અને ષડ્દર્શનોની માથાકૂટ.

પ્રેમ હોય ત્યાં નિર્ભયતા હોય જ. ધુતારી = અવિદ્યા.

વિદ્યા પ્રભુ તરફ લઈ જાય, અવિદ્યા મોહમાયામાં ફસાવે.

પશ્ચિમ માર્ગ = સુષુમ્ણા.

ઈડા-પિંગલાને ઉલટાવી સુષુમ્ણામાં લઈ જવાથી હર પળે પરમજ્યોતિનાં દર્શન અને અનાહતનાદશ્રવણ થાય છે.

માનવ તરીકે જન્મ લીધા પછી પણ

આત્માથી વિમુખ રહેનાર બે પગવાળો પશુ જ ગણાય.

માનવ તરીકે જન્મ લઈને જે નાસ્તિક કે
પ્રભુવિરોધી બનીને પોતાને *progressive* અર્થાત્
પ્રગતિશીલ કહેવડાવીને રાચે,
તેની મૂર્ખામી અને કમનસીબીને કહેવું જ શું? આથી
પ્રગતિ રાવણના માર્ગે નહિ પણ રામના માર્ગે જવામાં છે,
કંસના માર્ગે નહિ પણ કૃષ્ણના માર્ગે ધપવામાં છે, જડવાદમાં
નહિ પણ આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરવામાં જ છે.
માણસ ગમે તેટલો બુદ્ધિશાળી કે શક્તિશાળી હોય પણ
જો પ્રભુ કે આત્માથી વિમુખ હોય, તો એકડા વિનાનાં
મીંડાં બરાબર છે. આત્મા અને બ્રહ્મ યા પરમાત્મા એ
કેવળ હકીકત નહિ પણ પાયાની મૂળ બાબત છે.
આ સત્યને ધ્યાનમાં રાખી, લક્ષ્યમાં લઈ, જીવનના તમામ
ક્ષેત્રોનું ચણતર કર્યું, એનું નામ ભારતીય સંસ્કૃતિ છે.
જડવાદ એ અજ્ઞાન-મિથ્યાજ્ઞાનના પાયા ઉપર રચાયેલો
વાદ હોવાથી એનો આશ્રય લેનાર વ્યક્તિ કે રાષ્ટ્ર કદી
શાંતિ પામી શકે નહિ. કુદરતને ત્યાં દેર છે, અંધેર નહિ.
કુદરતની પાછળ અચળ મહાતત્ત્વ કામ કરી રહ્યું છે.
એ સનાતન તત્ત્વ જ વિશ્વની રક્ષા કરી રહ્યું છે.
તેને શરણે રહેનાર સર્વદા સુરક્ષિત છે.

ભાદરવા સુદી ૫, બુધવાર, તા. ૨૩ ૯/૯૨

રથયાત્રાનો વરઘોડો, સ્વામી વાત્સલ્ય, રાત્રિજગો.

મનુષ્યભવ એટલો બધો મૂલ્યવાન છે કે તેને પામીને સાર્થક કરવામાં આવે, તો સાક્ષાત્ મોક્ષને અપાવે છે. શાસ્ત્રશ્રવણાદિ અને સત્સંગાદિ વડે આર્યદેશોત્પન્ન મનુષ્યને આ માનવજન્મની અમૂલ્યતાને સાંભળવા-જાણવા મળે છે, તેથી તે જ્યાં સુધી તેને મોક્ષનું, મોહ-રાગ-દ્વેષક્ષયનું સંપૂર્ણ સાધન ન બનાવે, ત્યાં સુધી તે ઠપકાપાત્ર જ છે, એમ દરેકને સામાન્યપણે લાગે છે, તેથી માનવતાના નાતે એકબીજાને સહાયક બનવાની વૃત્તિમાંથી એકબીજાને સુધારવા સારણાદિક કરવાનું સહેજે મન થાય છે. જેમ વધારે ધર્મારાધના કરે અને તે પ્રમાણમાં સુધરે નહિ, ત્યાં સુધી તે અધિક ઠપકાને પાત્ર છે, એમ માનીને એકબીજાને ઠપકો આપવાનું, રીસામણાં-મનામણાં કરવાનું, પક્ષ-પ્રતિપક્ષ પાડીને સુધારવા માટે અધિક ધર્મારાધના કરીને દૃષ્ટાંત આપવાનું કાર્ય ચાલુ રહે છે અને તે અટકાવવા કોઈ બાહ્ય પ્રયત્ન કરે, તો ય તે અટકતું નથી પણ વધતું જ રહે છે. પરસુધારણા માટેનો પ્રયત્ન ચાલુ છે, ત્યાં સુધી મોક્ષ થતો પણ નથી.

તેમ કરતાં કરતાં જ્યારે સ્વસુધારણા તરફ લક્ષ જાય, ત્યારે સાચી સમતા પ્રાપ્ત થઈ મોક્ષસુખ નિકટ આવે છે, પછી તે બીજાઓની ભૂલો કે દોષો જોવાનું બંધ કરે છે. પોતાની ભૂલ અને પોતાનો દોષ તેને એટલા મોટાં લાગે છે કે તેના આગળ પરદોષ તો દેખાતાં જ નહિ અને પરમાં રહેલા નાના - નાના ગુણો પણ તેને મોટા-મોટા પર્વત જેવડાં દેખાવા લાગે છે, તેથી તે પક્ષ-પ્રતિપક્ષમાં જોડાતો નહિ, એકબીજાને સુધારવા માટે ખોટી મથામણ કરતો નહિ, બીજાના દોષો જોઈને 'પોતે તે દોષવાળો નથી' એમ બતાવવા કોશિશ કરતો નહિ, પોતે અને પોતાનો પક્ષ બીજાથી ચઢિયાતો છે, તે બતાવવા કે તેમ સાબિત કરવા પોતાની શક્તિનો દુર્વ્યય કરવાનું તેને મન થતું નહિ. ઉદાસીનભાવે, સ્વસુધારણાના કર્તવ્યમાં પોતાની બધી શક્તિ વાપરે છે, પરંતુ આ સ્થિતિ બધા જીવને સમકાલે પ્રાપ્ત થતી નહિ, તે માટે કાળ, નિયતિ, કર્મની લઘુતાદિ સહાયક તત્ત્વો મળે, ત્યારે જ તે સ્થિતિ આવે છે, ત્યાં સુધી ઉતાવળ કામ આવતી નહિ અને કાળ, સ્વભાવ આદિ ન પાકે, ત્યાં સુધી પરસ્પર એકબીજાને સુધારવાની પ્રવૃત્તિ કરવાનું કામ જોશભેર ચાલે છે અને તે પણ

ધર્મબુદ્ધિએ થાય છે, એટલે એકાંત નુકસાનકારક નહિ
પણ ધીમી ગતિએ તેને શુદ્ધ માર્ગે લઈ જવામાં ઉપકારક
જ થાય છે. સંઘ - સોસાયટીના જે ઝઘડાઓ ગણાય છે,
તે મોટે ભાગે આ પ્રકારના જ હોય છે.

'નમઈ' પદનો અર્થ છે: નમવું - પરિણમવું -
કોઈને કોઈ આકારવાળા બનવું, તદાકાર થવું.
સંસારી જીવમાં પરિણમન ધર્મ રહેલો છે.
કોઈને કોઈ આકારે પરિણમવું,
એ પ્રત્યેક કર્મબદ્ધ આત્માનો સ્વભાવ છે.
સારા કે માઠા પરિણામે પરિણમી
સંસારી જીવ પુણ્ય - પાપથી બંધાય છે.
જ્યારે શુભાશુભ કોઈ પરિણામે આત્મા પરિણમતો નથી,
ત્યારે તે પોતાના શુદ્ધ સ્વભાવમાં પરિણમે છે.
આ રાગદ્વેષ વિનાની મધ્યસ્થદશામાં રહેવાથી આત્મા કર્મથી
છૂટે છે, કેમકે તે વખતે સ્વસ્વભાવમાં જ નમે છે.

निर्वृत्त - सर्वकामोऽहं, मनोजाल - निरोधकः ।
बन्धुः समस्तभूतानां, सूनुवत् सर्व योषिताम् ॥१॥
स्थितः सामायिके शुद्धे सर्वयोगनिरोधिनि ।
व्युत्सृष्टचेष्टं मां सिद्धाः पश्यन्तु परमेश्वराः ॥२॥

(પરિશિષ્ટ-૧૩)

## મનુષ્યના જીવનનું પ્રયોજન શું?

ભાગવતકાર કહે છે: બ્રહ્માવલોકધિષણમ્ ।
બ્રહ્માવલોકનની શક્તિ માનવદેહમાં છે અને
એ જ માનવજન્મનું પ્રયોજન છે.

એને પૂર્ણ કરવાનું સ્વાતંત્ર્ય પણ મનુષ્યને મળેલું છે.
બ્રહ્મ, પરમાત્મતત્ત્વ, આર્હન્ત્ય - એ બ્રહ્મની શક્તિ છે
અને બ્રહ્મની એ શક્તિ મનુષ્યના દેહમાં છૂપાયેલી છે.
બધી શક્તિઓનું તે અધિષ્ઠાન છે.

બ્રહ્મની શક્તિને પરાજિત કરવાની શક્તિ કોઈમાં નથી.
બાકી બધી શક્તિઓ બ્રહ્મની શક્તિથી જ શક્તિરૂપ છે,
તેના અભાવમાં બાકી સર્વ શક્તિઓ શક્તિહીન છે.

મૃત્યુ = આત્મસ્વરૂપમાં લીન થવાની કળા

અંત સમયે દરીને મોટેથી નવકાર સંભળાવવાની પ્રવૃત્તિ
કરતાં પોતાના નિજસ્વરૂપમાં ઉપયોગ રાખી શકે તેમ
કરવું જોઈએ. 'અંત વખતે મને કોઈ બોલાવશો નહિં,
હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.'

એમ વિચાર કરો અંત સમય સાચવવા યોગ્ય છે,
જેથી આત્માના શાંત સ્વરૂપમાં લીન થવાય અને
અંતિમ આરાધના સાધી લેવાય. - પુણ્યવિજયજી, વલાદિયા

## મૃત્યુ એ આખરે છે શું ?

મૃત્યુ એ અંતકાળ નહિ પણ પ્રયાણકાળ છે.
મૃત્યુ એ ભગવાનનું સૌમ્યતમ સ્વરૂપ છે.
જીવનભર મહેનત કરનારને માટે અંતિમ
મહાનિદ્રા આવશ્યક અને આનંદદાયક છે, આખો દિવસ
કામ કરનારને રાતની ઊંઘની જેમ. - વિનોબા ભાવે

## સંસારનું સ્વરૂપ - દુઃખ

જન્મ-મરણ દુઃખ છે, જરા દુઃખ છે, રોગ દુઃખ છે,
શોક - પરિદેવ - દૌર્મનસ્ય - ઉપાયાસ એ દુઃખ છે.
અપ્રિયનો સંયોગ દુઃખ છે, પ્રિયનો વિયોગ દુઃખ છે.
મન ઇચ્છેલું ન મળવું, તે દુઃખ છે.
સંક્ષેપમાં આસક્તિ ઉપર આધારિત જીવનધારા દુઃખ છે.
બધા દુઃખનું મૂળ તૃષ્ણા અને અસંતોષ છે.
સંસારમાં ચારેબાજુ દુઃખ જ દુઃખ છે.
જન્મદુઃખ, જરાદુઃખ, રોગદુઃખ, મરણદુઃખ,
દુઃખ આવવાનું દુઃખ, સુખ જવાનું દુઃખ,
વસ્તુના સદ્‌ભાવને સુરક્ષિત રાખવાનું દુઃખ,
ક્રોધ - ઈર્ષા - દ્વેષ - અપમાન - નિરાશાનું દુઃખ,
ભવિષ્યની આશંકા - અતીતની યાદ - વર્તમાનની અતૃપ્તિ-

અભાવ - અપૂર્ણતા - અસંતુષ્ટિનું દુઃખ,
ધનવાનને અસ્વસ્થતાનું અને સ્વસ્થને નિર્ધનતાનું
ઇત્યાદિ આ સંસારમાં નિરંતર દુઃખ અને દુઃખ જ છે.

<u>મોક્ષ એટલે મોહનો ક્ષય.</u>

અહં - મમથી મોક્ષ, મન - બુદ્ધિની મર્યાદામાંથી છૂટકારો,
દયા અને ક્ષમાધર્મનું પાલન તથા તે પાલનના પરિણામે
પ્રાપ્ત થતી સૌમ્યતા અને સમાનતાનો લાભ એટલે મોક્ષ.

તાત્ત્વિક નમસ્કારનું અંતિમ પરિણામ
સમતા તથા શાંતિની પ્રાપ્તિ છે. દુઃખનું મૂળ પાપ છે.
દયા = દુઃખપ્રહાણેચ્છા, ક્ષમા = પાપપ્રહાણેચ્છા.
પાપનો નાશ કરવાની ઇચ્છા દુઃખનો પણ નાશ કરે છે.
ખાવાનાં અને પીવાનાં સુખ - દુઃખ તથા
પુણ્ય - પાપ પ્રત્યે સમાનપણાંની લાગણી તથા
દુઃખ અને પાપને ટાળવાની અને સુખ અને પુણ્યને
વધારવાની ઇચ્છા તે મોહને જીતવાનું પ્રથમ પગારણ છે.
વિજ્ઞાન તર્ક પર તથા અધ્યાત્મ વિશ્વાસ પર વિકસે છે.
બુદ્ધિ એ જ્ઞાનનું કેન્દ્ર છે, તેનું કાર્ય નિયંત્રણ નથી.
નિયંત્રણ કરનાર તો શક્તિપુંજ મન છે.
મનની અંદર ઉદાત્ત વિશ્વાસ મંત્રશક્તિથી પ્રકટે છે.

પાપનું મૂળ અભિમાન છે.
અભિમાનનું મૂળ માલિકીપણું છે. જેના હૃદયમાં પોતાનું
કાંઈ નથી, તે સદા માટે નિરભિમાની હોય છે. તે માટે

એગોઽહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ ।
એવં અદીણમણસો અપ્પાણં અણુ સાસઈ । (પરિશિષ્ટ-૧૪)

એ ભાવનાથી ભાવિત થવા પ્રયત્ન કરવો જોઈએ.
જેમ ઔષધ ઉત્તમ હોય તો રોગ મટે છે,
તેમ ભવદશા રૂપી રોગનું સર્વોત્તમ ઔષધ 'ભાવ' છે.
એ ભાવ તે શિવભાવ છે.
પરમેષ્ઠિના ધ્યાન વખતે વિધિ અને વિશ્વાસની સાથે
અસ્તિત્વનો ભાવ ભળે છે, ત્યારે ભવભાવ વિલય પામે છે.
અસ્તિત્વનો ભાવ કેળવવા માટે
પ્રથમ 'I am sinner' એ ભાવ હોવો જોઈએ,
પછી appreciationનો ભાવ હોવો જોઈએ.
એ બે ભાવ આવે એટલે શિવભાવ આવે છે તથા
શિવભાવ સાથે પોતાનું અસ્તિત્વ ભાસે છે. એ ભાવની
નિરંતરતા અને ગાઢતા થતાં મન - વચન - કાયાનું
રૂપાંતર સહજ બને છે, ઉપરાંત જે કાંઈ સાધનનો
અભ્યાસ કરીએ, તેમાં દિલ ભળવાથી ભાવ જાગે છે.

દિલ લગાવવાને માટે ઝરૂખની ગરજ જાગવી જોઈએ,
તેમાં પોતાનો સ્વાર્થ ભાસવો જોઈએ અને
શિવસુખ મેળવવા માટે ઉત્કટ તમન્ના પ્રગટવી જોઈએ.
Sinnerની ભાવના ગરજ પેદા કરે છે,
‘તે ગરજમાં પોતાનો જ સ્વાર્થ છે’
એવી ભાવના appreciation કરાવે છે તથા
‘તે પોતાનું જ સ્વરૂપ છે’
એમ બહુમાનથી ઉત્કટ તમન્ના પેદા થાય છે.
જ્યાં એ રીતે દિલ ઠરે, ત્યાં ભાવ ટકી શકે છે.
‘ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે’ તેનો અર્થ છે કે
દિલ વિના, ગરજ વિના, સ્વાર્થના ભાવ વિના દિલ
લાગતું નથી અને દિલ લાગ્યા વિના ભાવ આવતો નથી.
દિલ લગાવવા માટે જેમાં દિલ લગાવવું છે, તેની સાથે
સ્વાર્થની સગાઈ થવી જોઈએ. એમ લાગવું જોઈએ કે
‘પોતાના રોગ અને વ્યાધિને હરવાનું તેમાં સામર્થ્ય છે,
પોતાના સ્વાર્થની સિદ્ધિનું તે સાધન છે,’ તે ઉપરાંત
‘તે પોતાનું જ સ્વરૂપ છે’ એવો નિર્ણય થવો જોઈએ.
એ રીતે ચિત્તમાં જ્યારે નવપદ વસે છે,
ત્યારે ભાવધર્મની પ્રાપ્તિ આપોઆપ થાય છે.

## મોક્ષમાર્ગ એટલે...

## 'વૃત્તિમાં અનેકાન્ત' અને 'પ્રવૃત્તિમાં એકાન્ત'.

## મોક્ષનો ઉપાય શું ?

સમ્યગ્દર્શનનું સાધન છે 'અનેકાન્ત' તથા
સમ્યક્પ્રવૃત્તિનું સાધન છે 'એકાન્ત'.
અનેકાન્તથી માર્ગનો નિશ્ચય કરી
એકાંતથી સન્માર્ગમાં પ્રવૃત્તિ કરવી, તે મોક્ષનો ઉપાય છે.

## મોક્ષ માટે જરૂરી કયા ગુણો ?

યથાર્થ વિવેક એ ત્રીજી આંખ છે, તે બે પ્રકારનો છે:
એક જીવ પ્રત્યે સમાનતાનો અને
બીજો પુદ્ગલ પ્રત્યે ભિન્નતાનો.
દયા એ ધર્મનું મૂળ, રત્નાકરસ્વરૂપ અને
સર્વ જીવોને સુખકર હોઈ અમૃતતુલ્ય છે.
અહિંસા એટલે દયા, અનેકાન્ત એટલે સત્ય તથા
બ્રહ્મચર્ય એટલે વિશ્વને બ્રહ્મમય જોવું.
નમસ્કાર એ ત્રીજી આંખ છે.
પોતે મોટેરા હોવા છતાં બીજાને મોટા તરીકે જુએ છે.
નમતી મંત્ર સાથે દયા અને ક્ષમાની ભાવના જોડાયેલી છે.
દયા દુઃખપ્રવાહોચ્છેદસ્વરૂપ છે, ક્ષમા પાપપ્રવાહોચ્છેદસ્વરૂપ છે.

प्रत्यक् = Positive = અંતરાત્મભાવ.

बहिर् = Negative = બહિરાત્મભાવ.

પદાર્થના ઉત્પાદ ધર્મને આગળ કરવાથી બહિરાત્મભાવ,
વ્યય ધર્મને જોવાથી અંતરાત્મભાવ અને
ધ્રૌવ્ય ધર્મને જોવાથી પરમાત્મભાવને પ્રગટાવે છે.

अहं એ કર્મપ્રકૃતિનું સર્જન છે,
अर्हं એ આત્મતત્ત્વનું વિશુદ્ધ સ્વરૂપ છે.

ઉદારતા, સદાચાર, સહિષ્ણુતા અને સદ્ભાવ -
એ આત્મજીવનના પોષક તત્ત્વો છે.

કામના, વાસના, ઇચ્છા અને તૃષ્ણાને
જીતવાનો ઉપાય એકાત્મવાદ અથવા શૂન્યાત્મવાદ છે.
આત્મા જ એક અને અદ્વિતીય છે. સર્વ જીવોમાં
એકતા દેખે, તે ભય-ચિંતા-કામનામાંથી મુક્ત બને.
'द्वितीयाद् वै भयं भवति ।' બીજાથી ભય થાય છે
અર્થાત્ આત્માથી નહિ પણ પુદ્ગલથી ભય બને છે.

'तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ।'
એકત્વની ભાવના ભાવનારને મોહ કેવો? ને શોક કેવો?

એકતાનું યા અભેદનું દર્શન તે વિદ્યા અને
અનેકત્વનું યા ભેદનું દર્શન તે અવિદ્યા.

શૂન્યવાદી કહે છે કે:

"આત્માને સૌથી અધિક પ્રેમ પોતાના પ્રત્યે જ છે.
આત્માનું અસ્તિત્વ જે માને,
તેને પોતાના પ્રત્યે શાશ્વત સ્નેહ જાગે છે,
જે સુખ મેળવવા માટે તૃષ્ણા - કામનાને જન્મ આપે છે.
કામના કદાપિ વિષયોમાં દોષદર્શન થવા દેતી નથી,
પરિણામે વિષયોમાં ગુણ કલ્પે છે અને
'તે મારા છે' એમ માની તેને મેળવવા પ્રયત્ન કરે છે.
આત્મદૃષ્ટિથી પરદૃષ્ટિ જાગતાં રાગ-દ્વેષના દ્વન્દ્વ ઊભા થાય છે.
એ રીતે સઘળા દોષો - ક્લેશો આત્મદૃષ્ટિમાંથી જન્મે છે,
માટે શૂન્યવાદ જ શ્રેયસ્કર છે."

સાંખ્યો વિવેકજ્ઞાન - ભેદજ્ઞાન ઉપર ભાર આપે છે,
વૈશેષિકો સર્વ પદાર્થોના યથાર્થ જ્ઞાન ઉપર ભાર આપે છે.

કામનું દલન, દમન કે શમન -

એકાત્મવાદી, શૂન્યાત્મવાદી, ભેદવિજ્ઞાનવાદી કે સાપેક્ષવાદી
અન્ય કોઈપણ વાદી થઈ શકે છે પણ તે બધા વાદની
પાછળ યમ-નિયમનું પાલન અને ધારણા - ધ્યાનનો
અભ્યાસ અનિવાર્ય છે. સર્વ ભૂમિકાવાળાને અહિંસાદિ
યમપાલન આવશ્યક હોવાથી તેને 'સાર્વભૌમ' કહેલ છે.

સામાન્ય વાણી = સ્વરૂપદર્શક, મહાવાણી = સંબંધદર્શક.

ધર્મનો પ્રારંભ સંબંધથી શરૂ થાય છે.

અયોગ્ય વસ્તુ સાથેનો સંબંધ અધર્મરૂપ છે.

ધર્મ એ અયોગ્યથી છોડાવનાર અને

યોગ્ય સાથે જોડાવનાર ક્રિયાવિધિ છે.

તે વ્રત સાથે જોડાણ કરે છે તથા અવ્રતથી છોડાવે છે.

વ્રત વ્યાપક છે, માટે સુખસ્વરૂપ છે.

વિચારથી વિવેક - ઉર્મિથી આવેશ ઉત્પન્ન થાય છે.

આપવાથી સુખ અને માંગવાથી દુઃખ પ્રાપ્ત થાય છે.

અભાવ વસ્તુનો નહિ, વૃત્તિનો છે.

'નામો નહિ પણ નામી' એ જીવનનું ધ્યેય હોવું જોઈએ.

જે નિરંજન-નિરાકારને જાણે છે, તે નામથી ઘેરાતો નથી.

જે નામોની ભૂલ-ભૂલામણીમાં અટવાઈ જાય છે,

તેને નિરંજન - નિરાકારની પ્રાપ્તિ થતી નથી. 'અસંખ્ય

માનવસૃષ્ટિ વચ્ચે એક જ આત્મા વસી રહ્યો છે.'

એ સત્ય ન સમજવાથી જ બધી સમસ્યા ઊભી થાય છે.

દેખનારાને દેખે છે, તે જ દ્રષ્ટા અને સૃષ્ટા છે.

જે દેખાય છે, એની પાર પણ કોઈ દેખનાર છે અને

જે સંભળાય છે, તેની પાર પણ કોઈ શબ્દ છે.

જ્યારે બાહ્ય કોઈ અવાજ નહિ હોતા,
ત્યારે પણ એ પરમ નાદનું ગુંજન સતત ચાલુ રહેય છે.
એને સાંભળે છે કાં તો આ નાદ કે જે બ્રહ્મનું રૂપ છે
અથવા તો બ્રહ્મસાક્ષાત્કાર કર્યો છે, એવા વિરલ વ્યક્તિઓ.

એક મહત્વનો પ્રશ્ન: આપણા ભારત દેશમાં આજે
છત્રીસમાં છેલ્લા ગણતરી પ્રમાણે કેટલા આત્માઓ છે?
એક અનુભવીએ ઉત્તર આપ્યો કે: 'એક!' 'એકો આત્મા।'

આપણે નિરાકારને સાકાર કરીએ છીએ,
નામ પાડીને સંપ્રદાયો ઊભા કરીએ છીએ અને
આપણે પાડેલા નામને આધારે પ્રભુની ખોજ કરીએ છીએ.

ચિન્મય દેવનું દર્શન શા માટે?

અંતરાત્મભાવ એ આત્મમંદિરનું ગર્ભદ્વાર છે,
જેમાં પ્રવેશ કરીને તે મંદિરમાં વર્તમાન
પરમાત્મભાવ રૂપ ચિન્મય દેવનું દર્શન કરી શકે છે.
અંતરાત્મભાવ વખતે આત્મા પોતાની અંદર વર્તમાન
સૂક્ષ્મ-સઘન સદા શુદ્ધ પરમાત્મભાવને દેખવા લાગે છે,
પરરૂપમાં સ્વરૂપની ભ્રાંતિ ટળી જાય છે તથા હેય-ઉપાદેય
અને કર્તવ્ય-અકર્તવ્યનો વાસ્તવિક વિભાગ કરી લે છે,
વળી આત્મા આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરે છે.

## સમ્યક્ ધર્મ એટલે શું ?

'સમ્યક્' શબ્દ એમ પ્રશંસાવાચક - પૂજાવાચક અર્થમાં છે,
તેમ સંગત - સમીચીન અર્થમાં પણ છે.
'સમ્યક્' શબ્દ મુક્તિનો હેતુ હોવાથી પ્રશંસાવાચક છે અને
સર્વ નય સાપેક્ષ હોવાથી સંગત છે.
ધર્મધ્યાનનો પ્રવાહ ચાલુ રાખવાને માટે ચાર ભાવનાઓ
અને અરિહંતાદિ ચાર શરણાંનો સ્વીકાર કરવો જોઈએ.
સદ્ગુણોના અભ્યાસ અર્થે ભાવનાઓ છે.
ચાર શરણાં અનાદિથી છે. સંસાર અનાદિ છે, તેમ
તેનાથી બચાવનાર અરિહંતાદિ ચાર પણ અનાદિકાળથી છે.
આત્માના વાસ્તવિક સ્વરૂપનું અજ્ઞાન, અનિર્ણય યા
વિપરીત નિર્ણય વડે જ જીવ દુઃખી થઈ રહ્યો છે
અને અનંત સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે.
પરવસ્તુમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિનો ત્યાગ થતાં જ
જીવ અંતરાત્મભાવ - સમ્યગ્દર્શન પામે છે.
પછી ભોગો રોગ સમાન લાગે - વિષયોમાં અરુચિ થાય છે.
સમ્યગ્દર્શનના સદ્ભાવથી જ ધર્મને 'ધર્મ' કહેવાય છે.
એ વિના ગૃહસ્થ કે સાધુના ધર્મને ય ધર્મસંજ્ઞા પ્રાપ્ત ન થાય.
સમ્યક્ત્વ ગ્રહણ વડે જ મનઃશુદ્ધિ પ્રાપ્ત થાય છે.

સમ્યક્ત્વસહાયથી જ દાનાદિ ક્રિયાઓનું ફળ મોક્ષ થાય છે.
સમ્યક્ત્વનું સઘળું ય બળ સમતાભાવની પુષ્ટિ માટે થાય છે.

શ્રદ્ધાને સ્થિર રાખનાર દ્રવ્યાનુયોગનું બળ છે.
તે જ તત્ત્વબોધ - તત્ત્વજ્ઞાન રૂપ છે.
એનું મૂળ બુદ્ધિના શુશ્રૂષાદિ ગુણો છે.

સૂત્રાભ્યાસ, અર્થાભ્યાસ, વસ્તુ અભ્યાસ અને અનુભવ
અભ્યાસમાં અનુભવ અભ્યાસ એ જ સાધ્ય છે.

જિનવચનની નિશાની સ્યાદ્વાદયુક્તતા છે,
તે વચનને દેવો અને દાનવોએ પણ વખાણ્યા છે.

o માનવ દુઃખી છે, કેમકે તે એવા વસ્તુઓની કામનાથી
ભરપૂર છે કે જે ટકી શકતી નથી. - મહર્ષિ અરવિંદ

ધનપ્રાપ્તિ પછી અહંકારરહીત રહેવું મુશ્કેલ છે,
ગરીબ રહીને આત્મગૌરવ ટકાવવું કઠિન છે.

હૃદય ભગવાનને અર્પણ અને હાથ સંસારને સોંપવાથી
ગૌરવભર્યું નિરહંકાર જીવન જીવી શકાય છે.

પશ્ચિમમાં સ્થૂલ અને ભારતમાં સૂક્ષ્મ જીવનની પ્રતિષ્ઠા
સ્થપાઈ છે. યોગનો અભ્યાસ સ્થૂલજીવનને સંયમી બનાવી,
શરીરને તંદુરસ્તી આપે છે, આપણા આંતરજીવનને
સદ્ગુણનો વિકાસ કરવામાં સહાયક થાય છે તથા

મનને શાંત-સ્થિર કરી અકંપ બનવામાં સહાય કરે છે.
પશ્ચિમની પ્રજા બાહ્યમુખ છે, તેથી તેઓ આંતરસદ્‌ગુણો
જેવા કે સત્ય, સદાચાર, ન્યાય, નીતિ તરફ ઉદાસીન છે.
પૂર્વપ્રજામાં અંતર્મુખતાને જીવનની સાર્થકતા મનાય છે.

જીવમાત્ર પ્રત્યે અનુકંપા, કરુણા,
જીવમાત્ર પ્રત્યે એકતા વગેરે તેમાં મુખ્ય છે.

ધર્મવાન બનવાની પહેલી શરત કઈ છે?

પરિસ્થિતિનો સામનો કે ફરિયાદ નહિ પણ તેનો
શાંત સ્વીકાર. આ શાંત સ્વીકાર તે જ સામાયિક છે.
શાંત સ્વીકારની પાછળ એ શ્રદ્ધા છે કે
નિસર્ગનું ગણિત સર્વોપરિ છે, તેથી
જીવનના હિસાબ ચોપડામાં તેની કોઈ ભૂલ ન હોઈ શકે.

જીવનશક્તિનો સાચો ઉપયોગ

વિષયલોલુપતા અને કષાયોની ઉત્કટતામાં
જીવનશક્તિનો ઉડાઉ અને વળી વ્યર્થ વ્યય કરવો,
તે પ્રકૃતિમાતાનો દ્રોહ છે અને શક્તિનો દુર્વ્યય છે,
દુર્બળતાની નિશાની છે અને નિર્વીર્યતાની પ્રાપ્તિ છે.
દેખાવડાપણું કરતાં હોવાપણું એ જ મહત્ત્વનું છે.
શક્તિનું હોવું એજ સર્જનનો ઉપાય છે.

વૃત્તિઓનું દમન નહિ પણ ઉર્ધ્વીકરણ કરવાનું છે.
દમનની ફૂંકથી વૃત્તિઓની આગ નહિ ઓલવાય.
જ્ઞાનના આનંદમાં વૃત્તિઓને ભસ્મીભૂત કરી.
સમ્યગ્વિચાર - સમ્યક્સમજણ દ્વારા જ તે શક્ય છે.
વૃત્તિઓને સમજવા પ્રયત્ન કરવો જોઈએ.
વૃત્તિઓના આદિ, મધ્ય અને અંતનું
મનોવૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ કરવું જોઈએ.
ક્લિંટ અને ગરૂડનું સત્ય નિર્ભયતા - નીડરતાથી જ સમજાશે.
નિર્ભય આંખોની સત્યનું રહસ્ય સમજાવનાર સાધક
કોઈપણ ગ્રન્થનું પૃષ્ઠ ઊકેલી શકશે.
કેવળ બાહ્ય વસ્તુને છોડવાની નથી પણ
બહિરાત્મભાવને છોડવાનો છે.
અંતરસ્વભાવના ભાન વડે બહિરાત્મપણું છૂટે છે.
બહિરાત્મબુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે.
અંતરસ્વભાવમાં આત્મબુદ્ધિ કરવી, તેમાં અંતરાત્મપણું છે.
'ચૈતન્યના આશ્રયે જ્ઞાન - વૈરાગ્યરૂપ ભાવ પ્રગટે,
તે મને હિતરૂપ છે અને બાહ્ય પદાર્થના આશ્રયે
જે રાગાદિ ભાવો થાય, તે મને અહિતરૂપ છે.
રાગ અહિત છે, વીતરાગતા એ જ આત્માનું હિત છે.'

'ભાવપ્રતિષ્ઠા' કોને કહેવાય ?

પરમાત્મા હિતનો ઉપદેશ આપે છે કે:

'આત્માને આત્મામાં સ્થાપન કરવામાં હિત છે.'

આત્મદ્રવ્ય તે કારણ-પરમાત્મા છે,

તેમાં લીન થનાર કાર્ય-પરમાત્મા બને છે.

કારણ-પરમાત્માના શ્રદ્ધા-જ્ઞાન-લીનતા વડે જેણે
શુદ્ધ આત્માની હૃદયમાં પ્રતિષ્ઠા કરી, તે ભાવપ્રતિષ્ઠા છે.
કારણ-પરમાત્મા, કાર્ય-પરમાત્મા, વાચક-પરમાત્મા
અને સ્થાપ્ય-પરમાત્મા, એમ ચાર પ્રકારે પરમાત્મા છે,
તે જ ઉપાસ્ય છે, સેવ્ય છે, ધ્યેય છે.

આત્મામાં જે પરમાત્માની સ્થાપના કરે,
તેને મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શનાદિ ગુણ પ્રગટે છે.
જેને મોક્ષમાર્ગ કહે છે, તે પણ કારણ-પરમાત્મા જ છે.
સ્વભાવ તરફ વળવું, તે ભાવનમસ્કાર છે.

'આસાતની' કોણ કહેવાય છે ?

જે માનવ રાગને આદરણીય માને,
તે વીતરાગ પ્રભુને અનાદરણીય માને છે, માટે આસાતની છે.

'નિર્વિકલ્પ' કોણ કહેવાય છે ?

દેહાદિ પરમાં આત્માના સંકલ્પ-વિકલ્પથી જે રહિત તે.

સં-૨૦૨૮, ભાદરવા સુદી-૪, સોમવાર, તા. ૧૧-૯-૭૨

સંગ્રહનયથી આત્મા એક છે. 'एगो आया'

સર્વ પર્યાયોમાં અનુસ્યૂત એક દ્રવ્ય છે અને સર્વ જીવદ્રવ્યોમાં અનુસ્યૂત એક જીવત્વ જાતિ છે. ઉપયોગ લક્ષણથી સર્વ જીવો એક છે, એ રીતે દ્રવ્ય-દૃષ્ટિએ એક આત્માનું નિરૂપણ કર્યું. ઇતરો અદ્વૈતવાદથી એક આત્માને માને છે, તે આ રીતે ઘટી જાય છે. 'એકેશ્વરવાદ, પરમાત્મા, અલ્લાહ કે ખુદા કે ભગવાન (God) એક જ છે અને તે સર્વનું શુભ જ કરે છે, ચરાચર વિશ્વ ઉપર તેનું જ એક પ્રભુત્વ છે' વગેરે વિચારો દ્રવ્યદૃષ્ટિથી અથવા કે દ્રવ્યાર્થિકનયને મુખ્ય કરીને વિચારવાથી યથાર્થપણે ઘટી જાય છે. 'તે ઈશ્વરની સાથે પોતાને પિતા-પુત્રનો સંબંધ છે અથવા અંશ-અંશભાવનો સંબંધ છે, ભિન્ન હોવા છતાં કથંચિત્ અભિન્ન છે' વગેરે વિચારો પર્યાયાર્થિક નયની સાથે દ્રવ્યનો વિચાર કરવાથી ઘટી જાય છે.

God is one & oneness with God is
to be realised for liberation,
for perfect peace and bliss.

## અભેદનયથી એકત્વ સત્ય છે.

દ્રવ્યનમસ્કાર વચન તથા કાયાના વ્યાપાર છે અને ભાવનમસ્કાર એ મનની એકાગ્રતા વડે થાય છે. વ્યવહાર નમસ્કાર ગુરુ - ગુરુણીને ઉદ્દેશીને છે તથા

નિશ્ચય નમસ્કાર અભેદ ચિન્તનથી છે.

'જેને તું નમે છે, તે તું જ છે.'

નમસ્કાર સ્વરૂપ ઉપયોગ એ ભાવનમસ્કાર અને ઉપયોગથી અભિન્ન પોતાના આત્માની નમસ્કાર્યથી અભેદની પ્રતીતિ, તે નિશ્ચય નમસ્કાર કહેવાય છે. પોતાનો આત્મા નમસ્કારાત્મક ઉપયોગથી જ અભિન્ન છે અને નમસ્કાર્યનું જે સ્વરૂપ તે પોતાનું પણ સ્વરૂપ છે. આમ અંતરાત્માને વિષે પરમાત્માના ગુણોનો સંસર્ગારોપ અને પરમાત્માનો અભેદારોપ રૂપ સમાપત્તિ થાય છે, એ ધ્યાનનું ફળ છે, તે ક્ષીણવૃત્તિવાળાને ઉત્પન્ન થાય છે.

### ક્ષીણવૃત્તિનો અર્થ

રજોમલ - તમોમલ જે ચિત્તમાંથી ચાલ્યા ગયા છે અને નિર્મળ સત્ત્વ - ચિત્તની નિર્મળતા - સ્વચ્છતા - શુદ્ધતા પ્રગટ થઈ છે, તેવી અવસ્થામાં પ્રથમ સંસર્ગારોપ અને તે પછી અભેદારોપ થાય છે.

અર્હદાદિ આકારવાળો ઉપયોગ થયા બાદ
તે ઉપયોગની વિશુદ્ધિ થવાથી પરમાત્મરૂપ આત્મગુણ
અને આત્મદ્રવ્યનો પ્રતિભાસ થાય છે, તેથી
મલશુદ્ધિ માટે યમ - નિયમાદિ અનુષ્ઠાનો અને
ઉત્તરોત્તર ગુણોના સંગ્રહરૂપ વિશિષ્ટ પ્રયત્ન અપેક્ષિત છે.
ત્યાર બાદ ધ્યાતા-ધ્યાનાદિ વડે સમાધિ યા સમાપત્તિ થાય,
તે સમાપત્તિ જ સર્વ અનુષ્ઠાનોનું પરમ ફળ છે.
દ્રવ્ય - ગુણ - પર્યાયના ધ્યાન - ધ્યાતા આત્મસમાપત્તિનું
કારણ હોવાથી અર્હદાદિનો ઉપયોગ પરમ પ્રયોજનભૂત છે.

બાહ્ય - આંતર પરિણામનો પરસ્પર સંબંધ

અહિંસા ધર્મ અંતઃકરણના શુભ પરિણામરૂપ છે,
જે બાહ્ય ધર્માચરણથી જાગે છે, વધે છે, દૃઢ થાય છે.
બાહ્યથી આંતરનો ભાવ અને આંતરથી બાહ્યનું આચરણ,
એમ પરસ્પર સંબંધ છે. જે કોઈના પ્રત્યે પ્રેમ છે,
તેના પ્રત્યે પોતાનું બાહ્ય વર્તન પણ અનુકૂળ થાય જ.
તે ન થાય, ત્યાં પ્રેમનો અભાવ સાબિત થાય છે.
આંતરમાં પ્રેમના બદલે ક્રોધનો ભાવ હોય,
તો બાહ્ય પ્રવૃત્તિ પણ પ્રતિકૂળ જ થાય છે.
આમ બાહ્ય - આંતરનો પરસ્પર સંબંધ છે.

જ્યાં આંતરભાવ હોય અને બાહ્યપ્રવૃત્તિઓ
તે ભાવ મુજબ ન દેખાય, તો ભાવ ખોટો છે અથવા
બીજું કોઈ પ્રતિબંધક તત્ત્વ છે, તેમ સમજવું.
તે રીતે બાહ્યપ્રવૃત્તિ હોય અને આંતરભાવ ન જાગતો
હોય, તો ત્યાં પણ પ્રતિબંધક તત્ત્વની હાજરી સમજવી.
તે પ્રતિબંધક તત્ત્વને દૂર કરવાનું સાધન પણ
બાહ્ય સદાચરણ જ હોય છે.

નાના છોકરાને ભણવા ઉપર પ્રેમ ન હોય, તો તે પ્રેમ
ઉત્પન્ન કરવા માટે પણ તેને ભણવા રોજ મોકલાય,
તો એક દિવસ ભણવા ઉપર તેનો પ્રેમ જાગે છે.
એટલે બાહ્યમાં ધર્મના આચરણથી આંતરમાં ધર્મનો પ્રેમ
જાગવાનો પૂરો અવકાશ છે. આંતરમાં ધર્મના ભાવ હોય,
તો સહેજે બાહ્યધર્મનું આચરણ કરાવે છે.

આંતરના ભાવની પ્રતીતિ બાહ્ય આચરણ જ છે.
ધર્મ પ્રત્યે પ્રેમ વધારવાના લક્ષ્યથી જ ધર્મક્રિયા કરાય છે
અને આંતરમાં ખરેખર ભાવ છે, તેને પ્રમાણિત કરવાનું
સાધન પણ બાહ્યપ્રવૃત્તિ જ છે. ધર્મ, ધર્મ-પર્વ, ધર્મતીર્થ
વગેરે ધર્મસામગ્રી આપનાર અને તેની આરાધના દ્વારા
મહાપુણ્યના બંધમાં હેતુ પરંપરાએ પ્રભુ જ છે, તેથી

એમ માનવું જોઈએ કે
પરમાત્માની ભક્તિ જેટલી કરાય, તેટલી ઓછી જ છે.

## ધર્મક્રિયાઓનું સેવન શા માટે અનિવાર્ય?

બિમારીમાં દવા લેવા સાથે આજીવિકા માટે ધંધો,
શરીર ટકાવવા માટે અન્ન - જળ - વસ્ત્ર - મકાનાદિનું
સેવન ચાલુ રખાય જ છે ને?
તે જ રીતે જ્યાં સુધી રાગાદિ દોષો નિર્મૂળ ન થાય,
ત્યાં સુધી રોજેરોજ ઔષધની જેમ
તેના પ્રતિપક્ષ ગુણોનું સેવન ચાલુ રહેવું જોઈએ.
જેમ વિષોતાર માટે વિષ પૂરેપૂરું ન ઉતરે, ત્યાં સુધી
મંત્રાક્ષરોનું પુનઃ પુનઃ સ્મરણ આવશ્યક રહે જ છે,
તેમ રાગાદિ દોષોનું ઝેર નિર્મૂળ ન થાય, ત્યાં સુધી તેને
ઉતારનાર પ્રતિપક્ષ ધર્મક્રિયાઓનું સેવન અનિવાર્ય છે.
અહીં કંટાળો કે ઉદ્વેગ એ ઔષધ ઉપરના ઉદ્વેગ બરાબર
અને રોગનો આદર કરવા બરાબર છે.

'પરમાત્મદ્રવ્ય આપણા આત્મદ્રવ્યથી જુદું છે'
એમ જ્યાં સુધી આપણે સૌ માનીશું, ત્યાં સુધી
પરમતત્ત્વનો Integral અનુભવ નહીં થાય અને
જે અનુભવ હશે, તે પણ one sided જ હશે.

- Mehsana

## સાચા દેવ કેવા છે?

સાચા દેવ કેવળજ્ઞાની - સિદ્ધ આત્મા છે.
સાચા દેવ વીતરાગ ઉપરાંત વીતદ્વેષ છે.
સાચા દેવ નિર્મોહી, સકળ ઉપરાંત નિષ્કલ છે.
આ રીતે સાચા દેવ સર્વને જાણનાર અને જોનાર છે,
રાગ - દ્વેષરહિત હોવાથી તેઓ વીતરાગ - વીતદ્વેષ છે,
તેઓએ મહામોહનો નાશ કરેલો હોવાથી નિર્મોહી છે,
દેહધારી અવસ્થામાં સકળ છે અને
મોક્ષાવસ્થામાં નિષ્કલ એવા વિશ્વનો પ્રભુ છે.
આવા સ્વરૂપવાળા હોય, તે જ સાચા દેવ છે.
તેને શબ્દથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, બુદ્ધ કે જિન કહો,
તેમાં અર્થથી કોઈ ભેદ નથી. જે તેના તરફ પ્રેમ કરીને
ધ્યાન કરે છે, તેનું અવશ્યમેવ કલ્યાણ થાય છે.
સર્વ ક્લેશરહિત અને સર્વ ઉપર
સમભાવ રાખનાર હોય, તે જ સાચા દેવ છે.
જીવોમાં જે વિવિધતા છે, તે કર્મકૃત છે.
કર્મપ્રપંચથી જે મુક્ત છે, તે પરમાત્મા છે.
પરમાત્મા અશરીરી છતાં અનંત શક્તિથી પૂર્ણ છે.
તેમની આજ્ઞાનું આરાધન એ મુક્ત થવાનો માર્ગ છે.

રાગ-દ્વેષ-મોહવાળાઓમાં ઈશ્વરત્વની કલ્પના પણ કરવી,
તે અજ્ઞાન છે, મોહ છે. સર્વ ધર્મવાળાને પ્રમાણસિદ્ધ
ઈશ્વર હોય, તો તે એકમાત્ર વીતરાગ પરમાત્મા જ છે.
ધર્મ પણ વિશ્વમાં એક જ છે - જ્ઞાનાદિ દશ પ્રકારનો.
આત્મા સિવાય જે કાંઈ આત્માની સાથે રહેલું છે
અને જેના કારણે જન્માદિ દુઃખ ભોગવવા પડે છે,
તેનો નાશ કરવો, તેનાથી અલગ થઈ જવું, તે ધર્મમાર્ગ.
મોક્ષનો માર્ગ પણ એક જ છે અને તે લેશ્યાવિશુદ્ધિ.

શાક્તો તેને 'શક્તિ' કહે છે,

કોઈ તેને સત્ત્વશુદ્ધિ કહે છે, તો કોઈ પરમાર્થ કહે છે,
કોઈ તેને કુંડલિની જાગરણ કહે પણ અર્થથી તે એક જ છે.
મોક્ષમાર્ગનું સાધન જ્ઞાન - દર્શન - ચારિત્ર પણ એક
જ છે અને તેના ફળસ્વરૂપ મોક્ષ પણ એક જ છે.

મોક્ષમાં આત્મા સ્વસ્વરૂપમાં સ્થિત થાય છે.

કોઈ તેને સંસિદ્ધિ, કોઈ નિર્વૃત્તિ, કોઈ શાંતિ, કોઈ શિવ,
કોઈ બ્રહ્મ, કોઈ નિર્વાણ, અમૃત, શિવ, અક્ષય, અવ્યય
- એમ વિવિધ નામોથી કહે છે.

મોક્ષ શાંતિનું સામ્રાજ્ય છે અને સમસુખનો ભંડાર છે,
તે માટે પ્રયત્ન એજ પરમ કર્તવ્ય છે.

## આત્મપ્રેમ એટલે શું?

'સત્તાગત અનંત શક્તિમાન આત્મા છે અને
આત્મા એ પરમાત્મા છે' એમ જાણી
આત્મદૃષ્ટિએ આત્મા ઉપર પ્રેમ કરવો, તે આત્મપ્રેમ છે.
શુદ્ધ પ્રેમમાં આત્મભાન છે અને
પ્રેમના પ્રમાણમાં શુદ્ધ આત્માનો અનુભવ થાય છે,
તે વિષયનો પ્રેમ એ પ્રેમ નહિ પણ મોહ છે.

## સાચા પ્રેમનું લક્ષણ શું છે?

બીજાને શાંતિ આપીને પોતાને સુખી માનવું તે.
દાન એ પ્રેમની નીપજ છે.
જગત દયા કરનારના અભાવે જ દુઃખી છે.
આત્માની અનંત શક્તિ દબાયેલી પડી છે, તે
દયાળુ અને પ્રેમથી ભરેલાં મહાત્માઓના ઉપદેશાદિની
મદદથી જ તે શક્તિ ઘણી ઝડપથી બહાર આવે છે.
ક્રોધ અને પ્રેમને આપસમાં વિરોધ છે.
ક્રોધ કરનારમાં ધર્મના સિદ્ધાંતનું અજ્ઞાન અને
માનવસ્વભાવની સહજ નબળાઈ કારણભૂત છે.

o

Anger does not solve anything,
but it can destroy Everything.

## ક્રોધ પ્રેમથી જ જીતાય છે.

ક્રોધમાં વીર્ય ફોરવવું, એ દાનવ શક્તિ છે અને
ક્ષમામાં વીર્ય ફોરવવું, એ દૈવી શક્તિ છે.

(૧) મહાવીર ભગવાનનો ચંડકૌશિક સર્પ પ્રત્યેનો પ્રેમ અને અધમ એવા સંગમાસુર પ્રત્યેનો પ્રેમ અનુક્રમે ડંસસહન વડે અને અશ્રુપાત વડે દેખાઈ આવે છે.

(૨) શાંતિનાથ ભગવાનનો પારેવા ઉપરનો પ્રેમ પોતાનું માંસ આપવા વડે દેખાઈ આવે છે.

(૩) પાર્શ્વનાથ ભગવાનનો દુષ્ટ કમઠ પ્રત્યેનો પ્રેમ.

(૪) નેમનાથ ભગવાનનો રોતાં પશુઓ ઉપરનો પ્રેમ.

(૫) મુનિસુવ્રત સ્વામીનો અશ્વ ઉપરનો પ્રેમ.

(૬) સુદર્શન શેઠનો અભયારાણી ઉપરનો પ્રેમ.

(૭) મેતાર્ય મુનિનો ક્રૌંચ પક્ષી ઉપરનો પ્રેમ.

(૮) તીર્થંકર દેવોનો પોતાના સમવસરણમાં એકત્ર થયેલ પ્રાણીમાત્ર ઉપરનો પ્રેમ તો અવર્ણનીય હોય છે.

### હંમેશા એ વાત યાદ રાખો કે...

આત્મા અમર સ્વરૂપ છે, દોષો નાશ પામનારા છે.
દોષોને આત્માથી દૂર થવું જ પડશે,
તેથી અન્યના દોષોને મહત્ત્વ ન આપો.

શુભ ગુણો તરફ જુઓ, તો પ્રેમ પ્રકટશે.
પ્રેમ એ કેવળ લાગણી જ નથી, કિન્તુ તેની પાછળ
આધ્યાત્મિક શક્તિનું બળ છે. પ્રેમની એક સાચી ચીનગારી
પણ સમગ્ર વિશ્વને પ્રેમમય બનાવવા માટે સમર્થ હશે.

**પ્રેમ પ્રેમને પોષે છે.**

જેમણે સર્વ જીવો પ્રત્યે પ્રેમ ધર્મ - દાખવ્યો છે,
તેમને ધ્યેય બનાવી તેમના દયાળુ જીવનનો વિચાર કરો,
તો તે મહાન શક્તિ સાથે આંતરસંબંધ બંધાશે અને
સર્વ જીવો પ્રત્યે પ્રેમભાવ જાગશે.
જે તાર દ્વારા વિજળીનો પ્રવાહ ચાલી રહ્યો હોય, તેની
બીજે તાર મૂકશો, તો તેમાં પણ પ્રવાહ ચાલુ થઈ જશે.
જેમણે પોતાના જીવનમાં પ્રેમનો પ્રવાહ વહેવડાવ્યો છે,
તેમનામાં પ્રેમ રાખવાથી હૃદયમાં પ્રેમ પ્રગટવા માંડશે.

**આત્માનું અજ્ઞાન સર્વ દોષોનું મૂળ છે.**

તમારા સંબંધમાં આવતાં મનુષ્યોનું તે અજ્ઞાન હઠાવવા
અને આત્મશક્તિનું ભાન કરાવવા પ્રયત્ન કરો.
તેમ કરવાથી સંચય કરેલા પ્રેમનો સદુપયોગ થશે.
બાળકને આલંબન આપવાની સાથે સાથે બાળકના ગુણ
ગ્રહણ કરવા માટે બાળકનું આલંબન લેતાં પણ શીખો.

પોતે પ્રભુરૂપ બન્યા વિના પરમાં પ્રભુતા જોઈ શકાતી નથી.
મહાન પુરુષો જ બધામાં મહાનતા - પ્રભુતા જોઈ શકે છે.

## ગુરુની પાંચ શક્તિઓ

વિચાર એક શક્તિ છે.

દરેક શક્તિ પોતાના જેવી બીજી શક્તિ ઉત્પન્ન કરે છે.
સાચા ગુરુની શક્તિ એટલે જાહ્નવી પંચધારા, પંચગંગા.
(૧) સંગ્રહ - આવૃત્તચક્ષુઃ (૨) પ્રતિગ્રહ - સ્પર્શ, આવેશ
(૩) વિગ્રહ - મૂર્તતા of innerself (visibility)
(૪) પરિગ્રહ - અવતરણ (૫) અનુગ્રહ - બિનશરતી શરણ.

## Five currents of Guru

(૧) સંગ્રહશક્તિ = Condensation of scattered energy in the inner self.
(૨) પ્રતિગ્રહણશક્તિ = સ્વીકાર, acceptance.
(3) મૂર્તિમંત વિગ્રહશક્તિ = મૂર્તરૂપતા ધારણ કરે છે.
(૪) પરિગ્રહશક્તિ = Descent of the divine into cosmic field.
(૫) અનુગ્રહ = પરમાવધાર, શરણ, Shelter.

o

There is divine intelligence at the centre of each soul.

## 'પર્યુષણ' પર્વ શા માટે?

જ્યારે આત્મામાં ધર્મનો ઉદય થાય છે, ત્યારે એની બાહ્યદૃષ્ટિ સ્વરૂપદ્રષ્ટા બનીને અંતર્મુખી બને છે અને એ પોકારી ઉઠે છે કે 'મારા જેટલું કોઈ જ ખરાબ નથી'. જેઓ દુન્યવી ધમાલમાં અટવાઈને પોતાને ભૂલી ગયા છે, એમની આંખો ખોલવા માટે પર્યુષણ પર્વ આવે છે. આજના જીવનરક્ષકોએ જીવનનું મૂલ્ય ગમે તે આંક્યું હોય, જીવનું મૂલ્ય તો ઘટાડી નાંખ્યું જ છે અને

જીવ વિના જીવનનું મૂલ્ય જ શું હોય?

આને જ 'પર્યુષણ' કહે છે.

આત્મામાં સમસ્ત પ્રકારે વસવું,

એ તેનો આધ્યાત્મિક અર્થ છે.

જીવનનું વાસ્તવિક સત્ત્વ એમાં જ છૂપાયેલું છે. સર્વ જીવરાશિમાં રહેલ આત્મતત્ત્વના તિરસ્કારરૂપ મહાઅપરાધ અંગે સર્વ જીવરાશિની ક્ષમાપના તથા

'દેહ એ જ આત્મા'

એવા અનાદિના દેહાધ્યાસરૂપ વિપરીત બોધથી ભાવપ્રાણના નાશરૂપ અને તજ્જન્ય અનર્થોની પરંપરારૂપ મહાઅપરાધની ક્ષમાપના સંવત્સરી દિને કરવાની હોય છે.

વળી સંવત્સરી દિવસે અનંત ઉપકારી મહાપુરુષોની નિરન્તર વહેતી ભાવકરુણાની અવગણા અને ઉપરોક્ત અપરાધ-આશાતનાની ક્ષમાયાચના ગ્રહણ કરવાની હોય છે.

વિષયવૈરાગ્ય અને ગુણવૈરાગ્ય - ઉભય પ્રકારનો વૈરાગ્ય દૃઢ થાય, ત્યારે જ તે જ્ઞાનગર્ભિત બને છે, વિષયવૈરાગ્ય વિપાકના ચિંતનજનિત છે, ગુણવૈરાગ્ય આત્મસ્વરૂપના મનન, ચિંતન, નિદિધ્યાસનાદિ વડે સાધ્ય છે.

છલપ્રપંચમાં ફસાયેલા પ્રત્યે આપણે
નિશ્છલ વ્યવહાર કરીએ, એમાં જ આનંદ છે.

ક્રોધ - માન - માયા - લોભમાં સંસાર ફસાયેલો છે, એને જો આ ચક્રમાંથી બહાર કાઢવો હોય, તો ક્રોધાદિનો પરિત્યાગ કર્યા વિના એ કઈ રીતે સંભવિત બનશે?

ધર્મ એ વાદની વસ્તુ નથી - આત્મનિરીક્ષણની વસ્તુ છે.

પંડિત કૈલાશચંદ્ર શાસ્ત્રી કહે છે કે:

ધર્મ સહૃદયતાની વસ્તુ છે, જડતાની નહિ.

જે વ્યક્તિના હૃદયમાં માર્ગભ્રષ્ટો, ઉચ્છૃંખલો અને પાપીઓ પ્રત્યે કરુણાભાવ જાગતો નથી, તે ધર્મને પાત્ર નથી.

ક્રોધને પાત્ર જીવ ઉપર ક્રોધ ન કરીએ, એ જ ક્ષમા છે.

અવિનયીના અવિનય સામે વિનયી રહેવું, એ જ મૃદુતા છે.

શ્રી કલ્પસૂત્ર વ્યાખ્યાન ૬ પ્રમાણે ભગવાનનું સ્વરૂપ

કંસે સંખે જીવે ગગણે વાઊ ય સરય સલિલે ય ।
પુક્ખરપત્તે કુમ્મે વિહગે ખગ્ગે ય ભારંડે ॥૧॥
કુંજર વસહે સીહે નગરાયા ચેવ સાગરમક્ખોહે ।
ચંદે સૂરે કણગે વસુંધરા ચેવ હુયવહે ॥૨॥ (પરિશિષ્ટ-૧૫)

(૧) કાંસાના પાત્રની જેમ મુક્તતોય છે ભગવાનનું સ્વરૂપ.
(૨) શંખની જેમ નિરંજન. (3) જીવની જેમ અપ્રતિહતગતિ.
(૪) આકાશની જેમ નિરાલંબન સ્વરૂપ.
(૫) વાયુની જેમ અપ્રતિબદ્ધ ગતિ.
(૬) શારદ સલિલની જેમ શુદ્ધ હૃદય.
(૭) કમલપત્રની જેમ નિરૂપલેપ. (૮) કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય.
(૯) ગેંડાના શીંગડાની જેમ એકાકી. (૧૦) પક્ષીની જેમ વિપ્રમુક્ત.
(૧૧) કુંજરની જેમ પરાક્રમી. (૧૨) વૃષભની જેમ બળવાન.
(૧૩) ભારંડ પંખીની જેમ અપ્રમત્ત. (૧૪) સિંહની જેમ દુર્ધર્ષ.
(૧૫) મેરૂની જેમ અપ્રકંપ. (૧૬) સાગરની જેમ ગંભીર.
(૧૭) ચંદ્રની જેમ સૌમ્ય. (૧૮) સૂર્યની જેમ દેદીપ્યમાન.
(૧૯) જાતિમાન રૂવહ્નિની જેમ શુદ્ધ.
(૨૦) વસુંધરાની જેમ સર્વસહ.
(૨૧) સુહુત હુતાશનની જેમ તેજસ્વી.

## વિનયગુણ આચરે છે શું?

સર્વ પ્રકારના પાપોનો તજ્જન્ય દુઃખ અને દુર્ગતિઓનો નાશ કરનાર અને સર્વ પ્રકારના ધર્મંગળો અને તજ્જનિત સર્વ સુખ અને સદ્ગતિઓનો ઉત્પાદક એક વિનયગુણ જ છે. વિનયને પાત્રનો વિનય એ જ વિવેક પામ્યાનું વિશિષ્ટ ફળ છે.

વિનયગુણ કેવળજ્ઞાન પણ અપાવી શકે, તેવો ગુણ છે.

### કેવળજ્ઞાન

કેવળ નિજસ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ ...(૧)

'કેવળજ્ઞાન એટલે આત્મજ્ઞાન.'

તેનો અર્થ સર્વ જીવો વિશેનું ત્રૈકાલિક જ્ઞાન.

### સર્વજ્ઞત્વનો અસલ અર્થ એટલે...

આધ્યાત્મિક સાધનામાં ઉપયોગી સર્વ તત્ત્વોનું જ્ઞાન,
સાધનામાં ઉપકારક ત્રૈકાલિક સમગ્ર ભાવોનો સાક્ષાત્કાર.

આત્માનું ત્રૈકાલિક સહજ જ્ઞાન,
જેમાં સર્વ ભાવોનું પ્રતિબિંબ પડે છે અને
પોતાનું નૈશ્ચયિક સ્વરૂપ જણાય છે.

'સ્વપર વ્યવસાયિ જ્ઞાનં પ્રમાણમ્ ।'

આ વિશ્વમાં એક વ્યવસ્થા છે અને
ચરાચર વિશ્વનો નિયામક એવો કાનૂન પ્રવર્તે છે
કે જે અફર - unviolable - Immortal છે.
લૌકિક દૃષ્ટિએ આ વિશ્વ સાંકડું થયું છે, પરંતુ
માનસિક રીતે માનવ પરસ્પરથી બહુ દૂર થતો જાય છે.
ઈશ્વર બ્રહ્માંડના અણુ એ અણુમાં વ્યાપેલો છે.
આપણે જે કાંઈ કરીએ, ત્યાં ઈશ્વર હાજર જ છે.
આ બ્રહ્માંડ એ ઈશ્વરનું નિવાસસ્થાન છે.
God is omnipresent.
વળી God is truth.
Truth is eternal and infinite.
સત્ય, પ્રેમ અને અહિંસા જુદાં પડી શકતાં નથી,
તે ત્રણે પરસ્પર સંબંધિત છે.
આપણા પોતાના માટે પ્રેમ રાખીએ છીએ,
તેને વ્યાપક કરી સર્વ પ્રત્યે લઈ જવો જોઈએ.
આનું નામ જ ધર્મભાવના છે - ઈશ્વરભાવના છે.
માનવીના જીવનમાં તે પરિવ્યાપ્ત થવી જોઈએ.
જીવનના કેન્દ્રમાં સત્ય, પ્રેમ, અહિંસા રહેવાં જોઈએ.
ઈશ્વર એટલે સર્વવ્યાપી પ્રેમ અને સર્વવ્યાપી અહિંસા.

પદાર્થમાત્રમાં જીવન છે.
એ સર્વ જીવંત જીવનનો નિયામક એક ઈશ્વર છે.
બધા પરિવર્તનની પાછળ એક એવી ચેતનશક્તિ છે કે
જે અપરિવર્તનશીલ છે, સર્વને એકસૂત્રે સાંકળી રહેલ છે,
જે સર્જન, વિસર્જન, નવસર્જન કરી રહેલ છે.
આત્માની એ વ્યાપીની શક્તિ તે ઈશ્વર છે.
ઈંદ્રિયગ્રાહ્ય જ્ઞાન ટકી શકતું ન હોઈને
એક ઈશ્વર જ સનાતન અસ્તિત્વ ધરાવે છે.
ઈશ્વરી શક્તિ કેવળ કલ્યાણકારિણી જ છે,
કેમકે મૃત્યુની વચ્ચે જીવન ધબકતું રહે છે,
અસત્યની વચ્ચે સત્ય ટકી રહે છે,
અંધકારની વચ્ચે પ્રકાશ પ્રવર્તી રહે છે. એથી ઈશ્વર
એક જીવન છે, સત્ય છે, પ્રકાશ છે, પ્રેમ છે, પરબ્રહ્મ છે.
માત્ર બુદ્ધિને સંતોષે તે ઈશ્વર નહિ.
એક નિશ્ચિત સાક્ષાત્કાર દ્વારા જ તે પ્રાપ્ય છે.
ઈંદ્રિયાતીત સાક્ષાત્કાર નિર્ભેળ સત્ય છે.
એ બાહ્ય પુરાવા દ્વારા નહિ પણ અંતરમાં
તેનો વાસ જેણે અનુભવ્યો છે, તેમના બદલાયેલા
વર્તન અને ચારિત્ર દ્વારા જ પુરવાર થઈ શકે છે.

ઈશ્વરના અસ્તિત્વની હકીકતને
પોતાની જાત ઉપર જ કસોટીએ ચઢાવવા ઈચ્છનાર
એક જીવંત શ્રદ્ધા વડે જ તેમ કરી શકે.
શ્રદ્ધા તર્કને અતિક્રમી જાય છે.

જ્ઞાનમાં શાંતિ છે, રાગમાં આકુળતા છે,
માટે જ્ઞાન એ આત્માનું લક્ષણ છે, રાગ નહિ. જેને
આત્મસુખની અભિલાષા છે, તેને માટે શાસ્ત્રોપદેશ છે.
જેને સંસારની કે પુણ્યફળજનિત સુખાભિલાષા છે,
તેને માટે શાસ્ત્રોપદેશ નથી, કેમકે તેને જિજ્ઞાસા જ નથી.

દેહ નાનો હોય છતાં બુદ્ધિ અધિક હોય,
દેહ મોટો હોય અને બુદ્ધિ અલ્પ હોય, તેથી
દેહની સાથે જ્ઞાનગુણનો સંબંધ નથી.

રાગ-દ્વેષાદિ દોષો આકુળતા લક્ષણવાળા છે અને
સ્વપરને જાણતા નથી. જ્ઞાન-દર્શન વગેરે ગુણો
સ્વપરને જાણવાના સ્વભાવવાળા છે અને નિરાકુળ છે.

અંતર્મુખ થતાં તે વેદાય છે તથા
ચિત્તની એકાગ્રતા વડે સ્વસંવેદિત થાય છે.

'આત્મામાં પરમાત્મશક્તિ છે' એવો વિશ્વાસ કરે છે,
તેને બહિરાત્મપણું છૂટી અંતરાત્મપણું પ્રાપ્ત થાય છે

અને પોતાની ચૈતન્યશક્તિમાં લીન થઈને તેમાંથી જ પરમાત્મદશા પ્રકટ કરે છે. આત્મસ્વભાવની પ્રતીતિ કરી તેમાં જે લીન થાય, તે જ્ઞાનાવરણીયાદિ કર્મનો ઘાત કરી આત્માની પરમાનંદ દશાને પ્રાપ્ત કરે છે. 'જે સમજે તે થાય', પોતાની સ્વભાવશક્તિને જે સમજે છે, તેને તે શક્તિમાંથી પરમાત્મદશા પ્રકટે છે.

ઉપનિષદોનો વિષય ક્યારે વધુ ખીલશે ?

ઉપનિષદોનો વિષય શ્રોતાઓના નાના વર્તુળમાં અને તેને યોગ્ય વાતાવરણમાં વધુ ખીલી શકે, કારણ કે એ વિષય જેટલો વિચારણાનો છે, તેથી વધુ અનુભૂતિનો છે.

- યશોધર મહેતા

o

God is immanent - નિકટવર્તી in the universe. I believe in His powers.

God is an infinite circle.
Centre everywhere,
circumference nowhere = સ્વદૃષ્ટિ.
man is an infinite circle.
It's Circumference is everywhere
and centre nowhere = પરદૃષ્ટિ.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૪)**

'ૐ'નું ધ્યાન : હિતકારી છે, જય પમાડનારું છે, ભદ્ર-કલ્યાણ-મંગલ-શિવ-તુષ્ટિ-પુષ્ટિ કરનારું છે, સિદ્ધિને આપનારું છે, નિવૃત્તિનું કારણ છે. (૧) નિર્વાણ અને અભય આપનાર છે, કલ્યાણ-શુભ-ધૃતિ-આનંદ આપનાર છે, મતિ-બુદ્ધિને આપનાર છે, લક્ષ્મીની વૃદ્ધિ કરનાર, સંપત્તિનું સ્થાન છે. (૨) ત્રૈલોક્ય અક્ષરમય 'ૐ'નું જે યોગીઓ અહીં સ્મરણ કરે છે, તેઓના આલોક-પરલોકના ભય નાશ પામે છે. (૩) ચોવીસ તીર્થંકરો દ્વારા જિનશક્તિથી વિભૂષિત આ 'ૐ' પરમેષ્ઠિમય અને સિદ્ધચક્રમય છે. (૪)

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૬)**

ચંદ્ર જેવા ઉજ્જવલ અરિહંત ભગવંતો, રક્તવર્ણના સિદ્ધ ભગવંતો, સુવર્ણવર્ણના આચાર્ય ભગવંતો, મરકત જેવા નીલવર્ણના ઉપાધ્યાય ભગવંતો, શ્યામવર્ણના સાધુ ભગવંતો સુખ આપો. - શ્રી માનતુંગસૂરિ, નવકાર સાર થવણં, ગાથા ૭

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૭)**

કેટલાંક કહે છે કે ધન વિનાનો મનુષ્ય જઘન્ય છે. કેટલાંક કહે છે કે ગુણ વિનાનો મનુષ્ય જઘન્ય છે. જ્યારે સર્વ વેદ-પુરાણના જ્ઞાતા વ્યાસમુનિ કહે છે કે ભગવાનના સ્મરણ વિનાનો મનુષ્ય જઘન્ય છે. જેમના નામનું કીર્તન સર્વ પાપોનો નાશ કરે છે, જેમને કરેલો પ્રણામ સર્વ દુઃખનું શમન કરે છે, તે હરિને હું નમસ્કાર કરું છું.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૭૮)**

કલ્યાણરૂપી બીજનો વિકાસ કરવા માટે અમૃતરૂપી મેઘ સમાન ચતુર્વિધ સંઘ મન, વચન, કાયા વડે હંમેશા શ્રી મોક્ષરૂપી શાસનનો સાર (મૈત્ર્યાદિ ભાવો) (પ્રાપ્ત કરવા)માં પ્રયત્ન કરો. ૦ સુર-અસુર-કિન્નર-મુનિવર-ગંધર્વ વડે નમન કરાયેલા ચરણયુગલવાળા આપનો જય થાઓ. સંપૂર્ણ, નિર્મળ કેવલજ્ઞાનવાળા જિનેશ્વરોના સમૂહ! આપનો જય થાઓ. આપને નમસ્કાર થાઓ.

## પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૮૨)

જેમ વૈભવ ચાલ્યો જાય તો યોગી શોક કરતો નથી, વૈભવ મેળવવાની ઈચ્છા કરતો નથી અને પ્રાપ્ત થઈ જાય તો હર્ષ કરતો નથી, તેમ જ આનંદપૂર્ણ અને સ્વજ્ઞાનમાં લીન થયેલો યોગી મૃત્યુથી કયારેય બાધા પામતો નથી. ૦ આ લોકમાં બે પુરૂષો છે : ક્ષર, અક્ષર. સર્વ જીવો ક્ષર પુરૂષ છે અને કૂટસ્થ નિત્ય આત્મા અક્ષર પુરૂષ છે. બીજા છે, તે ઉત્તમ પુરૂષ છે, તે 'પરમાત્મા' કહેવાય, જે ત્રણે લોકમાં વ્યાપીને રહેલા હોવાથી ઈશ્વર-અવ્યયરૂપને ધારણ કરે છે. - ગીતા, અ.૧૫, શ્લોક ૧૬/૧૭

## પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૦૦)

આહાર, વિહાર, ક્રિયા-કાર્યમાં, સુવા અને જાગવામાં નિયમિત - પ્રમાણોપેત થવાથી યોગ એ દુઃખ દૂર કરનાર થાય છે.

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૦૮-૧૦૯)

અધ્યાત્મ-ધ્યાન-યોગને મુખ્ય કરીને અંતરંગ પ્રયત્ન કરવો યુકત છે, કારણકે સકલ યોગશાસ્ત્રમાં તેને જ સારભૂત કહ્યો છે.

૦ મોક્ષપ્રાપ્તિ માટે જે મુખ્ય અંતરંગ પ્રયત્ન કરવાનું કહ્યું છે, તે અધ્યાત્મ અને ધ્યાનયોગરૂપ સમજવો. ચિત્તને આત્મામાં એકાગ્ર કરવું તે અધ્યાત્મ અને ધ્યાન-યોગ ઉપેક્ષાસંયમરૂપ છે, જે સંકિલિષ્ટ ચિત્તના નિરોધ સ્વરૂપ છે. આ અધ્યાત્મ-ધ્યાનયોગમાં જ પ્રયત્ન કરવો યુકિતયુકત છે, કેમકે સઘળા ય યોગશાસ્ત્રોમાં પરમ સંવરરૂપ અધ્યાત્મ-ધ્યાનયોગને જ સારભૂત કહ્યો છે.

૦ એ પરિણત થયે છતે આનંદમાં પણ પરિવર્ધન થાય છે અને એ જ રીતે સાધુઓ 'જીવનમુકત' કહેવડાવવા યોગ્ય છે. - ગાથા ૧૯૧

૦ અધ્યાત્મધ્યાનયોગ જ્યારે આત્મા સાથે એકમેક બની જાય છે, ત્યારે સમભાવનું સુખ ચોતરફથી ઉભરાય છે. ધ્યાન અને સમભાવ એકબીજાને નિષ્કંપ - દ્રઢ અને સ્થિર કરવામાં હેતુ છે. - શ્રી યોગશાસ્ત્રમાં પ્રકાશ ૪, ગાથા ૧૧૪

૦ કહ્યું છેઃ 'સમભાવ વિના નિષ્કંપ બનતું નથી અને ધ્યાન વિના સમભાવ સ્થિર થતો નથી, માટે બંને પરસ્પર એકબીજાના હેતુભૂત છે.'

० નિશ્ચયનયથી તથાપરિણત આત્મા એ જ ઉપાય છે. વ્યવહારનયથી કલ્યાણમિત્ર વગેરેનો યોગ જાણવો. - ગાથા ૧૯૩

० આ જૈનશાસનમાં આચારને અનુલક્ષીને બે નયો દર્શાવાયા છે. નિશ્ચયનય સૂક્ષ્મદ્રષ્ટિથી આચારોનું નિરૂપણ કરે છે તથા વ્યવહારનય સ્થૂલદ્રષ્ટિથી આચારોનું નિરૂપણ કરે છે. નિશ્ચયનય કહે છે કે પ્રકૃષ્ટ કોટિના અધ્યાત્મ ધ્યાનનો ઉપાય આત્મા પોતે જ છે. કેવો આત્મા? જેને પ્રબળ મોહનીય કર્મના આવરણના ક્ષયોપશમથી શુદ્ધ પરિણામનો ઉદય થયો છે, તેવો આત્મા. નિશ્ચયનયના મતે કુર્વદ્રૂપ એટલે કે વિના વિલંબે કાર્યોત્પાદક ભાવને જ કારણરૂપે માનવામાં આવે છે. વ્યવહારનયથી અધ્યાત્મ-ધ્યાનયોગની પ્રાપ્તિનો ઉપાય કલ્યાણમિત્રનો યોગ વગેરે જાણવા. વ્યવહારનયથી જે એક પદાર્થના બીજા ભાવ પ્રત્યે અન્વય-વ્યતિરેક ઉભય હોય, તે પદાર્થને તે ભાવપ્રત્યે કારણ માનવામાં આવે છે.

(૧) ''ઈતરસકલકારણ સામગ્રીની વિદ્યમાનતામાં કારણરૂપે અભિપ્રેત એક પદાર્થ હોતે છતે અન્ય ભાવનું અસ્તિત્વ હોવું અને (૨) તે પદાર્થના અભાવમાં તે અન્ય ભાવનું અસ્તિત્વ ન હોવું.'' આને (૧) અન્વય અને (૨) વ્યતિરેક કહેવાય.

કલ્યાણમિત્ર યોગથી ઈતર સકલ અપુનર્બંધકભાવાદિ કારણસામગ્રીની વિદ્યમાનતામાં કલ્યાણમિત્ર યોગ હોય તો ભૂંડી વાસનાઓના વિનાશ આદિ દ્વારા અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે, કલ્યાણમિત્રના અભાવમાં તે નથી થતી, આ પ્રમાણે કલ્યાણમિત્ર યોગને અધ્યાત્મ પ્રત્યે અન્વય-વ્યતિરેક હોવાથી કલ્યાણમિત્ર યોગ આદિ અધ્યાત્મનો હેતુ સિદ્ધ થાય છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૧૦)**

પોતાની સ્વસ્થતા અને યોગ્ય કાળ મુજબ પોતાના સહજ અધિકૃત શાશ્વત આત્મસ્વરૂપની ભાવનામાં તલ્લીન બનવું, તે અધ્યાત્મધ્યાન છે. આરંભમાં આ અધ્યાત્મધ્યાન બાળક અવસ્થાની જેમ મંદ કક્ષાનું હોય છે, પરંતુ એના જ સતત નિરંતર સબહુમાન અભ્યાસથી ચરમ કક્ષાના અધ્યાત્મધ્યાનમાં આરોહણ થાય છે, પ્રવેશ થાય છે. જેમ જેમ કારણીભૂત ભાવમાં ઉત્કર્ષ સધાતો જાય છે, તેમ તેમ તેનું કાર્ય પણ વધારે ને વધારે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે. - ઉપદેશ રહસ્ય, ગાથા ૧૯૮

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૨૧)

તેથી અજ્ઞાનરૂપી પવનને જીતીને આર્તિ અર્થાત્ દુઃખ-પીડારૂપી બોરડી વડે કેળના સ્તંભ સમાન કોમળ મનને ઘસાતું અટકાવ. (૭૧૬) સર્વ પદાર્થ ભલે હો પણ તેમાં ચિત્તનો રાગ દુઃખદાયી છે. જેવી રીતે નખ માંસમાં લાગેલો હોય, તે તૂટે તો દુઃખદાયી છે પણ તેનાથી છૂટ્ટો હોય તો વેદના થતી નથી. (૭૧૭)- પાર્શ્વચરિત્ર સ્તવ, ૨

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૨૩)

દુઃખેથી પ્રવેશી શકાય એવામાં સૂક્ષ્માતિસૂક્ષ્મ, વિશ્વના સર્જનહાર, અનેક રૂપવાળા, વિશ્વમાં વ્યાપીને રહેલા શિવ - પરમાત્માને જાણીને અત્યંત શાંતિ પામે છે.

- શ્વેતાશ્વતર

૦ પ્રાણને પાંચ દિવસના મહેમાન જાણીને તેની માટે કોણ રાગ કે દ્વેષ કરે? અને કોણ પોતાનો કે પારકો ગણાય?

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૫૦)

ભગવાને કહ્યું : પંચ પરમેષ્ઠિ નમસ્કાર સ્મરણનું નિશ્ચે આવું માહાત્મ્ય છે અને એનાથી ભદ્રકભાવવાન, શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિ જીવ સર્વવિરતિ અને સર્વવિરતિ પામેલો જીવ મોક્ષસુખને જલ્દી પામે છે.(૧) અને વળી ધાન્ય સાથે ઘાસ પણ પ્રાપ્ત થાય, એમ એનાથી સુખ, સૌભાગ્ય, રૂપ, લક્ષ્મી, સ્વામીપણું અને દેવપણું પ્રાપ્ત થાય છે. (૨) આ પ્રમાણે સર્વ ગુણસ્થાનક પ્રાપ્ત કરવાનું કારણ, મહાપ્રભાવી, આલોક અને પરલોકમાં સુખ આપનાર આ નવકારમંત્ર એ શ્રેષ્ઠ મંત્ર છે. (૩)

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૫૩)

ચતુષ્પાદમાં રહેલા અંતર્જીવાત્માના ૪ સ્થાનો નાભિ, હૃદય, કંઠ તથા મસ્તક છે. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય - એમ જીવની ૪ અવસ્થામાં અનુક્રમે આહ્નીય, ગાર્હપત્ય, દક્ષિણ અને સભ્ય નામના અગ્નિ, જાગૃત અવસ્થામાં બ્રહ્મા, સ્વપ્ન અવસ્થામાં વિષ્ણુ, સુષુપ્તિ અવસ્થામાં રૂદ્ર અને તુરીય અવસ્થામાં અક્ષર ચિન્મય છે.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૭૭)

સર્વ ઈચ્છાઓથી નિવૃત્ત થયેલો હું મનની વિકલ્પજાળનો નિરોધ કરું છું. બધાં જીવોનો હું ભાઈ છું, બધી સ્ત્રીઓનો બાળક છું. (૧) સર્વ યોગનિરોધ કરીને શુદ્ધ સામાયિકમાં રહેલ, અત્યંત સ્થિર થયેલા હે સિદ્ધ ભગવંતો! આપ મને જૂઓ. (૨)

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૮૧)

'હું એકલો છું, મારું કોઈ નથી અને હું પણ કોઈનો નથી'.
આવું અદીનમનથી અર્થાત્ જરા ય નિરાશ થયા વિના પૂર્ણ ઉલ્લાસથી વિચારતાં પોતાના આત્માને સમજાવવો.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૨૦૬)

ભગવાન એ કાંસ્યપાત્ર સમાન છે. જેમ કાંસ્યપાત્ર પાણીથી આર્દ્ર થતું નથી, તેમ પ્રભુ રાગાદિથી આર્દ્ર ન હતા. ભગવાન શંખની જેમ રાગાદિરહિત હોવાથી નિરંજન હતા. પ્રભુ (પરભવ કે મોક્ષમાં જતાં) જીવની જેમ સર્વત્ર અસ્ખલિત ગતિવાળા હતા. આકાશની જેમ અન્યના આધારની અપેક્ષા ન હોવાથી નિરાલંબન હતા. ભગવાન ક્યાંય પણ અવસ્થાન કરતાં ન હોવાથી વાયુની જેમ અપ્રતિબદ્ધ હતા. શરદઋતુના સ્વચ્છ તળાવની જેમ કપટાદિ કલુષતા ન હોવાથી શુદ્ધ હૃદયવાળા હતા. કમળના પાંદડાની જેમ કર્મલેપથી રહિત હતા. કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય હતા. પંખીઓની જેમ અનિયત આવાસવાળા હોવાથી વિપ્રમુક્ત હતા. ગેંડાના શિંગડાની જેમ રાગાદિ વિનાના હોવાથી એક હતા. પ્રભુ ભારંડપંખીની જેમ અપ્રમત્ત હતા. પ્રભુ કર્મશત્રુ પ્રતિ હાથીની જેમ શૂર હતા, તો મહાવ્રતના વહનમાં વૃષભની જેમ સક્ષમ હતા. પરિષહાદિ પશુઓને જીતવામાં સિંહ જેવા દુર્ધર્ષ હતા. ઉપસર્ગાદિ સામે મેરૂની જેમ અચળ હતા. હર્ષ-શોકના પ્રસંગમાં પણ સાગર જેવા ગંભીર હતા. શાંત હોવાથી ચંદ્ર સમ સૌમ્ય હતા. તો જ્ઞાન અને દેહકાંતિથી સૂર્ય જેવા તેજવાળા હતા. ભગવાન કર્મમળરહિત થવાથી સોનાની જેમ દીપ્ત હતા. પૃથ્વીની જેમ પ્રભુ ઠંડી-ગરમી વગેરે બધું સહન કરી લેતા હતા તથા ભગવાન સારી રીતે પ્રગટેલા અગ્નિની જેમ તેજસ્વી હતા.




ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૨ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## નવતત્ત્વ = પરમાત્માની વાણીનો સંગ્રહ




જીવ - અજીવતત્ત્વમાં સંસારનો વિસ્તાર છે.

પુણ્ય - પાપતત્ત્વમાં વિષમ સંસારની ભયાનકતાનું વર્ણન છે.

આસ્રવ - બંધતત્ત્વ સંસારનાં કારણો છે.

સંવર - નિર્જરાતત્ત્વ સંસારથી છૂટવાનાં સાધન છે.

મોક્ષતત્ત્વ એ આત્માની ઊંચામાં ઊંચી અવસ્થા છે.

આમ નવતત્ત્વ એ પરમાત્માની વાણીનો સંગ્રહ છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in